## પ્રકરણ:૫

## વાર્તાકાર દલપત ચૌહાણ

વાર્તાનું સ્વરુપ માણસને આકર્ષતું રહ્યુ છે.પોતાની વાત લોકો સુધી પહોચાડવા માટે માણસ લેખનનો સહારો લે છે.પણ અભિવ્યક્તિનું આ લેખિત સ્વરુપ તો ઘણું મોડું વિકસીત થયું એ પહેલા પણ મૌખિક રુપે માણસ અભિવ્યક્ત થતો રહ્યો છે.વાર્તા રે વાર્તા એમ વાર્તા એ મનોરંજનનું સાધન હતું.વિશ્વના કોઈપણ દેશમાં આ વાર્તાનું તત્વ સમાજજીવનમાં અસ્તિત્વમાં હતું.હાલ વાર્તાનું જે શિષ્ટ સ્વરુપ અસ્તિત્વમાં છે એની સાથેનો પરિચય ભારતીય સમાજજીવનને અંગ્રેજોના સંપર્કમાં આવ્યા પછી થયો.ગુજરાતી સાહિત્યમાં વાર્તાના આ સ્વરુપે વિવિધ વળાંકો લીધા છે.અનુઆધુનિક ગુજરાતી સાહિત્યની ત્રણ ધારાઓમાં દલિત સાહિત્યધારાએ પોતાની એક વિશિષ્ટ ઓળખ ઊભી કરી છે.દલિત વાર્તાકારોમાં મોહન પરમાર,હરીશ મંગલમ,દલપત ચૌહાણ,ધરમાભાઈ શ્રીમાળી જેવા વાર્તાકારો પોતાની વાર્તાઓ દ્વારા દલિત સમાજજીવનનું એક અલગ વિશ્વ પ્રસ્તુત કરે છે.એમાંથી મોહન પરમાર,હરીશ મંગલમ અને દલપત ચૌહાણ ઉત્તર ગુજરાતના દલિતોનું સમાજજીવન એની તળપદી બોલીમાં લઈ આવે છે.દલિત સાહિત્ય એ સામાજિક આંદોલનના રુપે અસ્તિત્વમાં આવ્યું હતું તેથી તેનો ઉદેશ્ય પણ સહેતુક હતો/છે.દલિત સર્જક પોતાના દલિત સમાજ પ્રત્યે પ્રતિબદ્ધ છે.દલિત અસ્મિતા તેમજ તેની ઓળખ પ્રસ્થાપિત કરવી એ દલિત સર્જકની અનિવાર્યતા છે.આમ સહેતુક લખાતું દલિત સાહિત્ય સાહિત્યના કોઈને કોઈ સ્વરુપમાં રચાય છે તેથી તેને કળાસંદર્ભ પણ ધ્યાનમાં લેવો પડે છે.વિષયવસ્તુ, ભાષા, બોલી, પરિવેશ, રચનાપ્રયુક્તિ,પાત્રો,વસ્તુસંકલના એ બધું પણ અંકે કરવું પડે છે.અને તેની કસોટીમાંથી પાર થવું પડે છે.

વાર્તાકાર તરીકે દલપત ચૌહાણ પાસેથી આપણને  દલિત સમાજજીવનના વિવિધ પાસાઓને આલેખતી વાર્તાઓ મળે છે.દલિત સાહિત્ય પ્રવાહના આરંભિક સર્જકોમાંના તેઓ એક સર્જક છે.તેમની પાસેથી વાર્તાઓ ઘણી મળે છે જે ગ્રંથસ્થ ઘણી મોડી થાય છે.તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ‘મૂંઝારો’ઈ.સ.૨૦૦૨માં મળે છે.ત્યારબાદ બીજો વાર્તાસંગ્રહ‘ડર’ઈ.સ.૨૦૦૯માં મળે છે.ત્રીજો વાર્તાસંગ્રહ‘ભેલાણ’૨૦૧૩માં મળે છે.હાલ પણ  વિવિધ સામયિકોમાં તેમની દલિત વાર્તાઓ પ્રકટ થાય છે.જેની સંખ્યા એક વાર્તાસંગ્રહ થાય તેટલી છે.આમ ઈયત્તાની દ્રષ્ટિએ તેમની પાસેથી પુષ્કળ વાર્તાઓ મળે છે.

ગુજરાતી દલિત સાહિત્યમાં‘તો પછી’(૧૯૮૩)કાવ્યસંગ્રહથી પ્રવેશ કરનાર દલપત ચૌહાણ પાસેથી ત્રણ વાર્તાસંગ્રહો મળે છે.૧.‘મૂંઝારો’ ૨.‘ડર’ અને ૩.‘ભેલાણ’. વિષયવસ્તુની દૃષ્ટિએ પ્રતિબદ્ધ એવા દલપત ચૌહાણની મોટાભાગની વાર્તાઓ દલિત સમસ્યા કેદ્રિત રહી છે.આ ત્રણેય વાર્તાસંગ્રહોમાં દલિત સમાજ સાથે જોડાયેલી લગભગ તમામ સમસ્યાઓને નિરુપિત કરવાનો પ્રયત્ન તેમણે કર્યો છે.‘મૂંઝારો’એ તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ પ્રગટ થાય છે ઈ.સ.૨૦૦૨માં પણ એમાં સમાવિષ્ટ વાર્તાઓ અલગ અલગ સામયિકોમાં છપાયને ક્યારનીયે પ્રગટ થઈ ચુકી હતી.નવા લેખકને-સર્જકને માટે સાહિત્યસૃષ્ટિમાં પ્રવેશ મેળવવો અને એમાં પણ દલિત સર્જકને માટે આ બાબત કઠીન છે.‘મૂંઝારો’

વાર્તાસંગ્રહ તેમણે સવાયા દલિત સાહિત્યકાર પ્રવીણ ગઢવીને અર્પણ કર્યો છે.તેમનો આ વાર્તાસંગ્રહ અન્યાયી વર્ણવ્યવસ્થા વિરુદ્ધ સામાજિક સમાનતાની ભાવનાને રજૂ કરે છે.ધાર્મિક પાખંડવાદને પણ રજુ કરે છે.'મૂંઝારો'વાર્તાસંગ્રહની પ્રથમ વાર્તા 'બદલો'મોહન પરમાર અને હરીશ મંગલમ દ્વારા સંપાદિત 'ગુજરાતી દલિત વાર્તા'માં સ્થાન પામી હતી.દલિતોએ સવર્ણો પ્રત્યે હમેશા કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કર્યો છે તેમ છતાં તેના બદલામાં દલિતોને હંમેશા તિરસ્કાર અને ઘૃણાનો જ ભાવ મળ્યો છે. દલપત ચૌહાણની ઘણી વાર્તાઓ આ વિષયને સંદર્ભિત કરે છે.વિષયવસ્તુની દૃષ્ટિએ બે-ત્રણ વાર્તાઓને બાદ કરતાં તમામ વાર્તાઓ દલિત સમસ્યાને નિરુપિત કરે છે.આ વાર્તાસંગ્રહમાંની તમામ વાર્તાઓ જોતા ભરત મહેતા જણાવે છે કે"બેહદ અત્યાચારોના કારણે દલિતોમાં બદલાની વૃત્તિ પણ જાગે છે.એવા સંવેદનની વાર્તાઓ દલપત ચૌહાણ પાસેથી મળે છે.એમના 'મૂંઝારો'સંગ્રહમાં એ પ્રકારની વાર્તાઓ એટલી બધી છે કે સંગ્રહનું નામ જ બદલો આપવાનું મન થાય"[૧]

ત્યારબાદ સાતેક વર્ષ પછી ઈ.સ ૨૦૦૯માં તેમની પાસેથી 'ડર' વાર્તાસંગ્રહ મળે છે.આ સંગ્રહમાં સોળ વાર્તાઓ ગ્રંથસ્થ થઈ છે.પરિશિષ્ટમાં અલગ અલગ સામયિકોમાં એમની વાર્તાઓ વિશેના વિવેચકોના પ્રતિભાવોને પણ મુકવામાં આવ્યા છે.જેમાં મુખ્યત્વે દીપક દોશી,અઝીઝ ટંકારવી,શરીફા વીજળીવાળા અને સુમન શાહ દ્વારા એમની વાર્તાઓ વિશે આપેલા મંતવ્યોને રજૂ કરવામાં આવ્યા છે.દલિત ચેતના પ્રત્યે પ્રતિબદ્ધ એવા આ દલિત સર્જક પાસેથી એમની વાર્તાઓમાં વિષય વૈવિધ્ય પણ જોવા મળે છે.લેખકના જીવનની વાસ્તવિકતાઓથી સંબંધિત સાચી ઘટનાઓનું સંયોજન પણ આપણને અહી જોવા મળે છે.એમાં દલિત જીવનના દુઃખ,પીડા,ઉદાસી,મૃત્યુ જેવા ગંભીર વિષયોની આસપાસ ફરતી વાર્તા રચનાઓની રચનારીતિમાં લેખકના અનુભવની દુનિયા અલગ અલગ રીતે પ્રગટ થાય છે.જેના કારણે 'ડર'વાર્તાસંગ્રહની વાર્તાઓ વાચક પર ઘેરી છાપ છોડી જાય છે.આ સંગ્રહની વાર્તાઓ આપણને દલિત સંવેદનાના અલગ વિશ્વમાં લઈ જાય છે.વિષયવસ્તુની દૃષ્ટિએ અહી માત્ર દલિત સમાજની સમસ્યા નિરુપિત ન થતા કોમી હુલ્લડોનો ભોગ બનેલા હિન્દુ-મુસ્લિમ પીડિતોની તેમજ સરહદે વસતાં દેશની રક્ષા કરતા સૈનિકોની વ્યથા-સંવેદનાને આલેખે છે.જોકે પ્રસ્તાવનામાં સર્જક નોંધે છે"હું દલિત સમાજની વાત કહેવા,રજુ કરવા કે સાહિત્યની ભાષામાં કહીએ તો ચિત્રિત કરવા પ્રતિબદ્ધ છુ.મારી વાતોમાં કશો ફેરફાર થાય એ મને ન ગમે,તેમ છતાય લેખનનું એકધારાપણું મને અકળાવે છે.કારણકે તેનાથી થોડી સ્થગિતતા આવવાનો ભય રહેલો છે.એકને એક બાબત સતત આવે તો લેખકની કુંઠિત મનોદશા થાય એ વિશે હું સભાન થતો જાઉ છું.મારે પ્રવાહિત રહેવું છે.છતાં મારા સમાજથી અળગા થવું નથી.અળગાપણાનું જોખમ મને પસંદ ન હોવાથી મેં એક વચગાળાનો માર્ગ સ્વીકાર્યો છે.દલિત જીવન સાથે સાથે તેઓની નજીક જીવતી જાતિઓ,ધર્મનાં લોકો વિશે લખવા પ્રેરાયો છું.એટલે હાથવગાં પ્રસંગો અને નજર સામે ઘટતી ઘટનાઓ આલેખવા મેં અન્યધર્મીઓ તરફ નજર દોડાવી.ત્યાં પણ દલિત સમાજ ખાસ આઘો કરેલ નથી.અહીં મેં પાંચ વાર્તાઓ મુસ્લિમ સમાજને કેંદ્રમાં રાખીને લખી છે.તેમાં બે વાર્તાઓ તો સીધેસીધી દલિત સમાજને સ્પર્શીને જ ચાલે છે."[૨]

"આમ જોઈએ તો,અહી સમાવેલી વાર્તા ઘટનાઓમાં ત્રણ પ્રકારની ઘટનાઓ છે.દલિત-ગરીબ,મુસ્લિમ અને યુદ્ધ(સૈનિક).આ વાર્તાઓમાં એક એવુ બિન્દુ ઉપસી આવે છે કે,આ કથાઓને દલિતોની કથા કહેવાનું મન થાય છે.દલિત એટલે કચડાયેલું/દબાયેલું/જેનું દમન થયેલુ છે તે.એટલે આપણે દલિતની વાત તો સ્વીકારી,જ્યારે મુસ્લિમને દલિત કહેતાં તેના ધર્મની વાતને આપણે અળગી રાખીને જોઈએ તો?ફૂટપાથ પર જીવન ગુજારતો,હુલ્લડોમાં ત્રસ્ત થતો-માર્યો જતો મુસ્લિમ,એક ચાલીમાંથી બીજી ચાલી અને એક ઝૂંપડપટ્ટીમાંથી બીજી ઝૂંપડપટ્ટીમાં સ્થળાંતર કરતો મુસ્લિમ,રોડ ઉપર જ પેટિયુ રડતો મુસ્લિમ...કહો કયા અહમદશાહ બાદશાહનું પ્રતિનિધિત્વ કરે છે?એ તો આર્થિક,(ધાર્મિક સિવાય)સામાજિક અને અન્ય કેટલીય બાબતોમાં દલિત છે.એટલે એય ક્યાંક ક્યાંક દલિત સમાજનું પ્રતિનિધિત્વ કરે છે.એક બે વાર્તાઓ સીવાય આ વાર્તાઓના નાયક તો દલિત છે એ ભૂલવા જેવું નથી."[3]

અહી આપણે જોઇ શકીયે છીએ કે લેખક સ્થગિતતાનાં ડરથી પ્રેરાયને આ સંગ્રહમાં દલિતજાતિની જોડાજોડ એમના જેવી જ પીડા-સંવેદના જેઓ અનુભવી રહ્યા છે એવા મુસ્લિમ કોમના લોકોની તેમજ આર્થિક લાભ હેતુ-મજબુરીવશ લશ્કરમાં જોડાતા સૈનિકોની વ્યથા-વેદનાનું આલેખન કરવાનો પ્રયત્ન તેમણે આ વાર્તાઓમાં કર્યો છે.

એ પછી 'ભેલાણ'વાર્તાસંગ્રહ તેમની પાસેથી ઈ.સ ૨૦૧૩માં મળે છે.આ સંગ્રહમાં કુલ સોળ વાર્તાઓ છે.મુખ્યત્વે કરીને આ સંગ્રહની વાર્તાઓ અસ્તિત્વ માટે સંઘર્ષ કરતી દલિત પ્રજાની પીડા,વેદના,અસ્પૃશ્યતા,અંધશ્રદ્ધા,વ્યસન અને પાત્રોના હૃદયની સંવેદનાને પ્રગટ કરતી રચનાઓ છે.આ વાર્તાસંગ્રહને આવકારતા મોહન પરમાર નોંધે છે"દલપત ચૌહાણનો આ ત્રીજો વાર્તાસંગ્રહ છે.પોતાના સાહિત્યકાળ દરમિયાન દલિત પ્રતિબદ્ધતાને વરેલા આ લેખક પાસે અનુભવનું ભાથું ઘણું જ છે.એમની નવલકથાઓ,વાર્તાઓ કે નાટકો તપાસતાં આ વાતનો સહેજે અણસાર આવી જશે.એ અનુભવોનું કૃતિઓમાં નિરુપણ કરે છે ત્યારે ઝીણામાં ઝીણી વિગતોમાં સંદર્ભદોષ રહી ન જાય તેની ખાસ તકેદારી રાખે છે.ભેલાણની વાર્તાઓને એમના અનુભવનો વિશેષ લાભ મળ્યો છે.વાર્તાની ઘટના સાથે અનુસ્યૂત પ્રસંગચિત્રણમાં અનુભવની પ્રત્યેક મુદ્રાને તે નિષ્ઠાપૂર્વક વાર્તા સાથે જોડે છે.સમાજના વિવિધ પાસાંના વણાટકામમાં તેઓ ઝીણવટપૂર્વક તાણાવાણા ગૂંથે છે.ભેલાણની વાર્તાઓ એ રીતે અનુભવસમૃદ્ધિથી છલોછલ છે."[૪]દલપત ચૌહાણે આ વાર્તાસંગ્રહમાં દલિત પ્રતિબદ્ધતાપૂર્વક વાર્તાઓની રચના કરી છે.'રઘવાટ','ભ્રમણા','સાહેબની થેલી','સોનાનાં સિહાસનની વાર્તા','લાલ મણકો ખરતું સ્વપ્ન?'જેવી પાંચેક વાર્તાઓને બાદ કરતા દલિત સમસ્યાઓ વાર્તાના કેંદ્રમાં રહેવા પામી છે.

આ ત્રણેય વાર્તાસંગ્રહોમાંથી પસાર થતા મેં આ વાર્તાઓમાં રજુ થયેલ દલિત સમસ્યાઓના આધારે વિભાગ પાડયા છે.આ વિભાગોનાં આધારે હું એ મારો અભ્યાસ રજૂ કરવાનું ધાર્યુ છે. તે જોઈએ

૧.દલિતસમાજમાં રહેલી સ્વમાનની ભાવનાને વ્યક્ત કરતી વાર્તાઓ:

અ.'ભૂખ'.

બ.'ના ખપે'

ક.‘કાળકામાની જે’

ડ.‘ગાંઠ’

૨.દલિતોના થતા સામજિક-આર્થિક-જાતિગત શોષણને વ્યક્ત કરતી વાર્તાઓઃ

અ.‘ઘર’

બ.‘ન્યાય’

ક.‘ડર’

૩.ઉપકારનો બદલો અપકારથી મેળવતા દલિતોની દુર્દશાનું નિરુપણ કરતી વાર્તાઓઃ

અ.‘બદલો’

બ.‘એરુઝાંઝરું’

ક.‘ગંગામા’

ડ.‘ઠંડુ લોહી’

૪.દલિતસમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધાને કેંદ્રમાં રાખીને લખાયેલી વાર્તાઓ

અ.‘હડકાયું કૂતરું’

બ.‘રોટલો’

૫.અન્ય વાર્તાઓ

ક.‘મૂંઝારો’

ખ.‘દરબાર’

ગ.‘વેઢ’

ઘ.‘ચીરું’

ચ.‘બા,વાળું આલજો’

છ.‘ચાંલ્લો’

જ.‘ડખો’

ઝ.‘દરસન’

ત.‘આળ’

થ.'ઘરાકવટી'

દ.'બૅટ'

૧.સ્વમાનની ભાવનાને વ્યક્ત કરતી વાર્તાઓ

દલિત સાહિત્યમાં દલિતચેતનાને ઉજાગર કરવા માટે દલિતોમાં રહેલી સ્વમાનની ભાવનાને અભિવ્યક્ત કરવી એ દલિત પ્રતિબદ્ધ સર્જકની અનિવાર્યતા છે.હજારો વર્ષથી દમિત-પીડિત અવસ્થામાં જીવતો રહેલો દલિત સમાજ પોતાને માનવીય ઓળખ મળે એ માટે વલખા મારતો હતો.સ્વમાન-સ્વાભિમાન જેવું દલિતોમાં કાંઇ હતું જ નહીં.મરવાના વાંકે જીવતો દલિત પોતાની સ્વાભિમાનની ચેતનાથી અજાણ હતો.આ માટે મનુવાદી વ્યવસ્થા જવાબદાર હતી.આઝાદી મળતા બંધારણીય અધિકારો પ્રાપ્ત થતા દલિત સામાજિક,આર્થિક,રાજકીય,શૈક્ષણિક એમ વિવિધ ક્ષેત્રે પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી.મનુષ્ય તરીકે તેણે પોતાની એક ઓળખ સ્થાપિત કરી.પોતાને થતા અન્યાય વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો.દલિતોમાં આવેલા આ પરિવર્તનને લઇ તેમની સ્વમાનની ભાવનાને અભિવ્યક્ત કરતી વાર્તાઓ દલિત સર્જકો પાસેથી મળે છે.દલપત ચૌહાણ પાસેથી દલિત સમાજજીવનની સ્વમાનની ભાવનાને વિષય બનાવતી વાર્તાઓ મળે છે જેમાં 'ભૂખ','ના ખપે','કાળકામાની જે','ગાંઠ' જેવી વાર્તાઓનો સમાવેશ થાય છે.

અ. 'ભૂખ':

આ વાર્તા સૌ પ્રથમ 'ગુજરાત દીપોત્સવી'માં પ્રગટ થઇ હતી જે 'મૂંઝારો' વાર્તાસંગ્રહમાં ગ્રંથસ્થ થઇ છે.

મોતીપરાનો મિચોર જાતિનો વાર્તાનાયક મુખીના કહેવાથી રામપરા રતનફૂઇને ત્યાં દોઢ મણ બાજરી માથે મૂકીને આપવા નીકળ્યો છે.પાંચ ગાઉનો પંથ કાપીને તે વિસામો ખાવા વગડામાં રાયણના ઝાડ નીચે બેઠો છે ત્યાંથી વાર્તાનો આરંભ થાય છે.ભર ઉનાળે ખરાં બપોરમાં તેને ખૂબ જ તરસ લાગી છે અને ભૂખથી તેના આંતરડામાંથી પણ અવાજ આવે છે.સવારે ઘરેથી તે માત્ર ઘેંસ અને છાસનો ડૂબો જ પીને નીકળ્યો હતો તેથી તેના ભૂખથી બેહાલ થયા હતા.વાર્તાનાયક પોતાની આવી સ્થિતિથી વેઠ-વારાની જિંદગીથી ત્રાસ અનુભવે છે અને તેના મોઢેથી શબ્દો સરી પડે છે

"દિચોર,દાડો ઉજ્યો કઅ;આ વેઠ લેઇન હેંડયા.પઇની પેદાશ નઇને ઘડીની નવરાશ નઇ,હાહરી આ તે કાંઇ જિંદગી કેવાય.પેલો માધોભા કોહ માટઅ બૂમો પાડઅ,પેલાં ચંચીફઇ પાવલાં પાવલાં કરઅ?ત્યાં આ મૂખી ફેંચાણો?બુનનએ બાજરી આલ્યા-વો?બિચારું સઅ,દિચોરનઅ મુજ મળ્યો."[૫]

પોતાને લાગેલી તરસ છિપાવા માટે તે વિચારે છે.હજી કેટલું દૂર છે?એ પણ તેના મનમાં રમ્યાં કરે છે.રાયણ નીચે દેખાતી પરબ જોઇને તેને ટાઢક વળે છે પરંતુ ત્યાં કોઇ હાજર ન હોવાથી મૂંઝવણમાં મુકાય છે.પોતે અસ્પૃશ્ય હોવાથી જાતે પાણી પી શકે એમ નથી તેથી પાછો બબળાટ કરતા બોલે છે

"હાહરાં બધા પરબે જાતે પાણી પીવે,કોઈ હોય તોય હું?ના હોય તોઈ હું?અમારે જ પરબે ના અડાય?અડીએ તો પરબ અભડઇ જાય,હત તમારું બેટ જાય?"[૬]

છેવટે તેને દૂરથી ડોસી આવતી દેખાય છે.આવતાં જ ડોસી વાર્તાનાયકને તેના નામ-ઠામ વિશે પૂછે છે.અહીં વાર્તાનાયક અને ડોસી વચ્ચેના સંવાદ દ્વારા વાર્તાનાયક મિચોર જાતિનો છે એની વાચકને જાણ થાય છે.પોતે રામપરા જઈ રહ્યો છે એમ ડોસીને જણાવે છે.ડોસી વાર્તાનાયકને પાણી પીવડાવે છે.પાણીથી તરસ છીપાતા વાર્તાનાયકને ચલમ પીવાની ઈચ્છા થાય ચે પણ દેવતા નથી.ડોસી મોતીપરા સાથેના પોતાના સંબંધની વાત વાર્તાનાયકને કરે છે.અજાજીએ નાતમાં શિરો ખવડાવ્યો હતો એ પ્રસંગની વાત કરે છે.તો વાર્તાનાયકને પણ પોતાનો ભુતકાળ યાદ આવે છે.નાતના જમણવારમાં તેણે ગળા સુધી શિરો ખાધો હતો.સર્જકે ફ્લેશબેક ટેકનિકનો પ્રયોગ કરી વાર્તાના ભૂતકાળને યાદ કર્યો છે..વાર્તાનાયકને વધેલો શિરો પણ ઘરે લઈ જવા દેવામાં આવ્યો નહતો અને ચાટમાં નખાવી દેવામાં આવ્યો હતો.એ યાદ આવતા વાર્તાનાયક હસી પડે છે.ડોસી વાર્તાનાયકને રતનફૂઈના સ્વભાવની વાત કરે છે.રતનફૂઈની સાસુનો સ્વભાવ સારો નથી એમ પણ કહે છે.વાર્તાનાયક પોતાને લાગેલી કકળતી ભૂખને જોતાં થોડોક આશાવાદી પણ બને છે.અહી સર્જકે વાર્તાનાયકની તીવ્ર ભૂખને કારણે એની થયેલી માનસિક સ્થિતિનું નિરુપણ કરે છે.

ગામમાં પહોચેલો વાર્તાનાયક એક આધેડ વયની વ્યક્તિને પૂછીને રતનફૂઈના ઘરે પહોચે છે.ઘરમાં પહોચતાં જ તે ચાટના પથ્થર સાથે ઠોકર ખાય છે.કૂતરાને એંઠવાળ નાખવાનો પથ્થર જોતાં જ તેને ચીડ ચઢે છે.ઘરમાંથી રતનફૂઈ આવે છે.મુખીભાએ પોતાને મોકલ્યો છે એમ કહે છે.પોતાના પિયરમાંથી આવેલો જોઈને રતનફૂઈ ખુશ થઈ જાય છે.અને તે અસ્પૃશ્ય છે એ વાતને જાણે કે તે ભૂલી જઈને પ્રેમપૂર્વક વર્તે છે.પરંતુ રતનફૂઈની સાસુ બન્ને વચ્ચેની વાતચીત સાંભળીને ઘરમાંથી જ બોલી પડે છે

"વઉ જો જો,પાસા ઈનઅ ઘરમઅ ઘાલતાં,તમે તો ઓહરીમઅ કોય,એ તો ઘરમઅ હેંડ્યો આવશે,ટોડલે હોળહંડું ઉતરાવોય?"[૭].આમ,રતનફૂઈની સાસુ અહી તેને યાદ દેવડાવે છે કે તે અસ્પૃશ્ય છે પરંતું એ બધું જ ભૂલી જઈને વાર્તાનાયકની સાથે રતનફૂઈ માનવીયતાભર્યો વ્યવહાર કરે છે જે તેની સાસુને પસંદ નથી આવતું.વાર્તાનાયકનું મન તો ભૂખમાં ચોંટેલું છે તેથી જ તે જાણે કે રતનફૂઈને ખાવા માટે આજીજી કરતો હોય એવી નજરે જોતો રહે છે.રતનફૂઈ તેને પાણી પીવડાવા આવે છે ત્યારે પાણી પીતા પીતા રતનફૂઈની સાસુના વચનો વાર્તાનાયક પર હૃદયાઘાત કરે છે.ચાટનું નામ સાંભળતા જ વાર્તાનાયકને ઉબકા આવી જાય છે.રતનફૂઈ રોટલા તૈયાર છે એમ કહી તેને લીમડા નીચે બેસવાનું જણાવે છે.રતનફૂઈની સાસુ વારંવાર પોતાના વેણ દ્વારા વાર્તાનાયકને અપમાનિત કરવાનું કામ કરે છે.તેને ચાટ પાસે બેસાડવાની વાત બેથી ત્રણ વખત કરે છે એલું જ નહી વહવાયા અને કૂતરાં તેમના મતે તો એક જ છે. આવા અપમાનજનક શબ્દો સાંભળીને જ વાર્તાનાયક કકળતી ભૂખ લાગી હોવા છતાં ખાધા વિના જ ત્યાથી પલાયન થઈ જાય છે. અહી આપણને વાર્તાનાયકનું સ્વમાન સ્પર્શી જાય છે.

આ વાર્તામાં સર્જકે સર્વજ્ઞ કથનકેંદ્રની કથનરીતિનો પ્રયોગ કર્યો છે.

આ વાર્તામાં સર્જકે ઉત્તર ગુજરાતની તળપદી ભાષાનો પ્રયોગ કર્યો છે.વાર્તાકથકની ભાષા શિષ્ટ છે તો વાર્તામાં આવતા પાત્રોની ભાષા તળપદી છે.આમ,બન્નેના મિશ્રણમાં સર્જકે ક્યાંય ભૂલ કરી નથી.વાર્તામાં આલેખાયેલી તળપદી ભાષા ઉત્તર ગુજરાતનો તળપદી પરિવેશ રચવામાં સાર્થક બને છે.

વાર્તામાં સર્જકે સંવાદનો પણ પ્રયોગ કર્યો છે.આ સંવાદો ટૂંકા અને માર્મિક છે.સર્જકે અહી વાર્તાનાયક પાસે એકોક્તિઓ પણ બોલાવી છે.જે વાર્તાના વિષયવસ્તુને ઉઠાવ આપે છે.તેમજ પાત્રના મનોસંચલનોને પણ સારી રીતે પ્રગટ કરે છે.જેમકે સુમસામ વગડામાં રાયણના ઝાડ નીચે બેઠેલો અને કોઈકના આવવાની રાહ જોતો વાર્તાનાયક જાત સાથે વાત કરતો હોય એમ બબડે છે

"દિયોર,દાડો ઉજ્યો કઅ,આ વેઠ લેઈને હેંડ્યા.પઈની પેદાશ નઈ ને ઘડીની નવરાશ નઈ,હાહરી આ તે કાંઈ જિંદગી કેવાય.પેલો માધોભા કોહ માટઅ બૂમો પાડઅ,પેલાં ચંચીફઈ પાવલાં પાવલાં કરઅ?ત્યાં આ મુખી ફેંચાણો?બુનનએ બાજરી આલ્યા વો?બિચારું સઅ,દિયોરનઅ મુજ મળ્યો."[૮]

"આખું જગ જપી જ્યું સઅ,પરબ ઉપરિયાં કોઈ નહીં?પાણી ચ્યમ કરીનઅ પીવું.આંય કોઈ ડોસીબોસી પાંણી પાનાર સકઅ નઈ."[૯]

આમ,સર્જકે વાર્તાનાયકમાં કરેલો સ્વગતોક્તિઓનો વિનિયોગ વાર્તાનાયકની આંતરિક સ્થિતિને પ્રગટ કરી આપે છે.તો રતનફૂઈની સાસુ પાસે બોલાવડાવેલા વાક્યો જૂઓ.રતનફૂઈ વાર્તાનાયક પોતાના પિયરમાંથી આવેલો હોવાથી જાણે પોતાનું સ્વજન હોય એવો વ્યવહાર તેની સાથે કરે છે ત્યારે ઘરમાં રહીને સાંભળતી રતનફૂઈની સાસુ બબડે છે

"વઉ જો જો,પાસા ઈનઅ ઘરમઅ ઘાલતાં,તમે તો ઓહરીમાં કોય,એ તો ઘરમઅ હેંડ્યો આવશે.ટોડલે હોડહંડું ઉતરાવોય?"[૧૦]

"ઈનઅ પાણી પોઈ,ઈંકણ લેંબડા નેચઅ બેહાડોઈ.હા...પાસા ઘરમાં...ઈનઅ સીરો અલાઈ...ઘરમાં ઘાલસો ભઈના ગોંમથી."[૧૧]

"રતન...ત્યાં હું કરોય,ઈનઅ ચાટ પાહણ બેહાડોય...હેંડો...લવજી તો બપોરાં કરી જ્યો.ઈના હાતર કોંમ ના પડતા મેલોય.હા...આ."[૧૨]

"ઈનઅ કુતરાંની ચાટ પાહણ બેહાડજો..."[૧૩]

આ વાક્યો વાર્તાનાયકના કાને સંભળાતા જ એનું સ્વમાન જાગે છે.અને તેથી જ વાર્તાના અંતે તે તીવ્ર ભૂખ લાગી હોવા છતાં જતો રહે છે.

વાર્તામાં આલેખાયેલા વર્ણનો પણ વાર્તાની ભાષાશૈલીને ઉઠાવ આપે છે..પાત્રના માનસને અભિવ્યક્ત કરે એ પ્રકારના વર્ણનો અહી આવતાં જોવા મળે છે. જેમકે વાર્તાનાયકને લાગેલી ભૂખ અને એના મનની સ્થિતિને આલેખતું આ વર્ણન જૂઓ

"એનું મન જમવા તરફ દોડતું હતું.એણે વિચાર્યું ગયે વખતે ભલપુરા વેઠ લઈને ગયો હતો ત્યારે મણિ માસીએ બાજરીના રોટલા દાળ અને પાશેર જેટલું રોટલાં ઉપર ઘી આપેલું રોટલોય કેવો મોટો કલાડી જેવડો.ખાતાં ખૂટે નહીં,કેટલાં ભાવથી ખવરાવ્યો હતો.એ જેમ જેમ વિચારતો ગયો એમ એમ એની ભૂખ વધતી ગઈ.પેટમાં ઉંદર બોલવા લાગ્યા.એ ચાલતાં ચાલતાં રસ્તામાં ઊભો રહ્યો.એણે ગામ તરફ નજર નાખી.ગામ હવે સામે જ દેખાવા માંડ્યું હતું.દૂરથી નળિયાં આરપાર નીકળતો ધુમાડો જોઈ એને જમવા માટેની ઈચ્છા ખૂબ જ વધી ગઈ,જેવો ગામમાં પ્રવેશ કર્યો તેવો જ રોટલા શેકાવાની વાસથી એનું નાક ભરાઈ ગયું.મોઢામાં મોળ વછૂટી;એ મોઢામાં લાળ ભેગી કરીને ઘટક કરીને ગળી ગયો.થોડુક થૂંક મોઢામાં બાકી રહેતાં થૂંકી નાંખ્યું."[૧૪]

તો રતનફૂઈની સાસુના "અમઅ ચૂંટવાવાળી...મું કું ઇમ કરોય,એ વેઠિયાં નઅ કુતરાં હરખા...હા...મું તો હારીસું તે વાટકો રાસ્યો સઅ,નકર ઇનઅ ચાટમઅ ખાવાનું આલોય"[૧૫]સાંભળતાં જ વાર્તાનાયકની થયેલી સ્થિતિનું લેખકે કરેલું આ વર્ણન જૂઓ

"છેલ્લાં શબ્દોએ એનો ઉપાડેલો પગ હવામાં જ રહી ગયો.એ પથ્થરની જેમ ખોડાઈ ગયો.જાણે સો મણનો ભાર કોઈએ માથા ઉપર મૂકી દીધો હોય એમ લાગ્યું.એની ભૂખ સાતમાં પાતાળે ધરબાઈ ગઈ.એણે ચાટ તરફ જોયું.ચાટનો પથ્થર મોટોને મોટો થતો જતો હતો.ચાટમાં શીરો ઊભરાતો જતો હતો.આજુબાજુ બસ કૂતરાં કૂતરાં.એ જાણે કૂતરો થઈ ગયો છે.શીરામાં મોઢું નાખે છે...વાઉ...વાઉ.એણે આંખો બંધ કરી દીધી.એ ધ્રુજી ગયો."[૧૬]વાર્તાનાયકને,પોતે કૂતરામાં બદલાય રહ્યો છે ની અનુભૂતિ તેના આંતરિક મનોસંચલનોને પ્રગટ કરી આપે છે.

આ વાર્તામાં સર્જકે વાર્તાનાયક સવારમાં માત્ર ઘેંસ અને છાશનો ડૂબો પીને જ આવ્યો હતો ની વાત બેથી ત્રણવાર પુનરાવર્તિત કરી છે તો રતનફૂઈની સાસુ પાસે વાર્તાનાયકને ચાટ પાસે બેસાડવાની વાત બેથી ત્રણ વખત કહેવડાવી છે જે મારી દૃષ્ટિએ તો વાર્તાદોષ નથી પણ વાર્તાનાયક વાર્તાના અંતે જે વિદ્રોહ કરે છે અને કકળતી ભૂખ લાગી હોવા છતાં જતો રહે છે તેને દૃઢ બનાવવામાં સહાયક બને છે.

આ વાર્તામાં સર્જકે સ્થળ-સમયને અનુરુપ પરિવેશનું આલેખન કર્યુ છે.સુમસામ વગડાના પરિવેશનું,બપોરના પરિવેશનું તો નાત જમણવાર સમયનું,રતનફૂઈના ગામના પરિવેશનું આલેખન સર્જકે યોગ્ય રીતે કર્યુ છે.

દલપત ચૌહાણની આ વાર્તામાં સવર્ણો દ્વારા દલિતોના થતા અમાનવીય શોષણનું તો નિરુપણ થવા પામ્યુ છે પરંતુ એની સાથોસાથ વાર્તાતે વાર્તાનાયકનું પ્રગટ થવા પામેલુ સ્વમાની વ્યક્તિત્વ આપણું ધ્યાન ખેંચી જાય છે.ખુમારી,સ્વમાન,પરોપકાર એ માત્ર ઉચ્ચ જાતિનો જ ઈજારો નથી પોતાનું સર્વસ્વ દાવે મુકીને પણ માનવધર્મ નિભાવવામાંથી દલિત પણ  પાછી પાની કરે એમ નથી.આ પ્રકારનું ચિત્ર આપણને ઝવેરચંદ મેઘાણીની'ભાઈ'વાર્તામાં મળે છે.'ભૂખ'વાર્તાનો દલિત નાયક ધોમધખતા તાપમાં ગામના મુખીની બહેનને પાચ ગાઉનો રસ્તો કાપીને દોઢ મણ બાજરીની ગાંસડી આપવા નીકળ્યો છે.ઘરેથી સવારે તે માત્ર થોડીક ઘેંશ અને છાસનો ડૂઓ પીને જ નીકળ્યો છે તેથી કકળતી ભૂખ તેને લાગી છે.રસ્તામાં

તરસ લાગતા,પાણીની પરબ સામુ હોવા છતા આભડછેટની બીકે જાતે પાણી પી શકતો નથી.અન્યના આવવાની રાહ જોઇને બેઠેલો નાયક અંતે ઝાડે ફરીને આવેલી ડોશીના હાથે પાણી પીવે છે.ડોશી સાથેની વાતચીત દરમ્યાન મુખીની બહેન રતનફોયના સ્વભાવની જાણકારી મળે છે.રતનફોય સ્વભાવે સારા પણ તેમની સાસું પંરપરાને અનુસરનારા છે એમ જાણવા મળે છે.પોતાના પીયરમાંથી આ દલિત આવ્યો હોવાથી રતનફોય તેની સાથે અનુકંપાપૂર્ણ વ્યવહાર કરે છે.ભરબપ્પોરે દોઢ મણ બાજરી લઇને રતનફોયના ઘરે પહોચેલા વાર્તાનાયકને રતનફોયની સાસુનો કડવો અનુભવ થાય છે.રતનફોય સારો વ્યવહાર કરે છે પણ તેમની સાસુને આ વાત ગમતી નથી અને રતનને ટોકતા કહે છે"અમઅ ચૂંટવાવાળી...મું કું ઇમ કરોય,એ વેઠીયા નઅ કુતરાં હરખાં.હા...મું તો હારીસું તે વાટકો રાસ્યો સઅ,નકર ઇનઅ ચાટમઅ ખાવાનું આલોય..."[૧૭]રતનફોયની સાસુના આવા શબ્દો સાંભળી વાર્તાનાયકને પોતાની પશુવત સ્થિતિનો ખ્યાલ આવે છે.આવો પશુવત વ્યવહાર પોતાની સાથે થતો જોઇ કકળતી ભૂખ લાગી હોવા છતાં રતનફોય રોટલો લઇને આવે એ પહેલા જ ત્યાંથી પલાયન થઇ જાય છે.નાયકનું આ સ્વમાની વ્યક્તિત્વ આપણું ધ્યાન ખેંચી જાય છે.માત્ર ભણેલો દલિત જ સ્વમાની હોય એવા પૂર્વગ્રહને આ વાર્તા નકારે છે.આ વાર્તા સંદર્ભે ડૉ.ભરત મહેતા નોંધે છે કે"ભૂખ વાર્તામાં પોતાના સઘળાં કામ મૂકીને ધોમધખતા તાપમાં સરપંચની બહેનને,રતનફૂઇને બોટી પહોચાડવા ગયો છે.રતનફુઇની સાસુ રતનફુઇને ધમકાવતી હોય છે-'એ વેઠિયાં નઅ કૂતરાં હરખા હા...મુ તો હારીસુ ને વાટકો રાસ્યો સઅ,નકર ઇનઅ ચાટમઅ ખાવાનું આલોય.'પોતાની પશુવત સ્થિતિ કથાનાયકને પીડે છે.લાગેલી અસહ્ય ભૂખને સાતમાં પાતાળે ધરબી દઇને દલિત કથાનાયક નીકળી પડે છે.ખુમારી,સ્વમાન,પરોપકાર એ સવર્ણોનો જ ઇજારો નથી.મેઘાણીની ભાઇ રચનાને ભૂખ સાથે સરખાવવા જેવી છે.રતનફૂઇનો દલિત નાયક સાથે પિયરનો હોવાથી અનુકંપાપૂર્ણ વ્યવહાર પણ વાર્તાને સંકુલતા આપે છે.ભૂખ સંયત નિરુપણના કારણે યાદગાર રચના બની છે"[૧૮]

ના ખપે:

આ વાર્તાનો નાયક શહેરી પરિવેશમાં રહે છે.ઘર બનાવવા માટે પોતાના વતનનાં ગામમાં આવ્યો છે.'હું'ના કથનકેંદ્રથી આ વાર્તાની માંડણી કરવામાં આવી છે.શહેરથી ગામમાં આવેલો વાર્તાનાયક ગામમાં ઘણુંબધુ પરિવર્તન આવેલુ જોઇ શકે છે તેમ છતા હજુ પણ તેને કશુંક ખૂટતુ લાગે છે.ઘરાકવટી પ્રમાણે ઘર બનાવવાનું કામ પોતાના ઘરાકને આપવાનું થતુ હોય મળવા આવેલો રામજી તેને યાદ દેવડાવે છે.ઉચી જાતિનાં કારિગર ડાહ્યાભાઇ ઘર બનાવવા તૈયાર તો છે પણ ચા-પાણી બાબતે મૂંઝવણ ઊભી થાય છે.ડાહ્યાભાઇ ચા-પાણી માટે અલગ વ્યવસ્થા કરવાનું સુચવે છે.ભણી ગણીને શહેરમાં રહેતો થયેલો વાર્તાનાયક ડાહ્યાભાઇની આ વાતને સારી રીતે સમજી જાય છે અને તેથી જ મફતમાં પણ ઘર બનાવી આપે તોય એની પાસે ન કરાવવાનું નક્કી કરે છે.વાર્તાનાયકનું આ સ્વમાની વ્યક્તિત્વ આપણું ધ્યાન ખેંચે છે.સાથે જ મકાનનાં કારીગર માટે ચા આવે છે ને એક રકાબી રામજી સામે ધરવામાં આવે છે.રામજી ફિક્કુ હસતા કહે છે"મને તમારી ચા ના ખપે,તમારી ચા તો ના પીવાય,કાલે મારી ઇયા સાસવારો સઅ,તમે તો મેમાન જેવા,કોકનઅ સાસ લેવા મોકલજો,મું દુણી ભરી સાસ આલોય!"[૧૯]આ સાંભળતા જ

વાર્તાનાયકનું સ્વમાની વ્યક્તિત્વ જાગી ઊઠે છે અને આક્રોશ સાથે કહી દે છે"જાને દિયોર તારી છાશ અમને ના ખપે."[૨૦].ડાહ્યા તપોધનને ફેંકેલું બીડીનું ઠુંઠું જીવાભાઇ પગથી રગદોળી બુઝાવી દે છે તે વર્ણન પ્રતીકાત્મક રીતે દલિત નાયકના વિચારોના વિજયની વાત કરી જાય છે. સવર્ણ દલિતને ન સ્વીકારે તો કાંઈ નહી પણ દલિત સામે ચાલીને સવર્ણનો ઓશિયાળો બનવા ન જાય તેવા વિચારને આ વાર્તા સારી રીતે આલેખે છે.ભણેલો શિક્ષિત દલિત હવે પોતાના સ્વમાનને ગીરવે મૂકી પરિસ્થિતિને વશ થાય એમ નથી એ ભાવ આ વાર્તામાં તારસ્વરે નિરુપાયેલો જોવા મળે છે.

આ વાર્તામાં સર્જકે પ્રથમ પુરુષ એકવચનની કથનરીતિનો પ્રયોગ કર્યો છે.અગાઉની વાર્તાઓની જેમ સર્જકે અહી તેમની પ્રિય ફ્લેશબેક ટેકનિકનો ઉપયોગ કર્યો છે.વાર્તાનો અંત આગવા મિજાજ સાથે આવે છે.ભણેલો શિક્ષિત દલિત હવે પોતાના આત્મસમ્માનને કોઈ પણ ભોગે જાળવવા પ્રતિબદ્ધ બન્યો છે.એનું વાસ્તવિક ચિત્ર વાર્તાના અંતમાં જોવા મળે છે.વાર્તાનાયક ચા રકાબીમા કાઢી રામજી સામે ધરે છે ત્યારે ફિક્કુ હસી બોલે છે

""મને તમારી ચા ના ખપે"

હું ચૂપચાપ રામજી સામે જોઈ રહ્યો.રામજીએ આગળ ઉમેર્યુ."તમારી ચા તો ના પિવાય,કાલે મારી ઈંયા સાસવારો સઅ,તમે તો મેમાન જેવા.કોકનઅ સાસ લેવા મોકલજો,મું દુણી ભરી સાસ આલોચ!"

આટલું સાંભળતાં તો મારો જીવ ઉપરતળે થઇ ગયો.ધૂંધલીમલની ડેરી,મીરાં દાતારનો છલ્લો,હનુમાનજીની દેરી,મહાદેવનું મંદિર,ગુલમોર,રબરનું ઝાડ,બધાં જાણે મારી આગળ પાછળ નાચવા માંડ્યાં.પૃથ્વી ગોળ ગોળ ફરવા માંડી.જાણે હમણા હું પડી જઈશ એમ લાગ્યું અને અનાયાસ મારા મોઢામાંથી શબ્દો સર્યા."જાને દિયોર તારી છાશ અમને ના ખપે"[૨૧] આમ,વાર્તાની શરુઆતમાં જે ગામ તેને બદલાયેલું લાગતું હતું એ ગામનું ચિત્ર વાર્તાનાં અંતમાં એવું જ જરીપુરાણું ભેદભાવભરેલું લાગે છે.

વાર્તાની ભાષા ચિત્રાત્મક,સાદી અને સરળ છે. શહેરમાં રહેતા અને ગામડે આવેલા દલિત નાયક-વાર્તાકથકની ભાષા શિષ્ટ છે તો ગામડાના પાત્રોમાં લોકબોલીનો પ્રયોગ થયેલો છે.સંવાદોમાં લોકબોલીનો પ્રયોગ ગામડાના પરિવેશને વધારે ઉઠાવ આપે છે.કડિયા-મજુરિયાની ટેવોનું નિુપણ ખૂબ જ ઝીણવટપૂર્વક થયેલું જોવા મળે છે.પેટાવાતી-પીવાતી-ફૂંકાતી બીડીઓ તથા રગદોળી બૂઝાવાતા ઠુંઠાનો સૂચક ઉપયોગ આ વાર્તાને સંકુલ બનાવે છે.

'ગુજરાતી નવલિકા ચયન ૧૯૯૯'માં આ વાર્તાનો સમાવેશ સંપાદક યોગેશ જોષીએ કર્યો છે.આ વાર્તા વિશે પોતાનો પ્રતિભાવ જણાવતા યોગેશ જોષી નોંધે છે કે"'ના ખપે' વાર્તામાં સાંપ્રત સમય જીવંત થઇ ઉઠે છે.વળી ચીલાચાલું ફોર્મ્યુલાને બદલે સૂક્ષ્મ રીતે દલિત મીજાજને બતાવાયો છે.ઝીણી ઝીણી રેખાઓ વાળું કે નાજુક વળાંકોવાળું એક જીવંત ચિત્ર આ વાર્તામાં મળે છે.દલપત ચૌહાણે દલિતોના ઈતિહાસને તથા સાંપ્રતને અંદરથી અને બહારથી પણ સૂક્ષ્મતાથી જોયો છે એનો સીધો અને સહજ લાભ આ વાર્તાને સાંપડ્યો છે."[૨૨]

કાળકામાની જે:

આ વાર્તા ‘ભેલાણ’ વાર્તાસંગ્રહમાં ગ્રંથસ્થ કરવામાં આવી છે.આ વાર્તાને સર્જકે છ ભાગમાં વિભાજીત કરીને રજૂ કરી છે. પ્રથમ ભાગમાં દલિત વાસનાં રેવાભગતની આગેવાનીમાં માતાજીનો ગરબો લઈને નીકળેલા દલિત ટોળાનું દશ્ય આલેખાયું છે.અંબામાએ સળગતો ગરબો માથે લીધો છે અને એમની પાછળ પાછળ દલિતવાસની સ્ત્રીઓ,પુરુષો અને સાથે બાળકો પણ ધિંગામસ્તી કરતા જઈ રહ્યાં છે.માતાજીનું નૈવેધ ચઢાવવા માટેની બધી સામગ્રી અને વ્યવસ્થાની જવાબદારી રેવા ભગતની છે.વાસની બહાર નીકળેલો ગરબો ઉગમણી ભાગોળે જવા વળે છે ત્યાં જ રેવા ભગત ટોળાને રોકે છે અને વાસની આથમણી દિશા તરફ જવાનું કહે છે.કાળકામાની દેરીએ ગરબો મૂકવાને બદલે ગરબાને અન્ય જગ્યાએ લઈ જવાનું સાંભળતા જ લોકો રેવા ભગતને સવાલ કરે છે.માતાજીની દેરી ગામલોકોએ લઈ લીધી છે તેથી હવે ત્યાં ગરબો મૂકી શકાય નહી એમ રેવા ભગત જણાવે છે.આમ કેમ થયું?એ જણાવવા માટે સર્જકે પીઠઝબકારની પ્રયુક્તિનો પ્રયોગ કરે છે.રાવણામાં બેઠેલા સરપંચે દેરીને ભવ્ય મંદિરમાં બદલી નાખવાની વાત રેવા ભગતને કરે છે.નવો રોડ થતાં,રોડ વચ્ચે આવતા માતાજીના દેરાને ગામ લોકો દલિતો પાસેથી પચાવી પાડે છે.રાવણામાં એકલા પડેલા ભગતે દેરી દલિતવાસની છે.એમ વાત મૂકવાનો પ્રયત્ન કર્યો પણ સરપંચ માન્યો નહી.વાસમાં પરત ફરેલા રેવા ભગતે બધી જ વાત જણાવી.સરકારી પડતર જમીન મંદિર બનાવવા માટે મળે એ માટે વાસના લોકોએ અરજી પણ કરી હતી પરંતુ એ પહેલા જ ગામે અવળચંડાઈ કરી દેરી પડાવી લીધી.વાર્તાકારે ત્યારબાદ ફરી વર્તમાનકાળમાં વાત ચલાવી છે અને હવે ગરબો આથમણી દિશાએ બે ચાર ઈંટો મૂકીને માતાજીનું થાનક બનાવી મૂકવામાં આવે છે.

બીજા ભાગમાં સર્જકે સવર્ણવાસનું દશ્ય આલેખ્યું છે.મંદિર બનાવવા માટે ગામમાં સાદ પડાવીને બધાંને એકઠા કરવામાં આવ્યાં છે.દલિત,દેવીપુત્ર,ઓડ અને રાવળવાસના લોકોને બોલાવવામાં આવ્યાં નથી તેથી કેટલાક લોકોએ દલિતોનો પક્ષ લેતાં તેમને બોલાવવાની વાત કરે છે.તો કોઈએ એમનાથી છેટાં રહેવાની વાત કરી.

ત્રીજા ભાગમાં પણ સર્જકે સવર્ણવાસનું દશ્ય આલેખ્યું છે.મંદિર બનીને તૈયાર થતાં માતાજીનો નવચંડીયજ્ઞ,ધજા આરોહણ અને ભંડારો કરવા નિમિત્તે ગામ ભેગું થયું છે.ગામને ધુમાડાબંધ જમાડવાની વાત કરવામાં આવે છે પણ પ્રશ્ન દલિતોનો આવીને ઊભો રહે છે.દેવીપુત્ર,રાવળ એ બધાને તો સાચવી લેવાશે પણ દલિતો માનશે નહી એવી આશંકા ગામને છે.કોઈકે એમનો જમાડવાનો મંડપ દૂર બાંધવાની વાત કરી તો કોઈકે પરંપરાગત રીતે દલિતો વાહણ લઈને જમવા આવે એમ જણાવ્યું.

ચોથા ભાગમાં ગામના સરપંચ અને પાંચ-દશ પંચાતિયાઓનું ટોળું દલિતોને ભંડારામાં જમવા આવવાનું આમંત્રણ આપવા વણકરવાસમાં આવે છે.દલિતવાસના આગેવાન ભગતના ઘરે પહોચેલા સરપંચ વાત કરે છે.સરપંચ ભગતને માતાજીના ભંડારામાં વાહણ લઈને જમવા આવવાનું જણાવે છે.ત્યારે

સ્વમાની ભગત એ રીતે જમવા આવવાની વાત નકારે છે.સૌની સાથે બેસીને જમાડશો તો જ આવીશું એમ કહે છે.સરપંચને આ વાત સાંભળી હાડોહાડ લાગી આવે છે પરંતું કાંઇ કહી શકતો નથી.

વાર્તાના પાંચમાં ભાગમાં સર્જકે ગામના ભંડારાનું દૃશ્ય આલેખ્યું છે.ગામેગામથી લોકો ભંડારામાં આવ્યા છે પણ એકમાત્ર ગામના દલિતો ભંડારામાં આવ્યા નથી.જે ચર્ચાનો વિષય બને છે.જો તેઓ નહી આવે જમાડવા જોઈએ એમ સૂચવ્યું.

વાર્તાના છઠ્ઠા ભાગમાં  સરપંચ એક બે સાધુ બાવા અને ગામના કેટલાક આગેવાનો સાતે વણકરવાસમાં આવે છે.સરપંચ ટીખળ તો બીજા ગામવાળા લોકો મહેણું મારશે તો ક્રોઈકે વધેલું ભોજન ફેંકી દેવા કરતાં દલિતોને બોલાવી સાથે વાત શરુ કરે છે.ભગતને માતાજીનો પ્રસાદ લેવા આવવાનું કહે છે.આજીજી વિનંતી કરવા છતાં સ્વમાનના ભોગે ભગત અને વાસના લોકો નહી આવવાનું જણાવે છે.અહી સ્વમાની વ્યક્તિત્વ વાચકને સ્પર્શી જાય છે.

'ભેલાણ' વાર્તાસંગ્રહમાની આ વાર્તામાં દલિતસમાજ સામાજિક પરંપરા સામે બંડ પોકારે છે અને સ્વમાન ખાતર ગામલોકોનાં આગ્રહ છતાં ગામના ભંડારામાં જતા નથી એટલુ જ નહી દલિતવાસમાં રહેતા ભટકતા કૂતરાઓ પણ ન જઈ શકે એ માટે બાંધી દે છે.આ બાબત દલિતસમાજમાં આવેલી જાગૃતતાનુ સુચન કરે છે.જે દેરીએ દલિતો પોતાની કુળદેવી કાળકામાની પૂંજા કરતા હતા એ દેરીને ગામની સરકારી જમીનમાં ખપાવી દઈ યૂક્તિપૂર્વક મંદિર બાંધવાનું નક્કી કરે છે.સવર્ણોની કુળદેવી પણ કાળકામાં હોવાથી ગામ ભવ્ય મંદિર બંધાવે છે.ત્યારબાદ નવચંડી યજ્ઞ,ધજા આરોહણ અને ભંડારો પણ રાખે છે.ગામને ધુમાડાબંધ જમાડવાનાં ભંડારામાં દલિતોને અલગ પંગતમાં બેસાડી જમાડવાનું નક્કી થાય છે.પણ આ વાત અપમાનજનક લાગતા દલિતવાસમાંથી કોઈ જતુ નથી તેથી ગામના સરપંચ દલિતવાસના મોભી રેવા ભગતને મળવા આવે છે.રેવા ભગતને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દે છે"જમાડવા વોય તો હૌવની લારે પંગતે બેહાડી જમાડજો.નકર જુદાં તો અમારાં કૂતરાયં એંઠવાડ નૈ ચૂથઅ?"[૨૩]રેવા ભગતના શબ્દો સાંભળી સરપંચને પગની પાનીથી માથાની ચોટી સુધી ઝાળ લાગી આવે છે.અહી દલિતવાસમાંથી કોઈ જન તો જમવા-પ્રસાદ લેવા તો જતુ નથી પણ સાથોસાથ વાસના કૂતરાય એ તરફ ન જાય એ માટે કૂતરાઓને બાંધી દેવામાં આવે છે.દલિતોમાં આવેલી જાગૃતિ અને એકતાનું સૂચન આ વાર્તા કરાવે છે.માતાજીનો ભગત હોવા છતાં વાર્તાનાયક રેવાભગત પોતાના સ્વમાનને ભોગે માતાજીનો પ્રસાદ લેવા પણ જતો નથી.

આ વાર્તામાં સર્જકે સર્વજ્ઞ કથનકેંદ્રની કથનરીતિનો પ્રયોગ કર્યો છે.જે વાર્તાના વિષયવસ્તુને અનુરુપ છે એમ કહી શકાય.વાર્તાકથક સર્વજ્ઞ હોવાથી વાર્તામાં બનતી દરેક હિલચાલને તટસ્થ રીતે સર્જક રજુ કરી શક્યા છે.

વાર્તાને સર્જકે ઉત્તર ગુજરાતની તળપદી ભાષામાં આલેખી છે.વાર્તાકથકની ભાષા શિષ્ટ છે તો વાર્તામાં આલેખાયેલા મૂખ્ય-ગૌણ પાત્રોની ભાષા તળપદી છે.અહી દલિત પાત્રોના મુખે બોલાયેલી તળપદી ભાષા અને સવર્ણ પાત્રોના મૂખે બોલાયેલી તળપદી ભાષામાં પણ સર્જકે યથાયોગ્ય કાળજી લીધી

છે.સમય બદલાયો છે અને દલિતોમાં જાગૃતિ આવી છે હવે તેઓ સ્વમાનને ગીરવે મૂકે એમ નથી તેથી જ આ વાર્તાના દલિત પાત્રોમાં ખાસ કરીને વાર્તાનાયક રેવા ભગતની ભાષામાં સ્વમાનનું તત્વ આપણને સ્પર્શી જાય છે.

આ વાર્તામાં સર્જકે સંવાદો પાસેથી પણ કામ લીધું છે.ટૂંકા અને માર્મિક સંવાદો વાચકને સ્પર્શી જાય એવા છે.આ સંવાદોમાં કટાક્ષ,હાસ્યનું તત્વ પણ જોવા મળે છે.ઉપરાંત આ સંવાદો પાત્રોના આંતરિક મનોસંચલનોને પણ પ્રગટ કરે છે.

વાર્તામાં સર્જકે ઉત્તર ગુજરાતના પરિવેશનું આલેખન કર્યુ છે.સર્જકે સમય અને સ્થળને અનુરુપ પરિવેશનું નિરુપણ આ વાર્તામાં કર્યુ છે.સર્જકે અહી ગરબો લઈને નીકળેલા દલિતોનું,ગરબો લઈને વાતાવરણનું,સવર્ણ વાસનું,ગામમાં યોજાયેલા ભંડારાનું,દલિત વાસનું એમ સમય અને સ્થળનને અનુરુપ પરિવેશનું નિરુપણ આ વાર્તામાં કર્યુ છે.

સમગ્ર વાર્તામાં મૂખ્ય પાત્ર રેવા ભગત અને ગૌણ પાત્ર ગામનો સરપંચ છવાયેલા રહે છે.સમગ્ર વાર્તા આમ જોઈએ તો સ્વમાનના પ્રતીક અને દલિત વાસના અગ્રણીરુપે રેવા ભગતના વ્યક્તિત્વને પ્રગટ કરે છે.

આ વાર્તા વિશે જણાવતા મોહન પરમાર નોંધે છે"કાળકામાની જે માં સામાજિક પરંપરાનો વિચ્છેદ છે.દલિતોની ડેરી હડપી લઈ ત્યાં ઠાકોરો મોટું મંદિર બનાવે છે.મહાયજ્ઞ-ભંડારા વખતે જમણવારમાં દલિતોને પણ નિમંત્રણ આપવામાં આવે છે,પણ જુદાં બેસાડીને.દલિતો એવી રીતે જમવાની ના પાડે છે.દર વખતે એ લોકોને તાંબે થતા દલિતોની એ ખુમારી જેવી તેવી નથી.પંગતે બેસાડીને જમાડવા હોય તો જમાડો નહિતર એંઠવાડ તો અમારાં કૂતરાય ખાશે નહિ... એવો જડબાતોડ જવાબ પરંપરા તોડવા માટે પૂરતો છે.એથીયે વિશેષ તો દલિતોએ તે દિવસે પોતાના વાસના કૂતરાંને બાંધી રાખી એંઠવાડ ચૂંથવા ન દઈને અદલિતોના મર્મસ્થાન પર ઘા કર્યો છે.આવી વાર્તાઓ કળાની દૃષ્ટિએ ભલે ઊણી હોય પણ અદલિતોનું માનસ પલટી શકવાની એમનામાં ક્ષમતા છે."[૨૪]

વાર્તાના શીર્ષકની વાત કરીએ તો વાર્તાના વિષયનું મૂખ્ય કેંદ્ર દલિતોની કુળદેવી અને ઠાકોરોની કુળદેવી કાળકામા અને તેમની દેરી છે.દેરીના કારણે જ અહી સવર્ણ અને દલિત આમને સામને આવ્યા છે.ઉપરાંત અહી સર્જકે વાર્તાના દરેક ભાગના અંતે કાળકામાની જે પાત્રો પાસે બોલાવડાવી છે જે સૂચક છે.જેના કારણે વાર્તાને અપાયેલું શીર્ષક યથાયોગ્ય છે.

ડ.ગાંઠઃ

આ વાર્તા 'ભેલાણ'વાર્તાસંગ્રહમાં ગ્રંથસ્થ થયેલી છે.આ વાર્તામાં દલિત પૂંજાદાદાનો મુખીએ કરેલા અપમાનનો બદલો કેંદ્રમાં હોવા છતાં પૂજાદાદા પોતાના થયેલા આ અપમાનને ભૂલ્યા વિના પ્રતિકારરુપે ગામમાં જવાનું,ઢોલ વગાડવાનું,ઘરાકપણું નિભાવવાનું છોડી દે છે એમાં એમના સ્વમાની વ્યક્તિત્વનો પરિચય થાય છે.પૂંજાદાદા પોતાના થયેલા આ અપમાનનો બદલો લેવા મનમાં ગાંઠ વાળે છે કે મુખીની

સામે જ ગામ વચ્ચે પોતે મૂછો આંબડશે.આ ગાંઠ છોડવામાં તેમનો આર્મીમાં જોડાયેલો દિકરો કાનજી રાઠોડ મદદરુપ થાય છે.રજાઓના દિવસોમાં ઘરે આવેલા કાનજી રાઠોડ સાથે ગામમાં જવા નીકળેલા પૂંજાદાદા તકને ઝડપી લઈ મુખીના ભાઈના લગ્નપ્રસંગે ગામના ચોરે ઓટલા ઉપર ચઢી જાય છે.દલિત પૂજાને ઓટલા ઉપર ચઢેલો જોઈ મુખી લાલચોળ થઈ જાય છે અને પૂંજાને મારવા લાકડી ઊગામવાનું નક્કી કરે છે પણ લસ્કરમાંથી આવેલા કાનજીને જોઈ શાંત પડે છે.આ પ્રસંગે સરપંચની હાર થાય છે તો બીજી તરફ પૂંજાદાદાના મુખ પર સંતોષની લાગણી છવાય જાય છે.

આ વાર્તા વિશે મોહન પરમાર નોંધે છે"ગાંઠ વાર્તાનો નાયક કાનો છે.પરન્તુ વાર્તા તો એના પૂંજાદાદાની છે.પૂંજાદાદાને સરપંચે કરેલા અન્યાયનો બદલો આ વાર્તાનો પ્રધાન સૂર છે.તેની પડખે વાર્તાના તાણાવાણા ગૂંથાયા છે.લશ્કરમાં ભરતી થયેલા પૌત્ર દ્વારા પૂંજાદાદા અપમાનનો બદલો લે છે.બદલામાં માત્ર વૈરવૃતિ નથી.ખુમારી છે.પોતાની જાતિનું અભિમાન છે.માનવ માનવ વચ્ચે વધતા જતા અંતરને નામશેષ કરવાની વૃતિ છે.અહી કથકની ભાષામાં કરેલા અખતરા ધ્યાનપાત્ર છે.સરહદ પરનો પરિસર પણ ધ્યાન ખેંચે છે.કાનાની સ્મૃતિમાં કૃતિ ઊઘડતી જાય તે જાતની રચનાપ્રયુક્તિથી કૃતિની આંતરત્વચા ઘડાઈ છે."[૨૫]

૨.દલિતોના થતા સામાજિક-આર્થિક-જાતિગત શોષણને વ્યક્ત કરતી વાર્તાઓઃ

અ.ઘર

દલિતસમાજ વર્ષોથી સામાજિક,આર્થિક,જાતિગત શોષણનો ભોગ બનતો આવ્યો છે.આઝાદી મળતા બંધારણને લીધે દલિતોની આ સ્થિતિમાં થોડો ઘણો સુધારો થયો હોવા છતાં હજુ પણ તેમને પેલી મનુવાદી દૃષ્ટિથી જોવામાં આવે છે.દલિતો આર્થિક રીતે સદ્ધર બને,તેમની આર્થિક સ્થિતિમાં સુધારો થાય,સવર્ણો જેવી રોજિંદી સુખ સાહ્યબીમાં વધારો કરે એવી સુવિધાઓનો ઉપયોગ દલિતો કરતા થાય એ વાત સવર્ણોથી સહન થઈ શકતી નથી.શહેરોમાં તો ઠીક પણ રુઢિચુસ્ત ગામડામાં વસતા દલિતને સવર્ણોની જોહકુમીનો,તેમના દ્વારા થતા અપમાન-અવહેલનાનો ભોગ વધારે બનવુ પડે છે.

'ઘર'વાર્તામાં વાર્તાનાયક કાળુને ઈંટોનું પાક્કુ ઘર બનાવવા ગામના મુખીની પરવાનગી લેવા ધરમધક્કા ખાવા પડે છે.પૈસાનો પ્રશ્ન એને નડતરરુપ નથી પણ પોતે અસ્પૃશ્ય-દલિત હોય ઈંટોનું પાક્કુ મકાન બનાવી શકતો નથી.આ માટે ગામની પૂર્વમંજૂરી લેવી અગત્યની છે.ત્રણ વર્ષથી રાહ જોઈને બેઠેલો કાળુ મુખી પથુભાને મનાવવા હરતાનજીને ત્રણ વાહણ દારુ પીવડાવે છે છતાં તે સાથે આવતો નથી.એ પછી પણ પોતાની વાત મુખી સુધી પહોચાડવા માટે હરતાનજીને બે રુપિયા રોકડા પકડાવે છે.અંતમાં મુખી ગામ વતી કાળુને ઘર બનાવવાની મંજુરી આપે છે પણ ગામ કહે એ પ્રમાણેનું મેડીબંધ નહી,હવા ઉજાસ માટે બારી રાખી શકાય એવુ નહી.ઘર બનાવતા બનાવતા સારો એવો આર્થિક લાભ કાળુને મુખીના મળતિયાઓને કરાવવો પડે છે.સરતાનજીને ખુશ રાખવા બકરો અને પાંચ રુપિયા આપવા પડે છે.મહામહેનતે ઘર તો તૈયાર થાય છે પણ ગામના ઈર્ષાભાવથી ઘરમાં રહેવા જતા પહેલા જ જાતિવાદી

સવર્ણો કાળુનું નવું ઘર સળગાવી દે છે.દલિતોની આ પ્રકારની દબાયેલી સામાજિક સ્થિતિનું નિરુપણ વાર્તાનાયક કાળુના થતા શોષણ દ્વારા કરવામાં આવ્યુ છે.

'ઘર'વાર્તા સૌપ્રથમ 'તાદર્થ્ય'સામયિકમાં પ્રગટ થઇ હતી.જે 'મૂંઝારો' વાર્તાસંગ્રહમાં સમાવિષ્ટ કરવામાં આવી છે.

મનુસ્મૃતિના કાયદાઓએ શુદ્રો અને સ્ત્રીઓ માટે ઘણાં અમાનવીય ફરમાન બહાર પાડ્યા હતા.શુદ્રોને શિક્ષા પ્રાપ્ત કરવાનો,સારુ ભોજન ખાવાનો,સારા કપડા પહેરવાનો અને વ્યવસ્થિત ઘરમાં નહી રહેવાનો અમાનવીય કાયદો ઘડી રાખ્યો હતો.ઘર વાર્તામાં સારી આર્થિક સ્થિતિ હોવા છતાં નિમ્ન જાતિના-અસ્પૃશ્ય જાતિના હોવાને લીધે વાર્તાનાયક કાળું ઈંટોવાળું પાકું ઘર પણ બનાવી શકતો નથી અને ઘર બનાવવા માટે ગામના ઉંચી જાતિના લોકોની પરવાનગી લેવી જરુરી બને છે આ માટે તેને ઘણી લાંચ પણ આપવી પડે છે અંતે ઘર બનવાની પરવાનગી મળ્યા બાદ ઘર બન્યા પછી એ ઘરમાં રહેવા જાય એ પહેલાં જ ઘરનો વિનાશ જાતિવાદી સવર્ણો દ્વારા  કરી દેવામાં આવે છે.આવી અમાનવીય ક્રુર વાસ્તવિકતાને આ વાર્તા આલેખે છે.વાર્તાનાયક કાળું અને તેની પત્ની પની નવું ઈંટોવાળું ઘર બનાવવાનું સ્વપ્ન સેવીને બેઠેલા છે.સતત ત્રણ વર્ષથી ગામના મુખી પાસેથી પરવાનગી મળે તે માટે તે એડીચોટીનું જોર લગાવી રહ્યો છે.પોતાના ઘરાક હરતાનજીની મદદથી તે વાત મનાવી લેવાનો પ્રયત્ન કરે છે.વાર્તાની શરુઆતમાં જ પત્ની સાથેની વાતચીતમાં વાર્તાનાયક કાળું પોતે ઢેડ હોવાથી સારું ઘર બનાવી શકે નહી અને ગામના લોકોથી ઢેડનું સુખ જોયું જતું નથી એ વાત આક્રોશ સાથે જણાવે છે.પની પણ આ વાત સારી રીતે જાણે છે.તે તો ગમે તે રીતે ઘર બનવાની પરવાનગી મળે એ માટે કાળકામાનો હવાશેરનો થાળ પણ ધરાવા માટે તૈયાર થાય છે.કાળુને આજે ચોરેથી બોલાવા માટે કોઇક આવશેની સંભાવના લાગતી હતી તેથી તે પોતાની પત્નીને છગનને બોલાવા માટે મોકલે છે.કારણ કે રાવણામાં એકલા જવું સારુ નહી.છગન તેની સાથે જવા તૈયાર થાય છે પણ છગન કાળુને ઘર બનાવાનું સાહસ નહી કરવાનું જણાવે છે.ભૂતકાળમાં ઘર બનાવાના પ્રયત્નો થયા ત્યારે ખાતર પડવાના પ્રસંગો બન્યા હતા.પૈસા ચોરાય ના જાય એ માટે જ તે ઘર બનાવી રહ્યો છે એમ કાળું જણાવે છે ત્યારે છગન ગામના વાણિયાને ત્યાં પૈસા જમા કરાવી દેવાની વાત કરે છે.પણ કાળું વાણિયાની ચતુરાઈથી સારી રીતે પરિચિત છે.પોતે અભણ છે અને તેનો હિસાબ સમજમાં આવશે નહી એમ જણાવે છે.ત્યાં જ બાબુનો અવાજ સંભળાય છે અને ચોતરે જવા નીકળે છે.ગામના ચૉરે પહોચેલા કાળું અને છગનને જાતિવાદનો પરિચય થાય છે.ત્યાં બેઠેલા ગામના સવર્ણો કાળું બનાવાની પરવાનગી માંગી રહ્યો છે એમાં જ એમને પોતાના ગામની આબરું લુંટાઇ જતી લાગે છે.

"હાળાં આમનય ઈંટ્ટયોનું ઘર બનાબ્બું સઅ?"

"જુવોનસ જાણસ જાનમઅ જવું હોય ઈમ ફૂલફટાચ્યા થઈ નઅ આયા સઅ તે?"

"દિયોર ઢેઢાં ગૉમ્મઅ મેડીબંધ ઘર બનાવશી તો આપણે ચ્યાં જ્યા?"

"દિયોરનઅ ધક્કા મેલીનઅ કાઢો! આઇ જ્યાં રજા લેવા?"

કુણ ધક્કા મારસે લ્યા,અભડઈ નઈ જાય હેં....ખાહડા મારો એકઅ બધુંય પૂરું,હમજ્યા?"[२६](પેજ ન.૫૦)

જાતિવાદી અત્યાચારનું પ્રતીક એટલે ગામનો ચૉરો.દલિત ગામના સવર્ણો માટે જાણે કે મનુષ્યની ગણતરીમાં જ નહી.ઘર પોતાને બનાવાનું,પૈસા પોતાને ખર્ચવાના અને પરવાનગી માટે ગામના લોકોને આજીજી કરવાની.આવો અમાનવીય વ્યવહાર તો માત્ર ભારતના જાતિવાદી ગામડાઓમાં જ જોવા મળે.પોતાના વિશે આવી અપમાનજનક વાતો થતી હોવા છતા દલિત કાળું અને છગન ચું કે ચા કરી શકતા નથી.પ્રતિકારની વાત તો દૂર ઉલટાનું ઘર બનાવાની પરવાનગી માંગી તેથી ગામ દંડ કરશે અથવા તો ગામ છોડીને ચાલ્યા જવું પડશેનો ડર તેમને લાગે છે.મુખી પથુભા રાવણામાં આવેલા કાળુને પોતાના સત્તાવાહી અવાજમાં,તુમાખીભર્યા સ્વરમાં જાણે કે એને ઓળખતો જ ન હોય એમ અજાણ બનીને એનું નામ પુછે છે અને રાવણામાં તેના ઘર બનાવવાના પ્રસ્તાવને મુકે છે.મુખી પણ સારી રીતે જાણે છે કે જો તે ઘર બનાવાની પરવાનગી આપશે તો ગામના લોકો તેનાથી નારાજ થશે પણ પૈસા-બોકડીયોની લાલચમાં તે કામચલાઉ પરવાનગી આપી દે છે,જે અંતમાં સાચી પડતી નથી.ઘર રાવણું નક્કી કરે એવું અને એટલુ જ બનાવવાની પરવાનગી કાળુંને મળે છે.રાવણામાં કઈ આઘું પાછું ન થાય એ માટે કાળુંએ ત્રણ દિવસ પહેલા જ મોહનભાને દારુના પૈસા આપીને ફોળી લીધો છે.રાવણાના અંતે ઘરે પહોચેલા કાળુને મળવા સરતાનજી આવે છે અને મુખી માટે પાંચ રુપિયા પાંચ વાહણના અને બોકડિયોની વ્યવસ્થા કરવાનું જણાવે છે.પાંચ રુપિયા તો કાળું આપવા તૈયાર છે પણ બોકડિયો માતાજીની માનતાની હોવાથી પીછેહટ કરે છે પણ છેવટે તો તે પણ જતું કરવા તૈયાર થાય છે.અંતમાં ઘર બનીને તૈયાર થાય છે ત્યારે ફરીવાર મુખી કાળુંને બોલાવે છે ત્યારે કાળુના મનમાં થતી શંકા વાર્તાનાં અંતને સૂચિત કરે છે.અને અંતે મહામહેનતે,અપમાનોને ગળી જઈને,સ્વમાનને ગીરવે મૂકીને બનેલા ઘરને જાતિવાદી સવર્ણો સળગાવી મૂકે છે

'ઘર' વાર્તા ઉત્તર ગુજરાતની તળપદી ભાષામાં આલેખાયેલી છે.અહી વાર્તાકથકની ભાષા શિષ્ટ છે તો વાર્તામાં આવતા પાત્રોની ભાષા તળપદ પ્રદેશની છે.વાર્તાની શરુઆતમાં જ વાર્તાનાયક કાળુ અને તેની પત્ની પની વચ્ચે થતો સંવાદ વાર્તાના પરિવેશને અસરકારક બનાવે છે.ઘર બાબતે તેમની વચ્ચેની મીઠી તકરાર બન્ને પાત્રોના વ્યક્તિત્વને ઉઠાવ આપે છે.વાર્તામાં સંવાદનું તત્વ અસરકારક રીતે પ્રયોજાયુ છે.કાળુ અને પની વચ્ચેનો સંવાદ,કાળું અને છગન વચ્ચેનો સંવાદ,રાવણામાં ગામ લોકો વચ્ચે થતો સંવાદ,મુખી અને કાળું વચ્ચે થતો સંવાદ એમ સંવાદનું તત્વ સર્જકે અસરકારક રીતે પ્રયોજાયુ છે જે પાત્રોના આંતરિક મનોસંચલનોને પણ સારી રીતે સૂચિત કરે છે.

લોકબોલીના શબ્દોની સાથે અહી ઉત્તર ગુજરાતની તળપદી કહેવતો અને રુઢિપ્રયોગો પણ પાત્રોના મુખે પ્રયોજાયેલા છે જે વાર્તાના ગ્રામ્ય પરિવેશને ઉઠાવ આપે છે.

આ ઉપરાંત અહી પાત્રોના મુખે બોલાયેલી ભાષામાં એ પાત્રોના માનસિક સંચલનો પણ વ્યક્ત થયેલા જોવા મળે છે. જેમકે કાળુની આજીજીભરી ભાષા તેના બાપડા-બિચાડા વ્યક્તિત્વને પ્રગટ કરે છે

"આ ઢેડ આપણા ગામનો સઅ,ખરું!તારું નામ હું લ્યાં?"

કાળું તરફ ઈશારો કરીને જાણે નામ ભૂલી ગયા હોય ને યાદ ન આવતું હોય તેવી ગંભીરતા ધારણ કરીને પૂછયું

"મુખીભા,કાળું!"કાળુએ બે હાથ જોડી જવાબ આપ્યો"

"જા તુ તારઅ ઘર બનાય,આ રાવણાની રજા સઅ,રાવણું કે એવડું બનાવજે હો?મેડીબંધ બાંધતો નઈ,ઘરની જમીણ તો સનઅ પૂરી?"

"ભા,તમારી દયા સઅ"કાળુનો જીવ હેઠો બેઠો.છગન હજી સુધી ચૂપચાપ બીકમાં ફફળતો હતો"[૨૭]

અહી જોઈ શકાય છે કે કાળુની લાચારી તેના શબ્દોમાં પ્રગટ થાય છે તો મુખીની સત્તાવાહી ભાષા તેના જાતિવાદી ચહેરાને પ્રસ્તુત કરે છે.

વાર્તામાં આવતા વર્ણન પણ વાર્તાના પરિવેશને દ્રઢ બનાવે છે.રાવણે મુખીને મળીને આવેલા કાળુને આશંકા ઉપજે છે આ આશંકાને સર્જકે કાળુને આવતા સ્વપ્ન રુપે રજુ કરી છે તે વર્ણન જુઓ

"નીદર આવતા જ એ સ્વપ્નલોકમાં વિહાર કરવા લાગ્યો.તેને લાગ્યું તેનો કૃષ્ણરુપે જન્મ થઇ રહ્યો છે.પોતે હાથમાં વાંસળી લઈ ગાયો ચરાવવા જઈ રહ્યો છે.ત્યાં જ સામેથી મામો કંસ હાથમાં કોસ જેવો ભાલો લઈને આવતો જણાયો.એનાથી બચવા તેને છુપાઈ જવા ઈચ્છા થઈ,પણ એના પગ એકદમ જમીન સાથે જકડાઈ ગયા.તેણે કંસના ચહેરાને ઓળખવાનો પ્રયત્ન કરવા માંડ્યો.ચહેરો ઓળખતાં જ તેના મોઢામાંથી ચીસ સરી પડી.

"આ તો પથુભા મુખી!" ને કંસ ખડખડાટ હસવા માંડ્યો.ભાલો તેની સમો ધર્યો ને ચારે તરફ તોફાન ઊપડયું હોય એવા અવાજો આવવા માંડ્યા.કંસે તેના તરફ જોરથી ફૂંકો મારવા માંડી.કંસનું મોઢું મોટું ને મોટું થતું ગયું ને મોઢામાંથી આગ ઝરવા માંડી ભભક...ભભક...ને વાસમાં બૂમ પડી...."[૨૮]

આ વાર્તામાં સર્જકે દલિત સંવેદનને અનુરુપ દલિત પરિવેશનું નિરુપણ કર્યુ છે.દલિત સમાજની માન્યતાઓ,કાળુનો પહેરવેશ,રાવણાનું વાતાવરણ,અફીણ પીતો મુખીભા,સારા કામ માટે મૂરત જોવડાવવું વગેરે જેવી બાબતો આલેખી સર્જકે વાર્તાના પરિવેશનું નિર્માણ કર્યુ છે.

કાળું આ વાર્તાનું મુખ્ય પાત્ર છે.મહેનત કરીને થોડા પૈસા ભેગા થતા ઈંટોનું પાકું ઘર બનાવવાનું તેનું સ્વપ્ન છે.પણ નીચી જાતિનો પોતે હોવાથી વગર અડચણે તે ઘર બનાવી શકે એમ નથી એ વાત તે સારી રીતે જાણે છે તેથી જ તેણે પોતાના ઘરાક સરતાનજીની મદદથી મુખીની પરવાનગી મેળવી લેવાની ગોઠવણ કરી છે.છેલ્લા ત્રણ વર્ષથી તે પ્રયત્ન કરી રહ્યો છે કે તેને ગામ લોકો પાસેથી ઘર બનાવવાની પરવાનગી મળે. છેવટે મુખીનું તેડું આવતા રાવણે તે જાય છે.છગનની ચેતવણી છતાં પણ તે ઘર બનાવાનું નક્કી કરે છે.ગામના વાણિયા તલકચંદના સ્વભાવથી પણ તે સારી રીતે વાકેફ છે.જાતિને કારણે જ પોતાને આ બધું સહન કરવું પડે છે એ વાતથી પણ તે સારી રીતે સભાન છે છતાય આ પાત્રમાં સ્વમાનનો અભાવ જોવા મળે છે.પ્રતિકારની ભાવના તેનામાં નથી.

પથુભા મુખી આ વાર્તાનું ગૌણ પણ મહત્વનું પાત્ર છે.મુખીરુપે હોય એવા બધાં જ ગુણો તેનામાં અહી સર્જકે બતાવ્યા છે.ગામડાના જાતિવાદી ચહેરાને પ્રસ્તુત કરતું મુખીનું પાત્ર કેવું ચાલાકીભર્યુ અને ક્રુર હોય એ આ વાર્તાનાં માધ્યમથી આપણને જાણવા મળે છે.તેને કાવાદાવા કરતા પણ સારી રીતે આવડે છે.કાળુને ઘર બનાવાની પરવાનગી જો પોતે આપશે તો ગામના લોકો નારાજ થશે એ વાત તે સારી રીતે જાણે છે છતાં દારું અને બોકડિયોની લાલચે પરવાનગી આપી બેસે છે.અફીણ પીધેલી હાલતમાં રાવણામાં નજરે પડતો મુખી ચાલાકીપૂર્વક બધાને પોતાની વાતમાં સહમત કરી લે છે. જો કે વાર્તાનાં અંતે મુખીના ઈશારે જ કાળું તૈયાર થયેલું ઘર સળગાવી દેવામાં આવે છે.

આ સીવાય પની,છગન,સરતાનજી જેવા પાત્રો વાર્તાના મુખ્ય પાત્રને સહાયરુપે અને વાર્તાના વસ્તુને ઉપકારક બને એ રીતે આલેખાયા છે.

બ. ન્યાય:

દલિતો બે પાંદડે થાય એ વાત સવર્ણો સહી શકતા નથી એ બાબતનો પૂરાવો આપતી 'મૂંઝારો'વાર્તાસંગ્રહની આ વાર્તા છે.પોતાના ખેતરમાં બાજરીનો પાક જોઈ હઠોજી કાળાના ખેતરનું ભેલાણ કરે છે.ઊભો પાક વાઢી જાય છે તો બીજી તરફ હઠોજીના દારુના માટલા કોઈ ફોડી નાખે છે જેનું આડ કાળાના માથે ચઢે છે.આ બાબતે નુકશાન સૌથી વધારે કાળાનું થયુ હોવા છતાં ન્યાય આપનારા હઠાજીના પક્ષે ચુકાદો આપે છે.આમ પણ ગરીબ-દલિત-શોષિત વર્ગને અન્યાયનો ભોગ બનવુ પડે છે.ગામનો સરપંચ અને ન્યાય આપનારા જાણતા હોવા છતાં કાળુને અન્યાય કરે છે.કાળો બધુ જ જાણે છે તેમ છતાં ઔપચારિકતા પુરી કરવા ગામના ચોતરે જાય છે.બે મણ બાજરી ચબુતરે નાખવાનો દંડ કાળાને થાય છે.સરપંચ મોઢામોઢ કાળાને સંભળાવી દે છે "જા...જા...ન્યાવાળી તારઅ ગૉમમાં ઘોલુ ઘાલવુ સઅ.તારા નઈ તો કોકના સોકરાએ દાણા ખાધા પેટમઅ પડ્યા!"[૨૯]

વિદ્રોહ-પ્રતિકાર કરવાની હિંમત કાળામાં હોવા છતાં સાથ આપનાર કોઈ નથી.વાસ કાળાનો સાથ આપતુ નથી.જો પોતે સરપંચના-ગામના ન્યાયને સ્વીકારશે નહી તો વાસ પર મોટી આફત આવી પડશે એની બીક કાળાને રહે છે.જોકે વાર્તાતેં કાળો બાજરી નાખવા જવાનું ટાળે છે.

ક. ડર :

આ વાર્તાનો નાયક ખોડો છે.ખોડાની માનસિક અસ્વસ્થતા-અર્ધપાગલ અવસ્થા પાછળ તેના મા-બાપ પર થયેલા અમાનુષી અત્યાચાર જવાબદાર છે.વાર્તાના કેંદ્રમાં વાર્તાનાયક ખોડો છે.વાર્તામાં લોકશાહી સમાજવ્યવસ્થામાં સવર્ણો દ્વારા દલિત સ્ત્રીઓનું થતુ જાતિય શોષણ કેંદ્રિત થયેલુ છે.પોતાની મા ઉપર બળાત્કાર કરી પોતાના બાપને જાહેરમાં લટકાવીને સવર્ણોએ મારી નાખ્યો.આબરુ-ઈજ્જત લુટાઈ જતા પોતાની માએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.

આ વાર્તામાં લેખકે દલિત સમાજના થતા આર્થિક-જાતિય શોષણને નિરુપ્યું છે.દલિત સમાજની આંતરક્રિયાઓનું,એના ભીરું ડરપોક સ્વભાવનું આલેખન એની પુરી સ્વાભાવિકતા સાથે રજુ થવા પામ્યુ

છે.દલિત સમાજ એક થઈને પ્રતિકાર કરી શકતો નથી અને અંદરોઅંદર એકબીજાની ચઢામણી કરે છે.સવર્ણો દ્વારા દલિતો પર આવા અત્યાચા ર ભૂતકાળમાં તેમ આજે પણ થતા રહે છે.આ વાર્તા અનામત વિરોધી આંદોલન દરમ્યાન થયેલા ગોલાણા હત્યાકાંડની યાદ અપાવે છે.

દલિત સ્ત્રીને અડતા અભળાય જવાય અને તેની સાથે શરીરસંબંધ બાંધતા સ્વર્ગ મળે એવી હલકી ન સમજાય તેવી વિચારસરણી સવર્ણોમાં વર્ષોથી જોવા મળે છે.આ વાર્તામાં પણ ધોળે દહાડે જાહેરમાં દલિતનાં ઘરમાં પ્રવેશતા દરબાર-ક્ષત્રિયોની બહાદુરી અને દલિતોની નપુંસકતા પ્રસ્તુત થવા પામી છે.ગામના સરપંચ નારસિહનો છોકરો હરિસિંહ ધોળે દહાડે જીવીના ઘરમાં ઘુસે છે.પૂજો આ જોઈ જાય છે અને બારણાની સાંકળ બહારથી વાંસી દે છે.અડધા કલાક પછી બારણું ખખડે છે અને બહુ મોટુ પરાક્રમ કર્યુ હોય એમ વાસના લોકોને હરિસિંહ ગાળો ભાંડે છે.આમ છતાં,વાસના પુરુષોથી ચૂ કે ચા કરી શકાતુ નથી.દલિતોની દબાયેલી આ પરિસ્થિતિ સવર્ણો માટે દલિત સ્ત્રીઓને ભોગવવાની વધારે તક-છૂટ પુરી પાડે છે.દલિત પુરુષો તો કાઈ કરી શકતા નથી.પણ પૂજાની વહુ રામી આ ઘટના પછી જીવીને ઉસ્કેરે છે અને વાસમાં લોકોને સંભળાય એ રીતે બોલે છે

"રાંડ કભારજા એનું હાત ભવ નખ્ખોદ જાય,એનઅ ભડકા થતા હોય તો ઊંબાડુ ઘાલઅ આ બાપડા નઅ..."

"અલી સાની રે મારી બૈ,કોક હાંભળશે તો એના હણીજાને કી આવશે.પાસી રામેણ..."

બીજી સ્ત્રી રામીને સમજાવા માંડી,ત્યાં તો...

"ચેઈ રાંડ સતી સીતામાતા છો!"કહેતી જીવી પ્રગટ થઈ.કોઈએ એના તરફ ધ્યાન ન આપતાં બધા ખોડાને બેઠો કરવા ગડમથલ કરવા માંડ્યાં.ખોડાનું શરીર અક્કડ થઈ ગયુ હતું.તે સહેજ કમરેથી વળ્યું.પછી જાતે જ ધીમે ધીમે બેઠો થયો.

"કુના આંગણામાં જોડા નહીં નેકરતા.મનઅ બતાવો,બવ બાદુરી બકતા વો તો તમારા ધણીયોને કઈ ઝટકાઈ મેલાવો તો હાચા.આવનારાને કાંઈ કેવાની બાદુરી છ!"[30]

આ આખા સંવાદ દ્વારા દલિત સમાજમાં અંદરોઅંદર ચાલતી ખેંચતાણને-ટાંટિયા ખેંચ વૃતિને પણ ખુલ્લી પાડી છે.પરિસ્થિતિનો સામનો કરવાને બદલે એકબીજા પર આરોપ-પ્રત્યારોપ મુકવાની દલિતોની વૃતિને દલિત મહિલાઓ વચ્ચેની વાતચીત દ્વારા દર્શાવી આપી છે.

જીવીના શબ્દો "કોક બારિયાને વધેરી નાસ્ય તો હાગાઈ બાપનો..."[31]સાંભળી વાર્તાનાયક ખોડાને લાગી આવે છે અને રાતના અંધારામાં લાકડી વડે સરપંચના છોકરાં હરિસિંહનો પગ ભાંગી નાખે છે.દલિતોનો આવો લૂલો પ્રતિકાર જોઈ બારૈયાવાસના લોકો દલિતવાસ પર ચઢી આવે છે.નારસિહ ખોડાને મારવાના પોતાના ઈરાદામાં સફળ થતો નથી કારણકે ખોડો જાતે જ લટકીને આત્મહત્યા કરે છે.

તેમની વાર્તાઓમાં ઉત્તર ગુજરાતની તળપદી બોલીનો વિનિયોગ થયેલો જોવા મળે છે તો 'ડર'જેવી વાર્તામાં મધ્યગુજરાતની ચરોતરી બોલીનો વિનિયોગ કર્યો છે.

તેમની મોટાભાગની વાર્તાઓમાં ગ્રામીણ દલિત પરિવેશ આલેખાયેલો જોવા મળે છે.તેથી આ પરિવેશને અનુરુપ બોલીનો પ્રયોગ અસરકારક રીતે થયેલો જોવા મળે છે

એનો શ્વાસ ધમણની જેમ ચાલવા લાગ્યો,ગામ જ નપાણિયું,નાગા કૂલે બાવળિયો થ્યો તો કેસઅ છોયડો થ્યો,ગધેડે ઘઢયું,જીવ તાળવે બાંધવો,ઉપર આભ તૂટી પડવું જેવા રુઢિપ્રયોગો અને બેટા,હંઘર્યો હાપ કોમનો,ભરોસાની ભેંસે પાડો જણ્યો,ભાવતુ તુ ને વૈદ્યે કીધું,મિયા બીબી રાજી તો શું કરે કાજી જેવી કહેવતો પ્રયોજાયેલી જોવા મળે છે.પાત્રોના માનસિક વલણો,આક્રોશ,વિદ્રોહ,કઠોરતા,હતાશા,તિરસ્કાર,ગુસ્સો વગેરે વિશિષ્ટ રીતે પાત્રગત બોલીમાં-પરિવેશમાં ઉપજે છે.બોલી સંદર્ભે કનુ ખડદિયા નોંધે છે કે"ડર વાર્તામાં બોલી-સંવાદ દ્વારા વાર્તા રજૂ થઈ છે.બોલીનો આવો બળકટ પ્રયોગ ભાગ્યે જ અન્ય દલિત વાર્તામાં સુપેરે થયો હશે.ભાષાકીય નજાકત વાતાવરણને જીવંત રાખીને વાર્તાની સમગ્ર ચેતનાને મદદ કરે છે.ભાષાકર્મની કલાત્મક સૂઝ પાત્રચેતનાને તાજગીભર્યો અનુભવ કરવામાં ઘણી ઉપયોગી બને છે"[૩૨]

દલિત સાહિત્યમાં ગાળ સહજ છે અહી દલપત ચૌહાણની વાર્તાઓમાં સવર્ણ પાત્રોના મુખે તો દલિત પાત્રોના મુખે આક્રોશરુપે ગાળ બોલાયેલી જોવા મળે છે.

'હાહના...ઢે...તારી બુન્ના...ધણી કાંઇ ભાન છ કે નહી'

'તમારી માના ધણીઓ'

'રાંડ કભારજા એનું હાત ભવ નખ્ખો દ જાય'

'એનઅ ભડકા થતા હોય તો ઊંબાડું ઘાલઅ...'

'નકર ગાંડમ મુદ્દું ઘાલીને પડ્યુ રે...'

ડર વાર્તામાં ચરોતરી બોલીની વિશેષતાઓ રજુ થયેલી જોવા મળે છે જેમકે

"કોક દાડો તો મરદ થાયને?ઈના ઘરમાં સરપંચે ચેવું કર્યુ છ ખબર છ"

"એ તો સરપંચ ભેલાણ કરે!આ વહવયુ કેવાય તોય હારી બાદુરી કરી..."

પછ...?"

"હેંડોલ્યા ઢેડાનઅ મેલીએ..."

"ચ્યાં જ્યો હાહનો ખોડિયો...એની માનો...એનઅ કો બાર નેકરે નકર આખો વાહ હીકાઈ મેલે...એ ઢે...એ મારા દીચરાનો પગ ભાજી નાસ્યો માથામાં ગજ ગાલ્યા છં.અમ બાર નેકર ચ્યાં જ્યો પરબત ગાહલેટનું ડબલું લાય"

"ઊભા રો લ્યા,હાહનાન નાગો કરી આંય લાવો વાહ વચ્ચોવચ્ચ હીકાવો"[33]

રમેશ ર.દવે આ વાર્તા વિશે જણાવતા નોંધે છે" 'ડર' વાર્તા એક લઘુ ફિલ્મ સમી છે.તાદ્દશીકરણ એ હરકોઈ સાહિત્યિક રચનાની પ્રાથમિક આવશ્યકતા છે.આ વાર્તામાં દલિત ઘરના ઉંબરે પડેલા સરપંચ પુત્રના જોડા,બહારથી વસાતી સાંકળ,આબરુ-ઈજ્જતની ખેવનાથી ખવાતો ગળાફાંસો,લાકડીએ લાકડીએ ટીપતો દલિત પિતા,મહેણું મારતી પીડિત ભોગ્યા,એ મહેણામારથી ધસી જઈ બારૈયા યુવાનનો પગ ભાગી નાંખતો કથાનાયક અને વેર લેવા આવેલા ટોળાને વીલું મેલી,પોતાની માની માફક મોભારે લટકી જતો દલિત પુત્ર!ખોડોને વાસે અને ગામે ગાંડો ગણ્યો પણ..."[૩૪]

'ડર'વિશે હરીશ મંગલમ નોંધે છે કે"દલપત ચૌહાણે ઉત્તર ગુજરાતની લોકબોલીમાં લખ્યું છે,છતાં આ વાર્તામાં ચરોતર તરફની બોલીનો ઉપયોગ સક્ષમતાથી કર્યો છે.અહી ગોલાણા હત્યાકાંડ પૂર્વેના એ જ ગામની કથા છે, જેને કલાદેહ અપાયો છે.ડર વાર્તા કાઈ ભવ્ય નથી.દલિતોના દૂઝતા ઘા છે.વાસમાં બારૈયા જાતિના લોકો દ્વારા જે આર્થિક,સામાજિક અને જાતિય શોષણ થાય છે,તેની સામે ચબહ ના ડનાર આખો સમાજ મૂંગો અને ભીરુ છે.આપસમાં કહેવાનું હોય ત્યારે બેધડક પોતાની જાંઘ ખોલીને વાત કરે છે. જ્યારે દુશ્મન સામે ઊંહકારોય કરતો નથી.ખોડાની કથની કઈક આવી છે.તેની માનું જાતિય શોષણ થાય ને આત્મહત્યા કરે,બાપને વાસ વચ્ચે મારી નાખવામાં આવે.નજરે જોનારો ખોડો ગાંડો થઈ જાય.અન્યનું જાતિય શોષણ રોકી શકતું નથી.સરપંચનો દીકરો વાસમાં પેંધો પડેલો છે.પૂંજો એકવાર પેંધા પડેલા ઘરની સાંકળ વાસી દે છે.ને તેને મોતની ધમકી મળે છે.ખોડો,પૂંજાને ભાગી જવા કહે છે!એકવાર સ્ત્રીઓની લડાઈમાં ખોડાને મેણું મરાય છે.કોઈક બારૈયાને વધેરી નાખ તો હાગાઈ બાપનો. ગાંડપણમાંય ઝનૂની બનેલો ખોડો સરપંચના દીકરા પર રાત્રે નિષ્ફળ હુમલો કરે છે,ને માનસિક ત્રાસને લીધે એ જ રાત્રે આત્મહત્યા કરે છે.વાસ પર સવારે હુમલો થાય છે,નળિયા ચાળીને આવતું સૂરજ પ્રકાશનું ચાંદરણું ખોડાની લાશની હથેળીમાં પડે છે;દલિતના જીવનમાં પ્રકાશ આવતો નથી.વાર્તાકારે કલાત્મકતાને સહારે કથા ઉત્તમ રીતે કહી છે.ઘા પૂરવો કઈ રીતે એ પ્રશ્ન આજેય ઘૂમરાય છે."[૩૫]

૩.ઉપકારનો બદલો અપકારથી મેળવતા દલિતોની દુર્દશાનું નિરુપણ કરતી વાર્તાઓઃ

અ. બદલોઃ

બીમારીના કારણે પથારીવસ થયેલા દલિત ગોકળને વજેસંગ લાકડી વડે ઢોર માર મારે છે.મારવા પાછળનું કારણ ગોકળ ખાટલીમાં સૂતો સૂતો વજેસંગ સાથે વાત કરે છે એટલુ જ.સવર્ણની હાજરીમાં દલિત ખાટલામાં બેસી શકતો નથી એવી રુઢિજડ-અમાનવીય વ્યવસ્થાનો ભંગ બિમાર ગોકળે કર્યો તેથી મનુના પનોતા પુત્ર વજેસંગે ક્રુર બની અમાનવીયતાભર્યુ વર્તન કર્યુ.ભૂતકાળમાં આજ વજેસંગનો બાપ છપ્પનીયા દૂકાળમાં ગોકળ પાસેથી ભીખમાં માંસની સુકવેલી કોંકણિયો માંગી ગયો હતો.ગોકળ આગળ માધુસંગ કરગરતા અવાજે કહે છે

"ગોકળ ભૈઈ...એ તો મું માધુસંગ...હાહરું ઘણુંય કર્યુ.કોય ના મલ્યું.નશીબ વૉંકુ લ્યાં,ગોકા ભૈ! વજો,ઈનીમા,ને મું,તૈણ દનથી નકોઈડા થ્યા સઅ.આખુંય ગૉમ ભેંકાર થૈ જ્યુ સઅ!ચ્યોંય કશું નઈ એટલ આયો સું..."

ગળે ડુમો ભરાયેલો અવાજ ગોકળ સાંભળતો ગયો,સાંભળતો રહ્યો...ગોકળ જાણે સ્વગત બોલતો હોય તેમ બબડયો,"માધુ ભા!આવો,આવો!પણ મારા કનેય કસુય નહી,અનાજનો દોણોય નહી પણ થોડી કોંકણીયો સ...એ આલુ ભા?"

થોડીવાર સુધી ગોકળે કાંઇ ના સાભળ્યુ એટલે બોલ્યો મરેલા ઢોરના ભોંથાની કોંકણીયો સઅ...ભા...આલું...,ગોકળ ચૂપ થઇ ગયો.પછી જાણે ગોકળે કંઇક સાંભળ્યું.

"અસે તાણ ભૈ,કોંકણીયો તો કોંકણીયો...મરેલાના ભોથાય ખાવાનો વારો ભગવાને મેલ્યો તો ઈમ...જીવતર માટે તો કોંક જુવનઅ?"[૩૬]

આ જ માધુભાનો દીકરો વજેસંગ કોંકણીયો આપીને જીવાડનાર ગોકળના ઉપકારનો ગુણ ભૂલી માનવતાને વીસારે મુકીને તેની સાથે ક્રુર વ્યવહાર કરે છે.સ્વાર્થવશ પરિસ્થિતિની પ્રતિકુળતા જોઇ દલિતો સાથે આભડછેટ પાડતા સવર્ણોની દંભી માનસિકતાનો પરિચય આ વાર્તા કરાવે છે.

વજેસંગનો માર પડે એ પહેલા લેખકે સારી રીતે દલિત ગોકળની શારીરિક અસ્વસ્થતાનો પરિચય કરાવી આપ્યો છે.વાસના બધા જ દાડી-મજૂરીએ ગયેલા છે.બિમાર ગોકળની સારસંભાળ માટે આઠ વર્ષનો નાનિયો તૈનાત છે.તમાકુ પીવાની તીવ્ર તલપ લાગી હોવા છતાં તે જાતે ઊભો થઇને લઇ શકતો નથી.એટલુ જ નહી પેશાબ કરવાની તીવ્ર હાજત લાગી હોવા છતાં ખાટલામાંથી બેઠા થવાની શક્તિ એનામાં નથી.આમ છતાં વયોવૃદ્ધ ગોકળ દલિત તરીકેની પોતાની સામાજિક ગુલામીને અનુસરતા એનાથી નાના સવર્ણ વજેસંગને સામેથી બોલાવે છે.

અહી દલિત ગોકળનો અવાજ દબાયેલો અને વધુને વધુ કરગરતો પ્રકટે છે તો બીજીબાજુ વજેસંગની ભાષામાં સત્તાવાહી સૂર સંભળાય છે તે જોઇએ

વાસમાં પીધેલી હાલતમાં કોઇક આવ્યુ છે એને જોતા જ ગોકળ સામેથી બોલાવતા કહે છે

"ઓ...હો...આવો વજેસંગભા!રોમ રોમ,ચ્યમ શો?"

ગોકળે બને એટલો વિવેક-વિનય જાળવતાં દૂરથી રામ રામ કર્યા.

"ચ્યોથી ઑઇ કણ ભૂલા પડ્યા,ભા!"

બને એટલા નમ્ર અવાજે બોલાવા છતાં વજેસંગ ખાટલીમાં બેઠા બેઠા પોાતાને બોલાવનાર ગોકળને મોઢામોઢ સંભળાવતા કહે છે

"ઓહો...લ્યા મારું બેટુ ઢેઢું,પાસું ખાટલે બેહી બેઠુ બેઠુ કેસઅ ક ચ્યમ સો ભા?ચ્યોથી ભૂલા પડ્યા સો..જબરુ લ્યા,ભૈ બૌવ જબરું હો...ક,"

"દિયોર,અજીય હૉભળતો નથી?હોકો પીવસઅ?મન હું જોયા કરસઅ?અલ્યા મૉણહ જોયા સકઅ નૈ?"

પોતે કેવી સ્થિતિમાં વજેસંગને બોલાવી રહ્યો છે એનું ભાન થતાં માંડ માંડ હાથ જોડીને ગોકળ કહે છે

"વજેસંગભા,ઘણા દનથી તાવની બળાગળ સઅ,ઊભા થવાતું નહી એટલ પડ્યો સું.તમે તો મોટા મનવાળા સો ભા!"[૩૭]

તો બીજી તરફ દારુ પીધેલી હાલતમાં હોવાથી વજેસંગને ગુસ્સો વધારે આવે છે

"મારું બેટ્ટુ ખરું સ.એક તો મારી હૅમ જ ખાટલે બેઠું સને કેસઅ તાવ આયો સઅ હં અ,લ્યા,ગોકા તાવ હેનો લ્યા.બે ત્રૈણ નઈડા સ એટલ બાલેટન થૈ જ્યા સો ચ્યમ?હં...વળી પાસું મારી હોમું ચકચક કરસઅ?"

ના ભા ઈમ નૈ,આ તો જરા તાવ..."

ગોકળ જવાબ પૂરો કરે ત્યાં જ લાકડી વીઝાવાનો અવાજ આવ્યો પછી સટ્ટાક...સટ્ટ...સટ્ટાક..સટ્ટ...સટ્ટાક..સટ્ટ."[૩૮]..

આમ,અહી ગોકળ અને વજેસંગના સંવાદોમાં અનુક્રમે ગોકળના ભૈસાબ બાપા અને વજેસંગના સત્તાવાહી સૂરમાં ભળેલો તીવ્ર ગુસ્સો અભિવ્યક્ત થયેલો જોવા મળે છે.

ભાષા-અભિવ્યક્તિની દ્દષ્ટિએ જોઈએ તો સર્જકે વાર્તાકથકમાં શિષ્ટ ભાષાનો અને પાત્રો માટે તળપદી બોલીનો વિનિયોગ કર્યો છે.ગોકળની મનોસ્થિતિ એની તળપદી ભાષામાં સચોટ રીતે અભિવ્યક્ત થઈ છે.આ વાર્તામાં સર્જકે પોતાને પ્રિય એવી ફ્લેશબેક ટેકનીકનો પ્રયોગ કર્યો છે.વજેસંગનો માર ખાઈને તંદ્રાવસ્થામાં પડેલા ગોકળની સ્મૃતિ છપ્પનિયા કાળમાં સરે છે.

વાર્તામાં લેખકે દલિત વાસનું કરેલું વર્ણન જુઓ

"ગામના ઉગમણે ટેકરે આવેલા દસ-બાર કાચાં,માટીનાં ઘરોમાં વણકર,રમારની વસતિ હતી.તે મહોલ્લાને લોકો વાસ તરીકે ઓળખતા.નફિકરી સમડી હવામાં તરતી હોય તેવી સૂમસામ બપોર હતી,વાસના નાનામોટાં લણણીનો સમય હોવાથી દાડિયે મજૂરી ગયાં હતાં.વાસના તોરણ હેઠળ લાલિયો કૂતરો ભીની માટીમાં તરપતી જીભે હાંફતો હતો.એકાએક લાલિયો ઊભો થયો.માથુ હલાવ્યું,પટ્ટટ પટાક પટ્ટ માથા સાથે કાન અથડાવાનો અવાજ આવ્યો.એણે આગળના પગ લાંબા કરી,શરીર તંગ કર્યુ,આળસ મરડી,પૂંછડી હલાવી આકાશ સામે જોયુ.તેને ભસવાની તીવ્ર ઈચ્છા થઈ,પણ ન ભસ્યો.પછી વાસ તરફ વળ્યો.ધીમે ધીમે ગોકળના ઘર પાસે આવી ઊભો રહ્યો.ચારે તરફ માથું લંબાવી હવા સૂંઘવા લાગ્યો,અને માથું નીચું કરી ગોકળના ઘરથી દૂરના ઘર પાસેના ભીંતડા પાસે બેસી નિરાંતે હાંફવા લાગ્યો"[૩૯]

આ વાર્તામાં સર્જકે ફ્લેશબેક ટેકનિકનો પ્રયોગ કર્યો છે.આ સંદર્ભે વિવેચક ચંદ્રકાંત શેઠે નોંધ્યું છે કે"લેખકે માધુસંગવાળો પ્રસંગ ફ્લેશબેક પદ્ધતિએ રજૂ કરી વાર્તાને એક નવું પરિમાણ આપ્યુ છે.એ પ્રસંગ વિના વાર્તા કદાચ સીધી ગતિની ચીલાચાલુ બની જાત.વળી અહ લેખકે ગોકળની ખાટલામાં પડી રહેવું પડે એવી સ્થિતિ બતાવી,એ સ્થિતિ સમજવાનો ઈન્કાર કરતા વજેસંગની ભુમિકા નિરુપી વાર્તાગત

કારુણ્યને તીવ્રતા અર્પી છે.વાર્તા પ્રસ્તારી નથી તેમ પ્રચારગ્રસ્ત નથી.તે કલા વાચી રહીને જીવનમાંની વિષમતાનું મર્મવેધક દર્શન ધ્વન્યાત્મક રીતે કરાવે છે.બદલો શીર્ષકની વ્યંગ્યાત્મકતા,ધ્વન્યાત્મકતા સ્વયંસ્પષ્ટ છે."[૪૦]

વાર્તામાં ઉપસ્થિત થતાં પાત્રો ગોકળ,લાલિયો કૂતરો,નાનિયો અને વજેસંગની બાહ્ય ક્રિયાઓનું વર્ણન પાત્રોના વ્યક્તિત્વને ઉઠાવ આપે છે જેમકે ગોકળના પાત્રનો પરિચય જુઓ

"ગોકળ લાંબા સમયથી બીમાર હતો.તે ઘર પાસે ખાટલીમાં ચત્તોપાટ સૂતો હતો.બંડી અને પંચિયામાં હાડકાનો માળો વીંટાયેલ હોય તેવા તેના દીદાર હતા.બીમાર હોવાને લીધે જ ગોકળ ઘેર હતો.તેની સેવા માટે તેના દીકરાનો દીકરો નાનિયો ઘેર હતો.બાકી વાસનાં બધાં ઘર લગભગ બંધ હતાં"[૪૧]

નાનિયાના પાત્રનો પરિચય જુઓ

"નાનિયો એટલે આઠ વર્ષની ઉંમરનો છોકરો.શરીર પર મેલું બાંડિયું,ચડ્ડી પહેરવાનો વિચાર તેને હજી આવ્યો નહોતો.આંખે પિયા,શરીર મેલું,પણ અવનવી રમતો રમવામાં એક્કોય ખરો!આમ તો એય બેપાંચ પૂળા લણવામાં મદદ કરી શક્યો હોત,પણ તેને ગોકળણી સેવામાં ફરજિયાત રહેવું પડયું હતું.તે અત્યારે ડોકાગાડીની રમતમાં મશગૂલ હતો."[૪૨]

લાલિયા કૂતરાની ક્રિયાઓ દલિત પરિવેશને ઉઠાવ આપે છે

"વાસના તોરણ હેઠળ લાલિયો કૂતરો ભીની માટીમાં તરપતી જીભે હાંફતો હતો.એકાએક લાલિયો ઊભો થયો,માથૂ હલાવ્યું,પટ્ટ પટાક પટ્ટ માથા સાથે કાન અથડાવાનો અવાજ આવ્યો.એણે આગળના પગ લાંબા કરી,શરીર તંગ કર્યુ,આળસ મરડી,પૂંછડી હલાવી આકાશ સામે જોયું.તેને ભસવાની તીવ્ર ઈચ્છા થઈ,પણ ન ભસ્યો.પછી વાસ તરફ વળ્યો.ધીમે ધીમે ગોકળના ઘર પાસે આવી ઊભો રહ્યો.ચારે તરફ માથું લંબાવી હવા સૂંઘવા લાગ્યો,અને માથું નીચુ કરી ગોકળના ઘરથી દૂરના ઘર પાસેના ભીંતડા પાસે બેસી નિરાંતે હાંફવા લાગ્યો."[૪૩]

વાર્તાતે ગોકળને માર માર્યા પછી હાક-થુઉ કરીને થુકતો વજેસંગ પોતાના ગુસ્સાને શાંત પાડે છે તો બીજી બાજુ વજેસંગના બાપાનો કરગરતો અવાજ"તમારો ગણ નૈ ભૂલુ ગોકા ભૈ!"[૪૪]યાદ આવતા તંદ્રાવસ્થામાં પડેલો ગોકળ હાક..થુઉ કરીને થુંકવાનો પ્રયત્ન કરે છે.આ બન્ને સ્થિતિ એકસરખી હોવા છતાં તેમાં વ્યક્ત થતો ભાવ ભિન્ન-ભિન્ન છે.કોંકણીયો આપીને ગોકળે જેને જીવાડયો એ વજો ઉર્ફે વજેસંગ એનો બદલો મારરુપે વાળે છે.આ સ્થિતિથી વાકેફ ગોકળ પોતાનો છૂપો આક્રોશ થૂકીને વ્યક્ત કરે છે.

બ. એરુંઝાંઝરુઃ

ઓરગણાવાસમાં રહેતા વીરા ઓરગણાંના છોકરા શિવલાને એરું આભડયુ.આ વાત ગામ આખામાં ફેલાતાં મગન સેનમો ઢોલ વગાડતો ઓરગણાવાસમાં પહોચી જાય છે.ઢોલનો અવાજ સાંભળી રબારીવાસમાં રહેતો ગોગમહારાજનો ભગત મોહન રબારી હંતળોક ઊભો થઈ ધુણતો ધુણતો

ઓરગણાવાસમાં પહોચી જાય છે.ગોગબાવજી એને હાજરાહાજુર આવે છે.પરગામથી પણ લોકો ઝેર ઊતારવા મોહન રબારીને બોલાવતાં એનો ખ્યાલ ગામલોકની વાતચીતમાંથી આવે છે.મોહન રબારી પોતાની ફરજ પુરી કરવા ઉત્સાહથી ઓરગણાવાસ સુધી તો પહોચે છે પણ તેને એકાએક ભાન થાય છે કે તેને ઓરગણાના છોકરાનું ઝેર ઉતારવાનું-ચુસવાનું છે.ગોગ મહારાજને પણ ઝેર ચુસવામાં આભડછેટરુપી એરું આભડી જાય છે.વીરો ઓરગણો પોતાના એકના એક છોકરાને બચાવવા મોહન રબારી સામે કરગરતો,બચાવી લેવાની વિનંતી કરતા કહે છે

"ગોગ બાવજી!મારા નોંધારાના ધણી,મારા શિવલાનઅ બચાઇ લ્યો.તમારો જ આશરો બાપ,તમું હરખાં તો આખી પથમી ઉપાડો,આ સોકરું અવળા ફરીનઅ પાસું આલી ધો બાવજી!"

"ગોગબાવજીનો જો હકમ હોય તો,સોકરાનઅ આંગણામઅ લાવુ? કોઈની નજર ના લાગઅ એકઅ ઘરમઅ રાસ્યો સઅ!ગોગબાવજીની બેય જણાંએ ટોપરુંજીની બાધા આખડી રાખી સઅ!અમે બેય જણાં શિવલાનઅ લેઈ ગોગમારાજના પારે જઈશું!કોગળા કરવાં બાવજી પાણી?"[૪૫]

મોહન રબારી ઉપર આની કોઇ અસર થતી નથી અને હાજરાહાજુર ગોગ મહારાજ મોહન રબારીના મુખે નિર્દય બની કહે છે

"ના...ના...હો...હો...ઈની ભોયના ફેરવશો!ગોગબાવજીનો હકમ નહીં!હો...હો...મું આંચકણ બેઠો બેઠો ઈનું ઝેર ચુહી લે? ઈં રવા ધો...પાણી...નહીં જોઈતુ હો...હો"[૪૬]

દલિત સ્ત્રી ઉપર બળજબરી કરવા એના ઘરમાં ઘુસી શકાય છે પણ દલિતની જાન બચાવવા સવર્ણોના દેવને પણ આભડછેટરપી એરુંઝાંઝરું આભડી જાય છે અને એની કોઇ દવા થઇ શકતી નથી.ઘરમાં પ્રવેશવાની ના પાડતો મોહન રબારી આંગણામાં બેઠો બેઠો ઝેર ચુસવાનું નાટક કરે છે.સેનમા પણ ઓરગણાથી અભડાય છે અને એમના હાથનું પાણી પી શકતા નથી એવી દલિતોમાં પણ અંદરોઅંદર ચાલતી આભડછેટને સર્જકે ઢોલ વગાળતા થાકી ગયેલા મગન સેનમા દ્વારા આ વાત રજુ કરી છે તે જોઈએ

"લ્યો!કાકા મું ચ્યારનોય ઢોલ વગાડું સું.થાચ્યો સું!તરહ લાજી સઅ!ઓરગણાનું પાણી ના પિવાય!મું ઘેર જઈ અબ્બી આચો.હાહરી તમાકુચ પીતો આવુ.જે ગોગમારાજ."[૪૭]

પોતાના મરણપથારીએ પડેલા લાડકવાયા શિવલાને જોઇ વીરો ભૂતકાળને યાદ કરે છે.ફ્લેશબેક ટેકનીકનો પ્રયોગ કરીને સર્જકે ભુતકાળમાં વીરા ઓરગણાએ કઇ રીતે પોતાના જીવના જોખમે ખાદરામાં પડેલી મોહન રબારીની ગાયને બચાવેલી એ વાત પ્રસ્તુત કરી છે.એટલુ જ નહી આ જ મોહન રબારીએ તેના શિવલાને પોતાના ખભા ઉપર બેસાડયો હતો.

મોહન રબારી મદદ કરતો નથી તેથી શિવલો મૃત્યુ પામે છે.આ જ મોહન રબારીને તેણે ભૂતકાળમાં મદદ કરી હતી એ ઉપકારને ભૂલી મોહન રબારી નતમસ્તકે આંગણું છોડીને જતો રહે છે.મોહન રબારી સામું જોઇ હા...આક...થુંઉઉ કરીને થુકે છે તેમાં વીરા ઓરગણાનો છૂપો રોષ-આક્રોશ

વ્યક્ત થઇ જાય છે.મનુવાદી સવર્ણો તક મળે દલિતોનો ઉપયોગ કરવાનું ચુકતા નથી તો તક આવે આભડછેટનું ભૂત ધુણવાનુંય ભુલતા નથી એ વાત તરફ આ વાર્તા સંકેત કરતી જોવા મળે છે.

પીઠઝબકારની પ્રયુક્તિનો વિનિયોગ કરી વીરો ઓરગણો ભૂતકાળમાં કઇ રીતે આજ મહારાજ(મોહન રબારી)ની ખાદરામાં પડેલી ગાયને પોતાનું બધુ જ કામ કાજ છોડી જાનના જોખમે બચાવે છે અને એ વખતે આ જ મોહન રબારી કે જેને ગોગ મહારાજ આવે છે તેણે શિવાને ખભે ઉપાડી વીરાને ગાયને બચાવી લેવા વિનંતી કરી હતી.આમ,સન્નિધિકરણની પ્રયુક્તિ દ્વારા દલિતોમાં રહેલી નિસ્વાર્થભાવે સેવા કરવાની વૃતિ અને સવર્ણોની દંભી ખોખલી માનસિકતાનો પરિચય કરાવ્યો છે.

શિવાનું મૃત્યુ અહી આભડછેટનું એરું આભડવાથી થાય છે તેનો સ્પષ્ટ આક્રોશ વીરાના થૂંક વાટે રેલાય છે.

વાર્તામાં સામાજિક પરિવેશનો અસરકારક વિનિયોગ થયેલો જોવા મળે છે.વાર્તાકારે સમાજની માન્યતાઓ,ભૂવાની ધૂણવાની રીતો,અંધશ્રધાઓ,ઢોલ વગાડવાની રીતો,માતાજીનો રથ વગેરેનું નિરુપણ તળપદી શૈલીમાં કર્યુ છે.

આ વાર્તાની કથનરીતિ ત્રીજા પુરુષ એકવચનની છે.કથક વાર્તામાં બનતી ઘટનાઓથી પરિચિત છે.કથન વર્ણનની ભાષા શિષ્ટ છે તો પાત્રોની ભાષા તળપદી છે.

વાર્તામાં આવતા તળપદા સંવાદો વાર્તાના પરિવેશને ઉઠાવ આપે છે.સંવાદો દ્વારા અહી દલિતો પ્રત્યેના સવર્ણોના વિચારો પણ અભિવ્યક્ત થવા પામ્યા છે.તો સાથે વાર્તામાં આગળ બનનારી ઘટનાના સંકેતો પણ મળે છે.જેમકે મોહન રબારીને હાજરાહાજુર ગોગ મહારાજ આવે છે પણ તે ઓરગણાના છોકરાનું ઝેર નહી ચૂસે એના સંકેતો ગામ લોકો વચ્ચે થતી વાતચીતમાં મળે છે.આ સંદર્ભમાં શરીફા વીજળીવાળા નોંધે છે કે"સંવાદોમાં બોલી અને વાર્તાકથનમાં સર્જકભાષાનો વિનિયોગ કરતા સર્જકે ક્યાંય થાપ નથી ખાધી.ગામના લોકોના સંવાદો દ્વારા નીચી જાતિ તરફનો ક્ષણિક સમભાવ અને સનાતન તિરસ્કાર વ્યક્ત થતો રહ્યો છે.જરુર પ્રમાણે રચનારતિ,કથનરીતિના પ્રયોગો ખપમાં લેતી આવી વાર્તાઓ દલિત સાહિત્યના ઉજળા ભાવિની એંધાણીઓ આપી જાય છે"[૪૮]

સન્નિધિકરણ, નાટ્યાત્મકતા, ઘટનાઓના પારસ્પરિક સંનિકર્ષ, પાત્ર નિરુપણ, કથનશૈલી, વર્ણન, વસ્તુ ગુંથણી, સંયોજનની ચૂસ્તતા ને ભાષાને કારણે વાર્તા કલાત્મક બને છે.

ક.ગંગામાઃ

આ વાર્તા સૌ પ્રથમવાર 'શબ્દસૃષ્ટિ' સામયિકમાં બદલો શીર્ષક હેઠળ પ્રગટ થઇ હતી.જેને વાર્તાકારે મૂંઝારો વાર્તસંગ્રહમાં ગંગામા શીર્ષક હેઠળ સમાવિષ્ટ કરી છે.

આ વાર્તાને સર્જકે સાત ભાગમાં વિભાજીત કરીને આલેખી છે.વાર્તાના આ સાત ભાગ અલગ અલગ દશ્યોને રજુ કરે છે..વાર્તાના પ્રથમ ભાગમાં સર્જકે ગામના રાયસંગ મુખીના દીકરાની વહું સુવાવડની પીડાથી સતત ત્રણ દિવસથી પીડાય રહી છે.ગામની એકમાત્ર દલિત ગંગામા દાયણને છોડી

બધી જ દાયણોને હાથ અજમાવવા માટે બોલાવવામાં આવી હતી પણ કશું પરિણામ આવ્યું નહી તેથી રાયસંગ મુખીના ઘરનું વાતાવરણ ગંભીર હતું.છેવટે નાછુટકે દલિતવાસની અનુભવી દાયણ ગંગામાને બોલાવવાનો નિર્ણય લેવામાં આવે છે.આ આખી વાત સર્જકે ગામમાં એકઠા થયેલા લોકો વચ્ચેની વાતચીત દ્વારા આલેખી છે.ગામ ટોળાની આ વાતચીતમાં ગંગામા ઢેડ હોવાથી બધું અભડાવશે.એની ચિંતા પણ વ્યક્ત થયેલી જોવા મળે છે.કોઇકે તો અંતમાં કહ્યું પણ ખરું કે

"ઓવ્વઅ ભઈ દિયોર.સો કળજગ આયો હાળાં ઢેઢાયં ઘરમઅ પેંહસી"

"બધ્ધુય થહ ભીચા...બધ્ધુય વટલઈ જહ બદલઈ જહ !"[૪૯]

વાર્તાના બીજા ભાગમાં સર્જકે ગંગામાનું રાયસંગ મુખીના ઘરે આગમન બતાવ્યું છે.રાયસંગ મુખીના ઘરના આ દૃશ્યમાં સર્જકે ગંગામાના આવવાના કારણે અભડાઇ જવાની બીકે ઉંચા નીચાં થતા રાયસંગ મુખી,રાજી,રાજીના ઘરે એકઠી થયેલી ગામની સ્ત્રીઓ વગેરેના મનોવલણોને આલેખ્યા છે.પથુની વહું વચલાં ખંડમાં હોવાથી તેમને કઇ રીતે સાચવીને લઇ જવા તેની જવાબદારી રાજીના માથે હતી.મુખીએ હાચવીને લઇ જવાનું કહ્યું છે.વચલા ખંડમાં ગંગામાને લઇ જતાં પહેલા કશુંય અભડાઇ ના જાય એ માટે કરવામાં આવતી તૈયારીનું ચિત્ર જૂઓ

"રાજી ઘરમાં ગઇ,આગલા ખંડમાં તેમજ વચલા ખંડમાં ગંગામાનાં અડવાથી બચાવવા જેવું અને ખસેડવા જેવું હતું તે સઘળું ખસેડી દીધું.ગંગામાનાં આગમન અને ગૃહપ્રવેશની વાતે ઘરમાં અણગમાનું એક મોજું ધસી આવ્યું.બે ત્રણ સ્ત્રીઓ તો તુર્ત જ વચલો ખંડ છોડી પોતાને ઘેર ચાલી ગઇ.ચોકમાં વહુંના પિયરિયાં બાબતે ગણગણાટ ચાલું જ હતા.વાતાવરણ પહેલેથી ગંભીર હતું.તેમાં અણગમાનો ભાવ ઉમેરાઇ ગયો.છતાં મુખીના ઘરવાળાનાં ચહેરા પર વર્તાતું દુઃખ,વહુની નાજુક હાલત અને મુખીના કડપ સામે બધાએ નમતું જોખ્યું.ઘરમાંથી સામાન ખસેડવાનું કામ પૂરું કરી,રાજી ઘરની બહાર આવી.તેના હાથમાં પાણી ભરેલું તાંસળું હતું.રાજીએ પોતાના નાકમાં પહેરેલો સોનાનો કાંટો કાઢ્યો.સાડલાનાં છેડેથી લૂછયો અને તાંસળામાં મૂક્યો,પછી સોનાથી "પવિત્ર" થયેલ પાણી ગંગામાને છાંટયું..."[૫૦]

આમ,પોતાનો સ્વાર્થ સાધવાનો હોય ત્યારે દંભ-પાખંડ આચરતા સવર્ણોની ખોખલી માનસિકતા અહી સર્જકે ઉચિત રીતે બતાવી આપી છે.

થોડોક સમય વીત્યા બાદ ઘરમાંથી બાળકના રડવાનો અવાજ આવે છે અને આમ અચાનક ઘરનું ગંભીર વાતાવરણ આનંદમાં પલટાઇ જાય છે.મુખીને બધા વધામણાં આપે છે.રાવણાંનો માહોલ બદલાય જાય છે.ખુશીમાં બધા તિરસ્કારની વાત ભૂલી જઇ ગંગામાના પણ વખાણ કરે છે.મુખી ગંગામાને સાડલો લઇ આપવાનું જણાવે છે.

વાર્તાના ત્રીજા ભાગમાં સર્જકે બરોબર અસ્પૃશ્યતાનું પાલન કરતા ઘરની સાફ સફાઇનું કામ કરતા સવર્ણોની માનસિકતાનું ચિત્ર આલેખ્યું છે જુઓ

"ગંગામા ગયા એટલે ઘરમાં સાફસુફીનું કામકાજ શરુ થઈ ગયું હતું.વહું દીકરાને નવડાવવા માટે તુર્ત જ વાડામાં લઈ ગયાં,પાણીમાં સોનું નાખી સોનાવરણી થી તેમને નવડાવવામાં આવ્યાં.જે સ્ત્રીઓ ગંગામાને અડી હતી તેય નાહવા માટે પોત પોતાને ઘેર ચાલી ગઇ.મુખીના ઘરમાં સોનાથી પવિત્ર કરવામાં આવેલ પાણીનો છંટકાવ કરી,ઘરમાંથી ગંગામાની આભડછેટ દૂર કરી,ગોદડી ગાભા સાડલો વગેરે વાડામાં મૂકી આવી,મુખીની વહું,મેનામાએ રાજીને બૂમ પાડીને કહ્યું"[૫૧]

ચોથા ભાગમાં મુખીના ઘરેથી પોતાના ઘરે પાછા વળતા ગંગામાને ભગો મુખીએ શું આપ્યું?એવો પ્રશ્ન કરે છે.ગંગામા મુખીએ સાડલો લઈ આપવાનું કહ્યું છે એમ જણાવે છે.દલિતને નવો સાડલો મુખી ક્યારેય ન લઈ આપે એ વાત ગંગામા પણ સારી રીતે જાણે છે.અહી સર્જકે યોગ્ય રીતે જ મુખીના સ્વાર્થી અને દંભી વ્યક્તિત્વનો પરિચય કરાવ્યો છે.

વાર્તાના પાંચમાં ભાગમાં સર્જકે ગામ લોકો વચ્ચે થતી વાતચીત દ્વારા પસલાના વહુંની થયેલી કરુણ હત્યાની વાત રજુ કરી છે..ગામ લોકો વચ્ચેની વાતચીત દ્વારા સર્જકે અહી એ વાત પણ સુચવી દીધી છે કે પસલાની વહુને મુખીના દીકરા પથુડાએ બળાત્કાર કરી મારી નાખીને કૂવામાં ફેંકી દીધી હતી.

વાર્તાનાં છઠ્ઠા ભાગમાં સર્જકે દલિત વાસના કરુણ દૃશ્યને આલેખ્યું છે.ફોજદારે આખી રાત પસા અને ગોકળ બન્નેને ચૉરાએ બેસાડી રાખ્યાં હતાં.ગુનો કરનાર શાહુકાર બનીને ફરી રહ્યા હતા જ્યારે નિર્દોષ હોવા છતાં ન્યાય કરવાની જગ્યાએ બાપ-બેટ ઉપર ફોજદાર ગુનાનો આરોપ મૂકે છે. કારણ કે મુખીએ પૈસા આપીને ફોજદારને ફોળી લીધો હતો.આ બધી વાત ગંગામા અવાચક બનીને સાંભળી રહ્યાં હતા.

વાર્તાનાં છેલ્લા ભાગમાં સર્જકે ગંગામાના ઘરનું કરુણ દૃશ્ય આલેખ્યું છે.અંતિમ યાત્રા માટે તૈયાર કરવામાં આવતી પોતાની પૂત્રવધુની લાશને ગંગામા નિશ્ચેતન બની નીહાળી રહ્યાં છે.તે ગર્ભવતી હતી.અચાનક તેમને પથુની વહું યાદ આવી જાય છે.પોતાના જ બોલયેલા શબ્દો તેમના કાને અથડાય છે

"આથ મૂકતાં જ સૂટકારો થઇ જ્યો"

તેમની આંખોમાંથી એકાએક આંસુની ધારાઓ વહેવા માંડી

"ભા,દીકરો ને વૌઉ બવ હારા સઅ."શબ્દો અજાણતા જ તેમના અંતરમાં ઉતરી આવ્યા."[૫૨]

આમ,જેમના પરિવારના દીકરાની વહું અને બાળકને ગંગામાએ બચાવી લીધા હતાં એ જ મુખી પરિવરે ગંગામાના દીકરાની સુવાવડ વહુંને મોતને ઘાટ ઉતારી હતી.વાર્તાનાં અંતે ગંગામાના મોઢે બોલાયેલા વચનો"મારા પસલાની વૌઉ...ઈન્ની આ દશા?તમારું બેટ જળામૂળથી જાય.ચીયા ભવનું વેર વાળ્યું,ભાયના દિયોરો...!"[૫૩]તેમના મનની દારુણ સ્થિતિને સૂચવી જાય છે.

આ વાર્તામાં સર્જકે સર્વજ્ઞ કથનકેંદ્રની વાર્તાકથનરીતિનો પ્રયોગ કર્યો છે.

આ વાર્તામાં સર્જકે ઉત્તર ગુજરાતની તળપદી બોલીનો પ્રયોગ પાત્રોની ભાષામાં કર્યો છે જ્યારે વાર્તાકથકની ભાષા શિષ્ટ છે.વાર્તામાં સર્જકે સંવાદોનો ખુબ જ સચોટ વિનિયોગ કર્યો છે.સંવાદોમાં મર્મ,કટાક્ષનું તત્વ પણ જોવા મળે છે.આ ઉપરાંત અહી વાર્તાના કથાવસ્તુને અનુરુપ અને પાત્રોની માનસિક સ્થિતિને સૂચવતા વર્ણન પણ જોવા મળે છે.ગંગામાની કરુણ દશનો સૂચવતું આ વર્ણન જુઓ

"વાત સાંભળી અવાચક થયેલા ગંગામા સળવળ્યા"ભોંયહૈણે"કરેલ પસલાની વહું પાસે બેસી ગયાં.શરીર ઉપર ઓઢાડેલ પછેડી હળવેથી ખસેડી લીધી.વહુંનું મોઢું અપલક નેત્રે જોયા કર્યુ.બે હાથ પસારી મોઢું લુછયું.નીચા નમી હળવેથી કપાં પર બચી કરી.શરીર ઉપર હળવે હળવે હાથ પસારવા લાગ્યા.ગંગામાનો હાથ ફરતો ફરતો પેટ ઉપર આવ્યો.તેમની આંખમાં એકાએક ચમક આવી.કંઈક અગોચરમાં જોતાં હોય તેમ વિચારમાં ખોવાઇ ગયાં.તેમને વહુંના પેટમાં કંઈક સળવળાટ થતો હોય તેવો ભાસ થયો,ને પથુની વહું યાદ આવી.તેમના જ બોલાયેલા શબ્દો તેમની આજુબાજુ ભૂતાવળ બની ફેરફૂદરડી ફરવા લાગ્યાં."[૫૪]

ડ.ઠંડુ લોહીઃ

દલિત વ્યક્તિ ભણી ગણીને ગમે એટલો સભ્ય સંસ્કારી બન્યો હોય તેમ છતાં આભડછેટનું ભૂત તેનો પીછો છોડતુ નથી.ગમે એટલા સારા સ્થળે રહેતો હોય,સારા કપડાં પહેરતો હોય તેમ છતાં દલિત દ્દષ્ટિથી જ તેને જોવામાં આવે છે.ડૉ.બાબાસાહેબ આંબેડકર સાથે પણ કઇક આવુ જ થયુ હતુ.ખુરશીમાં બેસતા દલિતને સવર્ણ પટાવાળો નીચ દ્દષ્ટિથી જ જુવે છે અને તેનુ અપમાન કરે છે.

પરમારમાંથી પરીખ અટક બદલતાં ડાહ્યાના પિતા ભલાનું ગામ અપમાન કરે છે.એમાં પણ સરપંચ આ બાબતે ભલાને ખરું-ખોટું સંભળાવી અપમાનિત કરે છે.બિમારની સેવા કરવાનું કામ કરતાં દલિતને આજે પણ તેની જાતિના લીધે અપમાનોનો ભોગ બનવુ પડે છે.અને તેથી જ આ વાર્તાનો નાયક પણ પોતાની અટક બદલાવીને પરીખ કરાવી દે છે.ગામમાં તો હજુ પણ તેને ભલાના ડાહ્યા તરીકે જ ઓળખવામાં આવે છે.શહેરમાં ભલે તે હાય-ફાય એરિયામાં રહેતો હોય પણ આખરે ગામમાં આવતા ગામના લોકોની દ્દષ્ટિએ એ તો દલિત જ રહે છે.અને તેથી જ આ રોગનું નિવારણ કઇ રીતે થાય?એની ચિંતામાં ને ચિંતામાં જ ડૉ.ડી.બી પરીખ આખી રાત ઊંઘી શકતા નથી.તેમની મનોસ્થિતિને સર્જકે એમની ક્રિયાઓ દ્વારા બતાવી આપી છે.પોતાના કયાં અંગ-ઉપાંગ પર જાતિરુપી રોગના લક્ષણો રહેલા છે એની શોધખોળ કરતા નજરે પડે છે.

અહી સવર્ણોની સ્વાર્થી દંભી રીતિનો પરિચય પણ આપણને મળે છે.જે સરપંચે પોતાના પિતાનું અપમાન કરેલું એ જ સરપંચના ભાઇનો છોકરો અકસ્માત થતાં ડૉ.ડી.બી પરીખ પાસે આવે છે.ભૂતકાળના કડવા પ્રસંગને ભૂલી દેવેદ્ર પરીખ માનવતાને વશ થઇ મદદરુપ બને છે.ગામ પ્રત્યેનો અહોભાવ વ્યક્ત કરતાં દેવેદ્ર પરીખ પોતાના સાથી ડૉક્ટર દેસાઇને પણ વધારે કાળજી લેવાનું સૂચવે છે એટલુ જ નહી લોહીની જરુર પડતા ડૉ.પરીખ પોતે એક બૉટલ બ્લડ આપે છે.આટલુ કરવા છતાં પણ કૂતરાની પૂછડી વાંકી તે વાંકી એ ન્યાયે હેમરાજ અને તેમના સાથીઓને ઑપરેશન પછી પોતાના ઘરે લઇ ગયેલા પરીખ

સાહેબ પીવા માટેનો પ્યાલો ધરે છે ત્યારે તરહ નહીં...નહી પીવું. કહી નકારે છે અને જતાં જતાં નળનું પાણી ઘટક...ઘટક...ઘટક...એક શ્વાસે પીવે છે.અહીં દલિતના ઘરનું પાણી પીવાથી અભડાય જવાય છે પણ એ જ દલિતમાં વહેતુ લોહી પોતાનામાં વહેતા અભડાય જવાતુ નથી.સવર્ણોની આવી દંભી માનસિકતાનો ફુગ્ગો અહી ફૂટી જાય છે.

વાર્તામાં ડૉ.દેવેંદ્ર પરીખનો અભિવ્યક્ત થયેલો આંતરસંઘર્ષ વાર્તાને વધારે સઘન અને વ્યંજનાત્મક બનાવે છે.આ સંદર્ભે પ્રવીણ દરજી નોંધે છે કે"ડૉક્ટરની આંતરવેદનાને ઓર દૃઢાવે છે ટપક-ટપક થતો પાણીનો નળ.તેથી જ તેને માટે લોહી ટપક ટપક થતું હોય તેવો દુસહ અનુભવ કરાવે છે"[૫૫]

આ વાર્તામાં લેખકે પ્રથમ પુરુષ એકવચનનું કથનકેંદ્ર ઉપયોગમાં લીધું છે.જે વાર્તાનાયકના વિવિધ અનુભવોને તેમજ અનુભવોને કારણે એના મનમાં ચાલતા આંતરિક મનોવ્યાપારોને સબળ રીતે રજૂ કરવામાં સફળ થાય છે.

વિષયવસ્તુને અનુરુપ પરિવેશનું આલેખન પણ અહી થવા પામ્યું છે.તેમજ પાત્રોને અનુરુપ ભાષા-બોલીનો પ્રયોગ પણ થયેલો જોવા મળે છે.ડૉ.દેવેંદ્ર પરીખ કે જે ગામડાના ભલા પરમારના દીકરાની જૂની ઓળખ ને ભૂસીને અને નવા નામ અને અટક સાથે પોતાની નવી ઓળખ સ્થાપવામાં નિષ્ફળ નિવડેલા યુવાનની આંતરિક વેદના ને પીડાને અસરકારક રીતે આ વાર્તા અભિવ્યક્ત કરે છે.ડૉ.દર્શના ત્રિવેદી અને ડૉ.રુપાલી બર્ક આ વાર્તા સંદર્ભે નોંધે છે કે"પ્રસ્તુત વાર્તામાં જાતિગત અભિશાપ સાથે જીવતા માનવીની વેદના વ્યક્ત થઈ છે.અને તે વ્યક્ત કરવામાં વાર્તાકારે કરેલો stream of consciousness અને inter monologueનો ઉપયોગ નોંધપાત્ર છે."[૫૬]

કનુ ખડદિયા આ વાર્તામાં પ્રયોજાયેલી સન્નિધિકરણની પ્રયુક્તિ સંદર્ભે નોંધે છે કે"વર્તમાન-અતીતના સંન્નિધિકરણ અને અવગમનની પ્રયુક્તિ આ વાર્તાને કલાત્મક બનાવવામાં ઘણી કારગત નીવડી છે.વિડમ્બનનું તત્વ એ આધુનિકોત્તરગાળાની વાર્તાની આગવી વિશેષતા રહી છે.જે દલપત ચૌહાણે આ વાર્તામાં સુપેરે સિદ્ધ કરી છે."[૫૭]

૪.દલિત સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધાને વ્યક્ત કરતી વાર્તાઓ

અ. હડકાયું કૂતરુંઃ

શિક્ષણનો અભાવ અને નબળી આર્થિક સ્થિતિને કારણે દલિત સમાજ જૂની-પૂરાણી માન્યતાઓમાં રચ્યો-પચ્યો રહે છે.'હડકાયું કૂતરું'વાર્તામાં લેખકે અંધશ્રદ્ધાને વશ થયેલા વાર્તાનાયક મનાને પોતાનો એકનો એક દિકરો ગુમાવવો પડે છે.

હડકાયું કૂતરું ભગાડવા દોડેલા મનાને કૂતરાની સ્થિતિ જોઈ પોતાનો રવલો યાદ આવી જાય છે.હડકાયા કૂતરાની જેમ એ પણ લાવા નાખતો અને વાઉ...વાઉ...ઉ કરીને રડતો એ યાદ આવે

છે.અંધશ્રદ્ધામાં જીવતી ગામડાની પ્રજા કૂતરુ કરડવાથી થતા રોગનો યોગ્ય દાક્તરી ઈલાજ કરવાને બદલે બાધા-આખડીઓ કરવાની અંધમાન્યતાઓમાં વિશ્વાસ રાખે છે.રવલાની આવી હડકાયા કૂતરા જેવી સ્થિતિ થઇ હોવાથી મનો અને હેમી જાત-જાતની બાધાઓ રાખે છે.રવલાની પરિસ્થિતિ એટલી ખરાબ થઇ જાય છે કે હવે તો તે પોતાના જ હાથ-પગે બચકા ભરે છે.તેમ છતાં અંધશ્રદ્ધામાં જીવતી દલિત પ્રજાને આમાંથી બહાર નીકળવાનો યોગ્ય ઉપાય જળતો નથી.રવલો તરફડી તરફડીને અંતે મૃત્યુ પામે છે.વાર્તાતે આ રીતે જ હડકાયું કૂતરું લાકડીઓના મારથી તરફડતુ મૃત્યુ પામે છે.

બ.રોટલોઃ

દલિત સમાજમાં જોવા મળતી અંધશ્રદ્ધાને ધ્યાનમાં રાખીને લખાયેલી આ વાર્તા છે.ખાવા માટે અનાજના દાણા ના હોય ત્યાં ગરીબ દલિતને રોગમાંથી મુક્તિ મેળવવા ભીખ માંગીને ઘીવાળો રોટલો કૂતરા-બીલાડાઓને ખવડાવવાની જુઠી-પોકળ માન્યતાઓનું પાલન કરવું પડે છે.આવી અંધમાન્યતાઓમાંથી આજની એકવીસમી સદીમાં ગામડામાં જીવતા દલિતો હજુ પણ બહાર આવ્યા નથી.

વાર્તાનાયક જીવો પોતાની બીમાર ડોશીના રોગના નિરાકરણ માટે ગામમાં માતાજીના ભૂવા શનિયા પાસે જાય છે.રોગના નિવારણ માટે ભૂવો જીવાને અને સંતોકને બે દિવસ ઉપવાસ કરવાનું અને પાંચ દિવસ ઘી ચોપડેલો રોટલો કૂતરાને ખવડાવવાની તેમજ આટલું ઓછુ હોય ચૈત્ર આઠમે સવાશેર ચોખાની થાળી માતાજીને ચઢાવવાની બાધા રાખવાનું કહે છે.એક સાંધે ત્યા તેર તૂટે એવી સ્થિતિ હોવા છતાં જીવો ભુવાની વાતનો સ્વીકાર કરે છે.ઘરમાં અનાજના દાણા ન હોવાથી મુળાભાને ત્યાંથી સંતોક બાજરી માંગી લાવે છે પણ ઘીનો બંદોબસ્ત ન થતાં તેલનો ઉપાય શોધી લે છે.જીવાના ઘરની સ્થિતિ કેવી કફોળી છે તે સર્જકે અહી બતાવી આપ્યુ છે.માના શરીરની અવદશા જોઈ જીવો મનોમન વિચારે છે કે મા કદાચ આજની રાત નહી કાઢે.કૂતરાઓનું લાંબા રાગે રડવુ તેના આ વિચારને દૃઢ બનાવે છે.તેથી જ રોટલો ખવડાવવાની બાધા નિષ્ફળ જશેની ચિંતા તેને થાય છે.તે પોતેય ભૂખ્યો હોવાથી રોટલાની ચિંતા કરે છે.જે રોટલો ડોશીના પેટમાં જવો જોઈએ તે રોટલો ડોશીનો જીવ બચાવવા કૂતરાને ખવડાવવો પડે છે.જીવો બિમાર મા ઉપર રોટલો અણવારીને કૂતરાઓને ખવડાવે છે ત્યાં જ સંતોક ડોશીના મૃત્યુનાં સમાચાર જીવાને આપે છે.

આમ અભાવો અને શોષણ વચ્ચે જીવી રહેલા દલિતોની સ્થિતિ વધારે કફોળી બનાવવામાં જુની-પૂરાણી માન્યતાઓ કેવો ભાગ ભજવે છે તે આ વાર્તા પરથી આપણને જાણવા મળે છે.

સર્વજ્ઞ કથનકેંદ્રની રચનારીતિ આ વાર્તામાં સર્જકે પ્રયોજી છે.

વાર્તાના પરિવેશની વાત કરીએ તો સર્જકે અહી દલિત પરિવેશનો ખુબ જ સચોટ વિનિયોગ કર્યો છે .આર્થિક સંકળામણમાં જીવતા જીવી-સંતોકના ઘરનો પરિવેશ વાર્તાના વિષયવસ્તુને ઉપકારક બને છે.સર્જકે અહી દલિત વાસના લોકોની અંધશ્રદ્ધાનુ,તેમની કેટલીક માન્યતાઓ જેવી કે રાંઘળી માનો રથ ફરી જવો,ફાવડીનું બોલવું,માતાજીની ઝપટમાં આવી જવું વગેરેનું નિરુપણ વાર્તાના પરિવેશને ઉઠાવ આપે છે.ભુવા જાગરિયાની સાથે સંકળાયેલા શબ્દો જેવા કે રેડી,માંલ્લા,પુસ વાર્તામાં પ્રયોજ્યા છે.જે ભાવકને સર્જક આવા પરિવેશથી તંતોતંત પરિચિત છે એનો ખ્યાલ આપે છે.વાર્તાકથકની ભાષા શિષ્ટ છે

તો વાર્તામાં આવતા પાત્રોની ભાષા ઉત્તર ગુજરાતની તળપદી છે.ધુણતા સમયે ભુવા દ્વારા બોલાતી ભાષા વાર્તાના પરિવેશને યોગ્ય રીતે પ્રસ્તુત કરે છે.

૫.અસ્પૃશ્યતાકેંદ્રિત વાર્તાઓઃ

૧. કાતોરઃ

દલપત ચૌહાણની આ વાર્તામાં વાર્તાનાયક કચરાને એની જ કોકણિયો સવર્ણ હેમરાજ દ્વારા ઉચે હાથે અપાય છે.કચરાની આ સમયની મનોવેદના-વ્યથાનું વેધક નિરુપણ આ વાર્તામાં થવા પામ્યુ છે.વાર્તામાં સવર્ણ હેમરાજે પોતાની બોયડીવાળા ખેતરે હનરમાને ખબર ન પડે એ રીતે વેલજી,હઠોજી,શનોજી વાઘરી અને દલિત કચરાને ભેગા કરીને હહલુ ખાવાનો કાર્યક્રમ ગોઠવ્યો છે.હહલાનો બંદોબસ્ત કરવા હહલાને મારીને લાવવાનું કામ વાઘરી શનીયાને સોંપાયુ છે.શનીયા પાસે કાતોર નથી તેથી દલિત કચરા પાસેથી કાતોર માંગી લાવે છે.સસલું મારીને ખેતરમાં લાવવામાં આવે છે.દલિત કચરો પોતાના પૂર્વઅનુભવોને ધ્યાનમાં રાખીને મરચા-મસાલાની સાથે સાથે કોંકણીયો પણ લઇને આવે છે.હનરમાનું ઓચિંતુ આગમન થતા રંગમાં ભંગ પડે છે.અફડાતફડીમાં સસલું ગુમ થાય છે તેથી હેમરાજ અને વેલજી શનીયા અને કચરા ઉપર ગુસ્સે થાય છે.સસલા વિના દારુ ગળે ઉતરે એમ નથી તેથી દલિત કચરો પોતાની સાથે જે કોંકણીયો લઇને આવ્યો છે એનો ઉપયોગ કરવાનું નક્કી થાય છે.કોંકણીયો કચરાને હાથે શેકાય તો ખવાય નહી તેથી શનીયો કોંકણીયો સેકે છે.કચરાની કોંકણીયો કચરાને ઊચા હાથે અપાય છે.વેલજી શનીયાને કહે છે

"શનિયા કોંકણીયો આલી આય!પાસો અડીનઅ ના આવતો" શનિયો ઢીંચણ થઇ કચરા તરફ જોતા મોટેથી બોલ્યો

"વાટચી ધર લ્યાં,મું કાંકણિયો આલું."[૫૮]

કચરાનો ઉપકાર ભૂલી હેમરાજ અને તેના સાથીદારો કચરા સાથે ભેદભાવ કરે છે.દલિત કચરાની કાંકણિયો ખાતાં હેમરાજ,વેલજી તેમજ શનિયાને આભડછેટ નડતી નથી પણ કચરાની કોંકણિયો કચરાને હાથોહાથ આપતા અડી જવાય તેથી અભડાય જવાની બીક તેમને રહે છે.આ રીતે સવર્ણોની અતાર્કિક મુર્ખતા આપણી સામે પ્રસ્તુત થવા પામી છે.દલિત કચરો આ ઘટનાથી આઘાત અનુભવે છે અને પોતાની જાતને સસલારુપે રુપાંતરિત થતી અનુભવે છે.સવર્ણ સત્તાધારી વર્ગના હાથે કચડાયેલો કચરો વાર્તાને અંતે માનસિક આઘાત અનુભવે છે.તેના આ માનસિક આઘાતને સસલામાં રુપાંતરિત થવાની ઘટના દ્વારા આલેખી છે.કચરાને આ સમયે થતી અનુભૂતિ વાર્તાની મહત્વની ક્ષણ છે જુઓ"કચરાને લાગ્યુ કે તે પોતે કશું જ જોતો નથી,સાંભળતો નથી.બધું ભૂલી ગયો છે.એની આંખોમાં ધીરેધીરે રતાશ ઉતરી આવી.બધું લાલ લાલ,કોઇક પ્રાણી ઢીંચણે થઇ એની સામે ઘુરકાટ કરવા માંડ્યું.એ ઊભો થવા માંડ્યો,જાણે એ ધરતી સાથે ચોંટી ગયો.એને દોડવાની ઇચ્છા થઇ,પગ હાલ્યા નહીં,હાથ ઊંચા થયા,ત્યાં તો એના હાથે પગે રુંવાટી ફૂટી નીકળી,ધોળી ધોળી બાસ્તા જેવી.જાણે હાથ પગ થઇ ગયા.પેલું ઢીંચણે ચાલતું પ્રાણી ઊભુ થઇ,હાથમાં કાતોર લઇ એની તરફ ધસી રહ્યું છે.વધારે નજીક,વધારે...એ કાતોર વીંઝે છે.એની જ

કાતોર."[૫૯]અહી કચરાની વેદના આંતર એકોક્તિ દ્વારા વ્યક્ત થવા પામી છે.ડૉ.ભરત મહેતા આ સંદર્ભે જણાવે છે કે"કચરાનું હહલામાં થતું આ ફેન્ટસીપૂર્ણ મેટામોર્ફોસીસ અનુભૂતિને તીક્ષ્ણતા આપે છે.વાર્તામાં આવી ફેન્ટસી સામે અડોઅડ સામાજિક વાસ્તવની માંસલતા વાર્તાને કળાત્મક બનાવે છે"[૬૦]

સર્જકે અહી સંવાદોમાં તળપદી બોલીનો તો વાર્તાકથનમાં સર્જકભાષાનો વિનિયોગ કર્યો છે.વાર્તામાં બન્નેના મિશ્રણમાં ક્યાંય ભૂલ કરી નથી.ઉપરાંત અહી તળપદી બોલીના શબ્દો અને કહેવતો વાર્તાના પરિવેશને વધારે ઉઠાવ આપે છે તો વાર્તામાં સર્જકે દલિત સમાજની ખાસિયતો,રીતરિવાજો,દલિત સમાજની રોજબરોજની ટેવો વગેરેનું વાસ્તવિક આલેખન કર્યુ છે.વાર્તામાં લેખકે જરાપણ બોલકા બન્યા વિના કચરાના મન-હૃદય પર પડેલા વેદનાના ઘાને અભિવ્યક્ત કરે છે.

બ. ટોડલોઃ

'ભેલાણ'વાર્તાસંગ્રહમાં આ વાર્તા ગ્રંથસ્થ કરવામાં આવી છે.વાર્તાનાયક હરિભાઇ આ વાર્તાનું કેંદ્રસ્થ પાત્ર છે.હરિભાઇ કેંદ્રસરકારમાં મોટા મંત્રી છે.માન-મોભો-સુખસુવિધાથી જીવતા હરિભાઇને પોતાનો દીન-હીન ભૂતકાળ પીડા આપી રહ્યો છે.પોતે જે હોટલનું ઉદઘાટન કરવા જઈ રહ્યા છે તે હોટલે પોતે બાળપણમાં વાટકો લઈને દાળ-શાક લેવા જતા હતા.એ પરિસ્થિતિ તેમના માટે વર્તમાનકાળમાં ભયજનક બની રહે છે.એટલુ જ નહી આ વાત હોટલનો માલિક મહેતાજી પણ સારી રીતે જાણે છે તેથી જ હરિભાઇ અંદરોઅંદર પીડાય રહ્યા છે.પોતે દલિત છે એ વાતની સભાનતા તેમને વારંવાર પીડા આપી રહી છે અને તેથી જ પગમાં નવા જોડા પહેર્યા હોવા છતાં પગમાં કનડે છે ખરેખર તો હોટલનો ટોડલો તેમને પીડા આપી રહ્યો છે.અને તેથી જ વાર્તાતે અપાયેલું શીર્ષક ટોડલો વાર્તાનાયકની મનોદશાને અભિવ્યક્ત કરી આપવામાં યથાર્થ સાબિત થાય છે.

ક.કાંધિયોઃ

દલિતને અડતા સ્વર્ગે જવાનો માર્ગ બંધ થાય અને નર્કમાં સ્થાન મળે એવી આંધળી માનસિકતામાં રાચતા સવર્ણોની દલિતો પ્રત્યેની આભડછેટભરી ભેદભાવમૂલક સ્થિતિનો પરિચય આપણને આ વાર્તા કરાવે છે.શહેરમાં પોતાના દિકરાને મળવા નીકળેલા જીવતરામ ગોર અધવચ્ચે જ મરણને શરણ થાય છે તેથી ગામમાં પાછા લાવવામાં આવે છે.જીવતરામ પોતાની અંતિમ ઈચ્છા જીવતા જીવત કમળા ગોરાણીને કહી ચૂક્યા હતા કે"બસ,આ ગામમાં દેહ પડેને પાંચ બામણ પાલખી ઉપાડે..."[૬૧]પણ પરિસ્થિતિ એવી ઊભી થાય કે ગોરની લાશ ગામમાં આવતા જ ગામમાં વસતા ગોર ઉપસ્થિત રહેતા નથી.તેથી સ્ટ્રેચરને પકડવા જરુરી એક માણસ ન મળી રહેતા ગામલોકના કહેવાથી માનવતાને વશ થઈ જીવો ઓરગણો કાંધિયો બને છે.સવારે જ પોતાના ઘરેથી મરેલું કૂતરું તાણી જનાર જીવાને કાંધ આપતો જોઈ કમળા ગોરાણીનો આત્મા કકળી ઊઠે છે."ઓ...મારા પ્રભુજી રે!આ ઓરગણે મારા ગોરના સરગનો મારગ લૂંટી લીધો રે...ઈમનો મનખો અભડાઈ માર્યો રે..."[૬૨]આ સાંભળી જીવો ઓરગણો થોડો ખચકાય છે પણ માનવતાને વશ થઈ કાંધિયા તરીકેની પોતાની ફરજ ચુકતો નથી અને

મનોમન મૂંઝાય છે.મરેલાઓને તાણી જવાની જ વેઠ પોતાના માથે લખાય હોય એમ તે માને છે અને જાણે કે પોતે ગોર નહી કૂતરું તાણતો હોય એવુ અનુભવે છે

ડ.ઈન્સ્પેક્શનઃ

દલિત ભણી-ગણીને ભલે ગમે તેટલો મોટો માણસ બની જાય પણ એની સાથે જોડાયેલી તેની જાત એનો પીછો છોડતી નથી.ઈન્સપેક્શન વાર્તામાં આવતા દલિત શિક્ષક પરમાર સાહેબને પણ શાળામાં પોતાની સાથે શિક્ષકની નોકરી કરતા સવર્ણ શિક્ષકો દ્વારા આભડછેટનો શિકાર બનવુ પડે છે.દલિત જીવનની વરવી વાસ્તવિકતાનો પરિચય આ વાર્તા કરાવે છે.શાળામાં ઈન્સ્પેક્શને આવેલા પંડ્યા સાહેબ ગાંધીવાદી હોવાનો દંભ કરી રહ્યા છે એનો ખ્યાલ નિર્જળા એકાદશી કરી હોવાનું બહાનું કાઢી પરમાર સાહેબના ઘરનું પાણી પીતા નથી એ ઘટનાથી આવે છે.

શિક્ષિત દલિતને નોકરી-ધંધા ઉપર સવર્ણોની હલકી માનસિકતાનો ભોગ બનવુ પડે છે.માણસ-માણસ વચ્ચે રહેલી વર્ણભેદની દીવાલ કેટલી અભેદ્ય હોય છે.એનો વધુ એક પુરાવો આ વાર્તા દ્વારા મળે છે.

આ વાર્તા વિશે મોહન પરમાર જણાવે છે" ઈન્સ્પેક્શન વાર્તાનું કથાવસ્તુ સાવ સાદુંસીધું છે.બહારથી ગાંધીવાદી અને જાતપાતમાં માનનારા ડેપ્યુટી પંડયાસાહેબ હેડમાસ્તર પરમારને ઘરે લઈ જાય છે તો ખરાં,પણ એકાદશીનો નિર્જળો ઉપવાસ હોવાનું કહી પાણી પીવાનું પણ ટાળે છે.પંડ્યા સાહેબ આવવાના છે તેની જાણ થતાં જ હેડમાસ્તર પરમાર પોતાને ઘેર પંડ્યાસાહેબની જમવાની વ્યવસ્થા પણ કરી દે છે.પંડ્યા સાહેબ પરમારના ઘરનું પાણી સુધ્ધાં પીતા નથી તે શું સૂચવે છે?સરળ ગતિએ ચાલતી આ વાર્તાની ગોઠવણી પૂર્વનિર્ધારિત હોવાથી ખાસ પ્રભાવક બનતી નથી."[૬૩]

ઢ.છાંટઃ

દલિતે જે વસ્તુને સ્પર્શ કર્યો એ વસ્તુ અપવિત્ર થઇ કહેવાય અને તેથી જ પાણીની છાંટ વળે પવિત્ર કરીને પછી જ એનો ઉપયોગ થાય એવી અંધમાન્યતા આજે પણ જોવા મળે છે.પોતાના હાથે જે વસ્તુ બની હોય એ વસ્તુ અન્ય વ્યક્તિ છાંટ નાખીને લે એ વાત જ અપમાનજનક કહેવાય.કોસ આપવા ગયેલા છાંટ વાર્તાના દલિત ભીખા ચમારને પણ આવો જ અપમાનજનક અનુભવ થાય છે.ખૂબ મહેનત કરીને બનાવેલો કોસ બાજરીની લાલચે ભીખો ચમાર માધાભાને ઘરે આપવા જાય છે.ચાલી આવેલી પરંપરા પ્રમાણે માધાભા પણ છાંટ નાખીને કોસ લેવાનું ચુકતા નથી.જે બળદની ચામડીમાંથી આ કોસ બનાવવામાં આવ્યો હતો એ બળદ સાથેની આત્મિયતા માધાભામાં માનવતાનો પુરસ્કાર કરે છે અને ભીખા ચમાર સાથે અમાનવીય વ્યવહાર કરતા ખચકાય છે.કોસને છાંટ નાખવાનું ભૂલી જઇ અપરાધભાવ અનુભવે છે.

૫.અન્ય વાર્તાઓઃ

૧.મૂંઝારોઃ

સંગ્રહની અન્ય વાર્તાઓથી અલગ પડતી વાર્તા મૂંઝારો છે.આમ તો સંગ્રહની મોટાભાગની વાર્તાઓમાં લેખકે દલિતસમાજને સવર્ણસમાજ સમક્ષ મુકીને દલિતોને વેઠવી પડતી પીડા,અન્યાય,શોષણ,બળજબરી,અસ્પૃશ્યતા,અંધશ્રદ્ધાને વાચા આપી છે. પણ અહી કેટલીક વાર્તાઓમાં દલિત પાત્રોને વિશિષ્ટ પરિસ્થિતિમાં મૂકીને એમને આત્મમંથન કરતા પણ બતાવ્યા છે. જેમકે ઠંડુ લોહીના પરમારમાંથી પરીખ બનેલા ડૉક્ટર સાહેબ,ના ખપેનો શહેરમાંથી ગામડામાં આવેલ વાર્તાનાયક અજાણતા જીવતો પાડો ચિરનાર અને પાપ-પુણ્યના ચરકારમાં ફસાતો મૂંઝારો વાર્તાનો રણછોડ.

વાર્તાસંગ્રહનું શીર્ષક જે વાર્તા પરથી રાખવામાં આવ્યું છે તે સંગ્રહની છેલ્લી વાર્તા મૂંઝારો છે. પાંચ કિલો બાજરીની લાલચ આપી મનીમા જીવતો પાડો મરી ગયેલો છે એમ જણાવી રણછોડની પત્ની જીવીને આપી દે છે.સાથરી પર લાવવામાં આવેલા જીવતા પાડાને રણછોડ છરીનો કાપ મૂકે છે, ત્યાં પાડો ધબ્બાક દઈ નીચે પડે છે. જીવનમાં પહેલીવાર રણછોડે જીવતા પાડાને કાપ મૂક્યો અને મરી ગયો. મરેલા પશુને ચીરવાનો જ જેનો ધંધો છે તે દલિત રણછોડ એકાદ જીવતો પાડો ચીરાય ગયો તેથી અપરાધબોધ અનુભવે છે અને મૂંઝારાની સ્થિતિમાં મૂકાય છે.

જીવદયા અને અહિંસામાં માનતો સ-વર્ણ વર્ગ મુંગા પશુઓ પર કેવો જુલમ કરે છે. એની પ્રતીતિ આ વાર્તા દ્વારા ભાવકને થાય છે. માય ડિયર જયુની જીવ વાર્તામાં પણ નવા જન્મેલા પાડાને જે રીતે મારી નાખવામાં આવે છે તે બતાવે છે કે તેઓની કરણી અને કથનીમાં ભેદ છે.

વાર્તાની શરુઆતમાં લવજી કોરોટને ત્યાંથી સુલ્લીમાં લાવવામાં આવેલો પાડો સાથરી વચોવચ મૂકવામાં આવે છે અને રણછોડ હાથમાં છરી અને આર લઈને પાડાને પાડવાની તૈયારીમાં જોતરાય છે. પાડો પાડતા પહેલા રણછોડ જીવીને જેનો ભાગ હોય એને ભોથા લેવા ઘરે આવવાનું જણાવી દે છે. ઘરે જવા નીકળેલી જીવીને રસ્તામાં મેનાડોશી મળી જાય છે અને જાણે કે જીવીના આવવાની જ રાહ જોતી હોય એમ એને દેખતા જ પ્રશ્ન પૂછી બેસે છે-"હાચુલી જીવલી...લવજી કોરટનો મરી જ્યો...?"જીવી રણછોડે કહ્યું  એ પ્રમાણે પાડો બહુ મોટો ન હોવાથી જેનો ભાગ હોય એમને જ ભોથા લેવા આવાનું કહ્યું હોવાથી સીધેસીધો જવાબ આપવાને બદલે ગૂંચવણમાં મૂકે એવો જવાબ આપે છે. પણ ગીધની જેમ તાકીને બેઠેલી મેનાડોશી આગળ જણાવે છે-"ચ્યમ ખબેર ના પડઅ લવજીની ભેસનઅ પાડો આયો તાણ જ ખબેર અતી... આ પાડો..."[૬૪] મર્મર હસતી મેનાડોશી પર જીવીને ચીડ ચડે છે અને જવાબ આપ્યા વિના જ ત્યાંથી જતી રહે છે.

ત્યારબાદનું દૃશ્ય પાડાને પાડવામાં લાગેલા ભીખો અને રણછોડ  જ્યાં છે તે સાથરીનું લેખકે બતાવ્યું છે. અહી પાડા પાડવાની જે ક્રિયાઓ છે તેને લેખકે આબેહુબ વર્ણવી આપી છે. પાડા પર કાપ મૂકતા પહેલા રણછોડને પોતાની જાત પર હસવું આવે છે. પણ પાડાના પુછડે કાપ  મૂકતા જ પાડો હંતળોક ઊભો થઈ ધબ્બાક દઈને નીચે પટકાય છે. તેને બીજી પળે, કાપા પર લોહીના ટશિયા ફૂટ્યા અને પુંછડું ધ્રુજવા લાગ્યું સાથે ચારેય પગ રણછોડ કાંઈ સમજે તે પહેલા પાડું હંતળોક ઊભું થઈ ગયું અને ધફ્ફાંગ દઈને નીચે પટકાયું"[૬૫] પાડાની આવી જીવિત દશા જોતા જ રણછોડ ડઘાઈ જાય છે અને જાણે

કે સ્વપ્ન જોતો હોય એમ અચાનક ભાનમાં આવી લવજી કોરોટને ગાળો વરસાવા માંડે છે અને બબડતા બબડતા હાથમાંથી પડી ગયેલી છરી લઈને હવામાં ઘા કરતો વીંઝે છે. રણછોડ આમ કેમ કરે છે?એ ભીખાને સમજાતું નથી. હજી પણ પાડું જીવી જાય એ માટે રણછોડ ભીખાને પાણી લઈ આવવા જણાવે છે. અને ભીખાના કહેવા છતાં પાડું મરી ગયું એ વાતનો વિશ્વાસ બેસતો નથી અને રણછોડની અકળામણ  વધતી જાય છે. રણછોડની આ અકળામણ અહીં સ્વાભાવિક લાગે છે. રણછોડ પોતાની આ અકળામણ લવજી કોરોટ ઉપર કાઢે છે. કારણ કે જીવતું પાડું લવજી કોરોટને ત્યાંથી લાવવામાં આવ્યું હતું. ઘરે પહોચતા પોતાની પત્ની જીવી ઉપર ગુસ્સે થાય છે. પણ માવજી પંડયાના આગમનને લીધે થોડા સમય માટે તેનો ગુસ્સો ઠંડો પડે છે."આજી અગ્યારસનો ગોજ,આથે તે સાથે...કણેક આલો,સવસ્તી...જે થાવ."[૬૬] સાંભળી રણછોડ વધારે અપરાધબોધ અનુભવે છે કે અગ્યારસના દિવસે જ પોતાનાથી જીવતું પાડું કપાયું. અહી રણછોડનાં અપરાધબોધની સાથે તેની ધાર્મિક માન્યતા પણ તેની માનસિક સ્થિતિને વધારે અસ્થિર બનાવે છે.

માવજી પંડયાના ગયા બાદ રણછોડને લવજીભા યાદ આવે છે અને ગામમાં જવા ઉતાવળ કરે ચે. પોતે પાંચ કિલો બાજરીની લાલચે જીવતું પાડું લઈ આવી હતી. એ વાત જીવી રણછોડથી છુપાવે છે. અહી રણછોડના શબ્દોમાં મૂક આક્રોશના દર્શન થાય છે. જેમકે"મરી તો જ્યું આ પાપ હાથરીયે ઘાલ્યું ઈનું હું?દિયોર બચારાનઅ દુધ વના ટટળાઈનઅ મારઅ, અન કિસઅ મિયોર મરેલું હોધસઅ. હાહરા પાપિયા."[૬૭]જતા જતા જીવીના છેલ્લા શબ્દો તેને યાદ આવે છે કે "એકલા લવજીભા નઈ આખી મલક પાડા મારઅ સ!"[૬૮] આ શબ્દો તેની મૂંઝવણમાં વધારો કરે છે. લવજીભાના ઘરે જવા નીકળેલો રણછોડ આત્મમંથન કરતો લેખકે બતાવ્યો છે. એને પોતાની આર્થિક અવદશા પર પણ હસવું આવે છે. જો પોતની આર્થિક સ્થિતિ સારી હોત તો સોનાના પાડાની મૂર્તિ કરીને ભગવાનને આપ્યો હોત પણ અહી તો બૈરીની નાકની કાંટી કરાવતા ચાર વર્ષ હાથી ભાજ્યામાં ગયા ત્યાં સોનાનો પાડો કઇ રીતે લાવવો?

લવજીભાના ઘરે પહોચેલો રણછોડ મનીમાને તબડાવાના બદલે મનીમા જ તેને બોલતો બંધ કરાવી દે છે. અહી સવર્ણોની દલિતો પ્રત્યેની તુમાખીના દર્શન લેખક કરાવે છે. ભુખ અને તરસથી ઘેરાયેલા રણછોડને પોતે કેટલો સમય અહી બેસી રહ્યો એનું પણ એને ભાન રહેતું નથી. લવજીડાની એઠી-અધૂરી સિગારેટ ઝીલતો રણછોડ સિગારેટનો કસ ખેંચે છે. પણ મજા આવતી નથી અને પોતાની સ્થિતિથી પરિચિત થતો પોતે ભૂખે  પેટે કેટલો સમય અહી રોકાયો એનું ભાન થતાં ઘરે જવા નીકળે છે.સવારના ભૂખ્યા રણછોડને જીવી પિત્તળની ચારણીમાં બાજરીનાં રોટલા અને તાંસળામાં પાડાનું શાક પીરશે છે ત્યાં જ રણછોડ પુછી બેસે છે"ચોપડી ખાવા શેનું કર્યુ સઅ?જવાબમાં પાડાનું સાંભળતા જ રણછોડ ચમકી ઉઠે છે. અહી સર્જકે પ્રયોજેલા સ્વપ્નપ્રયોગ દ્વારા રણછોડના મનમાં ચાલતા આંતરિક મનોસંચલનોનો પરિચય ભાવકને કરાવ્યો છે. જેમકે"એણે તાંસળામાં નજર નોંધી રાખી એને તાંસળામાં શાક ઉપરતળે થતું લાગ્યું. ધીમે ધીમે તાંસળામાં હલચલ વધતી ગઈ, તાંસળામાં પાડાની ખરીઓ,પગ...પછી પાડું દેખાવા માંડ્યુ, એણે આંખો મસળી ત્યાં...ધબ્બાક...ધબ્બાક..."[૬૯]

"તાસળામાં નજર નોંધી તાસળામાંથી મોટો લોહીનો ટસિઓ ફૂટતો હોય એમ...ટસિયો મોટોને મોટો થવા માંડયો. ધ્રુજતુ પૂંછડુ...એકાએક ધબ્બાક...પાડો તાસળામાં પટકાયો. આખા ઘરમાં પાડાના બોટા જ બોટા...દરેક બોટું લાલ...લાલ...લોહી જેવું...એણે આંખો મીચી દીધી."[૭૦] જેવા વર્ણનો રણછોડની આંતરિક મનોદશાને અને એના મૂંઝારાને યોગ્ય રીતે વ્યક્ત કરી આપે છે."ના ખાધું હોય તો...પુને પાપ નાહઅ"[૭૧] જેવા માવજી પંડયાના શબ્દો રણછોડના કાને ઘુમરાયા કરે છે અને ભૂખે જીવ જતો હોવા છતાં રણછોડ એકાએક વાંકો વળી તાસંળાને આઘું ધકેલી દે છે અને મન પરથી બોજો દૂર થઈ ગયો હોય એમ નિરાત અનુભવે છે. ખિસ્સામાંથી બળેલી સિગારેટ કાઢી જીવીને જણાવી દે છે"આજેણમથી છાણું લી આવજે,આજી તો અપ્પા."[૭૨] આમ,આપણે જોઈ શકીએ છીએ કે વાર્તાની શરુઆતમાં પાડા પાડવાની ઉતાવળમાં લાગેલો રણછોડ વાર્તા અંતે ખુબ ભૂખ લાગી હોવા છતાં એકમાત્ર પાડો જીવતો હતો અને જીવતા પાડાને મારવાનું પાપ પોતાનાથી થયું એ અપરાધબોધથી પીડાતો રણછોડ પીરસેલી થાળીને દૂર ધકેલતો લેખકે બતાવ્યો છે.

આ વાર્તા પાપ-પુણ્યમાં ફસાયેલા દલિતોમાં પ્રગટ થતાં અપરાધબોધને વ્યક્ત કરે છે.પાંચ મણ બાજરીની લાલચે જીવતું પાડુ લવજીભાને ત્યાંથી લઈ આવેલી પોતાની પત્નીની ભૂલના લીધે પોતાના હાથે જીવતું પાડું મરાયુ-ચિરાયું તેથી અપરાધબોધ અનુભવતા વાર્તાનાયક રણછોડની મનોસ્થિતિનું સૂક્ષ્મ નિરુપણ આ વાર્તામાં કરવામાં આવ્યુ છે.મરેલા પશુને ચિરવાનો જ જીવનધર્મ પોતાનો છે એમ માનતો રણછોડ પોતાના આ પ્રકારના કાર્યથી જાત પ્રત્યે ધિક્કાર ભાવ અનુભવે છે.એમાં પણ ઘરે કણેક માંગવા આવેલા માવજી પંડ્યાના શબ્દો"મારાજનઅ હવાર હું નઅ બપોર હું!મારાજનઅ કણેક કરાવો!કોઈ દાડો અગ્યારસ કરો સો ભઈ?નાં ખાધું હોય તો અગ્યારસનો અપ્પા રાખો.બવ પુન મળસે...પુને પાપ નાહઅ..."[૭૩]રણછોડમાં પ્રગટેલા પાપબોધને દૃઢ બનાવે છે.જોકે અનાયાસે પોતાનાથી જીવતું પાડું ચિરાયુ હોય પોતાના આ પાપ માટે તે લવજીભાને જવાબદાર ગણે છે.અને તેથી પાડું પાડવાનું પડતુ મેલી ગુસ્સે થયેલો રણછોડ ઝઘડી લેવાના હેતુ સાથે લવજીભાના ઘરે જાય છે પણ લવજીભાના ઘરે જતા એનો આ ક્ષણિક રોષ ઠંડો પડી જાય છે અને પાપમાંથી મુક્તિ મેળવવા ખુબ જ ભૂખ લાગી હોવા છતાં ખાવા બેઠેલો રણછોડ એકાદશીનો ઉપવાસ કરવાનું નક્કી કરે છે.

વાર્તામાં આપણે જોઈ શકીયે છીએ કે પહેલીવારનું જીવતુ પાડુ પોતાના હાથે મરાયું એ વાત રણછોડથી સહન થતી નથી.જોકે આટલો બધો પશ્ચાતાપ સર્જકે રણછોડના પાત્રમાં બતાવ્યો છે તે જરા અનુચિત લાગે છે.પાડા છોલવાનું જ જેમના નશીબે છે એ દલિત સમાજ આટલી વાત જતી ન કરે તો એ આશ્ચર્યજનક છે.પાપ-પુણ્યમાં ફસાયેલો દલિતસમાજ ગંદાકામ કરવાનું બંધ કરવાને બદલે હિન્દુત્વવાદી વિચારશરણીને અનુસરે છે.

સર્જકે અહી આંતરચેતના પ્રવાહની નિરુપણરીતિ ઉપયોગમાં લીધી છે.

૨.દરબારઃ

દલિત –સવર્ણ વચ્ચે બંધાતી મૈત્રીભાવનાને વ્યક્ત કરતી આ વાર્તા છે.એક ગામમાંથી બીજા ગામમાં બદલી થતાં શિક્ષક મફતલાલને નવા ગામથી પરિચિત થવુ પડે છે.આમ પણ સરકારી નોકરી કરતા દલિતને સામાજિક મુશ્કેલીઓની સાથે અપમાનોનો ભાર વેઠવો પડતો હોય છે.સામાન્ય રીતે દલિતવાસનું રહેઠાણ ગામમાં જે રીતે હોય છે એ રીતે જ અહી વાર્તામાં દલિતવાસ ગામથી છેટે પશ્ચિમ ભાગે છે અને નિશાળ જવા માટે શિક્ષક મફતલાલને ગામ વીંધીને જવુ પડે એમ છે.તેથી સ્વાભાવિક રીતે જ આભડછેટના નિયમો પાડવા પડે એમ છે.ગામમાં પગ મુકતા પહેલા જ મફતલાલને ગામમાં વસતા ગોબરજીના સ્વભાવની જાણકારી મળી જાય છે તેથી નિશાળે જતા ક્યારેક ગોબરજી મળે તો તેનો સામનો કઈ રીતે કરવો તેની યોજના દલિત શિક્ષકે કરી રાખેલ છે.

એક દિવસ નિશાળે જતા મફતલાલને પાનના ગલ્લે ગામનો ઉતાર ગોબરજી મળી જાય છે.ગામમાં નવો આવેલ દલિત શિક્ષક માથે છોગું કે ટોપી પહેર્યા વગર નીકળ્યો તેથી ગોબરજી અકળાયને પોતાની રુઆબી ભાષામાં મફતલાલને બોલાવતા કહે છે

“એય...ઓમ્મઅ આવો!”

તો શિક્ષક મફતલાલ પણ પોતાની યોજના પ્રમાણે જવાબ આપતા કહે છે

“કોણ દરબાર ગોબરસીંગ?બોલો શું કામ છે?”[૭૪]

અહી વાર્તામાંથી પસાર થતા આપણે જોઈ શકીયે છીએ કે મફતલાલ પોતાની યુક્તિથી ગોબરજીને પોતાના હાથમાં લેવાનો પ્રયત્ન કરે છે.ચોરી,લૂટફાટ અને દાદાગીરીનું કામ પોતે કરતો હોવા છતાં શિક્ષક તેમને દરબારના માનવાચક શબ્દથી બોલાવે છે તેથી ખુશ થયેલો ગોબરજી મફતલાલની ભૂલ સામે આંખ આડા કાન કરે છે એટલુ જ નહી મિત્રતાના ભાવે દલિત શિક્ષક મફતલાલને મદદરૂપ બનવાનો પ્રયત્ન કરે છે.ગોબરજી સાથે મફતલાલને ઉઠવા-બેસવાનો સંબંધ બંધાય છે.ગોબરજીની બીકના લીધે ગામનો સરપંચ શિક્ષક સાથે આભડછેટ રાખતો એ પણ દૂર થાય છે.અહી જાતિગત ઓળખને ભૂલીને માનવતાના તાંતણે તેઓ બંધાય છે.એનો ખ્યાલ આપણને વાર્તાના અંતે બદલી થતા ગામ છોડીને જતા દલિત શિક્ષક મફતલાલ અને ગોબરજી વચ્ચે થતાં સંવાદોમાંથી આવે છે.આ પહેલા ગોબરજી અને મફતલાલ વચ્ચે બંધાયેલા મિત્રતાના સંબંધોને રજૂ કરતા કેટલાક પ્રસંગો સર્જકે રજુ કર્યા છે.જેમકે ગોબરજી ગામમાં કેટલાક દિવસથી ન દેખાતાં એની ચિંતા કરતો દલિત મફતલાલ એના ખબર-અંતર પૂછવા ગોબરજીના ઘરે જાય.ગોબરજી ઉચનીચના ભેદભાવ ભુલી મિત્રતાના ભાવે મફતલાલને માન આપે અને પોતાના ખેતરે આવવા નિમંત્રણ આપે.સમ આપીને મફતલાલની સામે દારુની પ્યાલી ધરે.ગોબરજીના ખેતરે પહોચેલા મફતલાલને ગોબરજી દારુનો પ્યાલો ધરે.પોતે દારુ પીતો નથી અને દારુ પીતા પોતાને ભાન રહેશે નહી એમ સ્પષ્ટ જણાવી દે છે.આમ કહેવા છતાં ગોબરજી મફતલાલને દારુ પીવડાવે છે.મફતલાલ દારુનો નશો ચઢ્યો હોય એમ ગોબરજીને મોઢામોઢ સંભળાવે છે

“દરબાર”

"બોલો માસ્તર"

"મારે ગામમાં એક માણસને સીધું કરવું છે!"

"એ કુણ સઅ?મનઅ કો."

"ના દરબાર,એને મારી જાતે સીધું કરવું છે.સાલ્લુ માનતું નથી."

"કુણ સઅ?"

"હાહરું પેલું ગોબરિયું.ગામમાં બહુ ધમાલ કરે છે,સાલ્લુ મારી સામે આવે તો આમ મસળી નાખું દરબાર!"[૭૫]

મફતલાલની વાત સાંભળી ગોબરજી ગુસ્સે થયો હોવા છતાં દરબાર તરીકે પોતે આપેલુ વચન નીભાવે છે. ગામમાંથી બદલી થતા મફતલાલને ગામ છોડવું પડે છે જેનું સૌથી વધારે દુઃખ ગોબરજીને થાય છે.

વાર્તાસંગ્રહની પ્રસ્તાવનામાં સર્જકે આ વાર્તા સંદર્ભે નોંધ્યુ છે"દરબાર વાર્તાના માસ્તર મફતલાલ આ લેખ માટે મુસદ્દો મનમાં તૈયાર કરતો હતો ત્યારે,રખિયાલ ચાર રસ્તે મળી ગયા,ચાની કીટલીએ.હવે નિવૃત્ત શિક્ષક છે.તંદુરસ્ત શરીર.ગોબરજી નથી.માસ્તરે કહેલુ"ગોબરજી પરણેલો એના પુત્રો સુધરેલી ખેતી કરે છે."[૭૬]

૩.વેઢઃ

સમસંવેદન અનુભવીને મદદરુપ બનતા દલિતની વાતને રજુ કરતી આ વાર્તા છે.માધાભાને ત્યાં દુકાને કામ કરતો મનોર પૈસાની મદદે માધાભાઇને ઘરે આવે છે.પૂજામાં બેઠેલા માધાભાઇ મનોરનો કરગરતો અવાજ ઓળખી જાય છે"શેઠનઅ કો...મું આયો સુ.ગાડીનો ટેમ થઇ જ્યો સઅ.ગાડી ઉપડી જહઅ પસઅ કાંઇ નઇ.બવ બીમાર સઅ."[૭૭]શબ્દો તેમને ભૂતકાળમાં લઇ જાય છે અને મનોરની જેમ જ પોતે આ રીતે તલકચંદ શેઠને ત્યાં શેઠાણી આગળ કરગરતો હતો એ પ્રસંગ યાદ આવી જાય છે.

"શેઠાણી...શેઠનઅ કો,મારો ભગો બીમાર સઅ.શેરમાં દવાખાને લેઇ જવો સઅ...અત્તારની ગાડીમાં..."

"તે હું શું કરુ!શેઠ સેવામાં બેઠા છે,સેવા પતે ત્યારે વાત."છણકા સાથે શેઠાણીએ જવાબ આપ્યો.

શેઠનઅ કો માધો આયો સઅ!ભગો બીમાર સઅ,મારો સોકરો.મોટા દવાખાને લેઇ જવો સઅ.વણકરીના બાકી પૈસામાંથી આલવાનુ કો..."કહી માધાએ હાથ જોડયા.

"એકવાર કહ્યુને,શેઠ સેવામાં બેઠા.તારા છોકરા માટે સેવામાંથી ના ઉઠાડાય,સમજ્યો.દુકાને જજે,હું શેઠને કહીશ,બસ?"

આ ગાડી ઉપડી જહઅ પસઅ?"

ગાડી ઉપડે તો ઉપડે,જા...એકવાર કહ્યુ ને!”

જેમ જેમ શેઠાણીની તોછડાઇ વધતી જતી હતી,તેમ તેમ માધો કરગરતો જતો હતો.શેઠાણીએ ઘરમાં જવા પગ ઉપાડયો.માધો રડી પડયો.

“વેળહર ભગાને દવા ના મળી તો...”

શેઠાણી બારણા પાસે જઇ ઊભી રહી.

માધાએ ધરતીને હાથ અડકાડીને પગે લાગતા કહેવા માંડયું.

“મારા ભગાને શેરમાં દવાખાને લઇ જવો સઅ?ગાડી...”

શેઠાણી પગ પછાડતી પાછી આવી.એનો ગુસ્સો હવે માઝા મૂકવા માંડયો હતો.

“એકવાર કહ્યું સંભળાતું નથી?હલકી વરણને કાંઇ એકવાર કહેલું માને તારા માટે સેવામાંથી ઉઠીને પાપ ના લેવાય.તારા પૈસા હશે તો આપશે.”[૭૮]

આવી સ્થિતિમાંથી પસાર થયેલો માધો મનોરને મદદ કરતા ખચકાતો નથી.પોતાના પિતાએ આપેલો વેઢ વેચી માધો પોતાના દીકરાની દવા કરાવડાવે છે.એટલુ જ નહી તલકચંદની ગુલામીમાંથી છૂટકારો પણ મેળવે છે.ઉપલા વર્ગના લોકો નીમ્ન વર્ગના લોકોની સમસ્યાઓને સમજી શકતા નથી અને તેમની સાથે દુર્વ્યવહાર કરે છે પણ નીમ્ન વર્ગની વ્યક્તિ ગરીબ વર્ગની સમસ્યાને સમજી એને મદદરુપ બનતો હોય છે.

૪.ચીરુઃ

સત્ય,સદાચાર,પ્રામાણિકતા એ માત્ર ઉચ્ચ વર્ણના લોકોનો જ ઈજારો નથી દલિત વર્ગમાં પણ આ મૂલ્યો જોવા મળે છે.પ્રસ્તુત વાર્તા પણ દલિતોમાં જોવા મળતા આવા જ પ્રામાણિકતાના ગુણને અભિવ્યક્ત કરે છે.જિંદગીના વણાટમાં ચીરું કહેતા ખજૂરો ન પડવો જોઈએ એ મતલબની પિતાએ ગાંઠે બંધાવેલી શિખામણને વાર્તાનાયક મોહનભાઇ ધરતીકંપ પછીની રાતે ભૂખ્યા પુત્રને કશુક ખવડાવવા માટે,ધરતીકંપમાં ભાંગી પડેલી મીઠાઈની દૂકાનમાંથી ડગુમગુ મનથી મીઠાઇ ચોરવા જાય છે પણ મીઠાઈની બાંધેલી પોટલી મનોમંથન પછી પાછી મુકી દે છે.સદાચરણ અને પિતૃવાત્સલ્ય વચ્ચેના સંઘર્ષને સર્જકે ઉચિત રીતે નિરુપી આપ્યો છે.પિતાના શિખામણભર્યા શબ્દો

“બેટા,આપણેય કબીરની નાતના વણકોર.કબીરજીની ચાદર ના વણીયે પણ...પસેડી વણીયે.પસેડીમઅ ચીરું ના આવઅ ઈનું ધ્યાન રાખવાનું હમજ્યો?”

હેતથી ડૂવાનું તાંસળું આપી,સમજાવે.

ભઇ,પસેડીમઅ ચીરું આવ તો ઈની કિંમત ઓસી થઇ જાય પણ...જો જિનગીમઅ ચીરું આવ તો!બળ્યું એ જીવતર...”

પછી અટકીને બારણાની બારસાખ તરફ જોઈ રહે.ને ક્યાક અગોતરથી વાંચતા હોય એમ બોલેઃ

"પારકું લેવું,ચોરી કરવી,અણહકનું ગુંજે ઘાલવું એ બધાં ચીરાં કેવાય ઈનાથી દૂર હારા"[૭૯]

પિતાના આ શબ્દો મીઠાઈની થેલી લઈને ઉભા રહેલા મોહનભાઈના કાનમાં ગુંજી ઊઠે છે.એકબાજુ પોતાના ભૂખ્યા બાળકનો રડમશ ચહેરો અને બીજીબાજું પિતાનું વચન આ બન્નેની વચ્ચે વાર્તાનાયક ભીંસ અનુભવે છે.જોકે વાર્તાતે નાયક પોતાના ભૂખ્યા બાળકની ભૂખને સંતોષવા માટે સુખડીયાને ત્યાંથી ચોરી કરવાનો નિર્ણય કરે છે.

૫.બા,વાળું આલજો

આ વાર્તા સૌ પ્રથમવાર 'ચાંદની' સામાયિકમાં પ્રગટ થઈ હતી.જે મૂંઝારો વાર્તાસંગ્રહમાં સમાવિષ્ટ કરવામાં આવી છે.

શહેરમાં રહેતા અને સોસાયટીમાં સફાઈનું કામ કરતા જીવા અને શાંતુંના જીવનની વાત સાથે શહેરના કહેવાતા ભદ્રવર્ગના જીવનની વાસ્તવિક સચ્ચાઇને 'બા,વાળું આલજો' વાર્તા પ્રગટ કરે છે.વાર્તાનાયિકા શાંતુનો દીકરો સમુડો બીમાર છે.એ વાત સાથે વાર્તાનો આરંભ થાય છે.શાંતુનો પતિ જીવો નગરપાલિકાનો સફાઈ કામદાર છે.તેમના ભાગે આવતું સફાઈનું કામ પૂરુ કરી તેઓ બપોરે છૂટાં પડે છે.દારુની લતે ચઢેલો અને ખૂબ દારું પીતો શાંતુનો પતિ જીવો મોડી રાત્રે ઘરે પાછો ફરતો તેથી ઘરની બધી જ જવાબદારી શાંતુના માથે રહેતી.શાંતુનો એકનો એક દીકરો સમુડો બે ત્રણ દિવસથી બીમાર છે.પૈસાના અભાવે તે દવા કરી શકે એમ નથી.સમુડાને ભાત ખાવાની ઈચ્છા હોવાથી ઈચ્છા ન હોવા છતાં શાંતું સોસાયટીમાં વાંળુ માંગવા જાય છે.સોસાયટીમાં રહેતા દરેક પરિવારની નાની મોટી દરેક હરકતોથી શાંતું માહિતગાર છે.એ ખ્યાલ વાચકને શાંતુના મનમાં ચાલતી અને વાર્તામાં સર્જકે કૌંસમાં રજુ કરેલી વાત દ્વારા થાય છે.

આ વાર્તાને સર્જકે ચાર ખંડમાં વિભાજીત કરી છે.પ્રથમ ખંડમાં શાંતુના ઘરનો ચિતાર અને શાંતુની પોતાના બીમાર છોકરાની ચિંતા રજૂ થઈ છે.પોતાના મન સાથે બબળતી શાંતુ જીવાને ઉદેશીને બબળે છે.બીજા ખંડમાં શાતુ વાળું લેવા સોસાયટીમાં પહોચી છે.બા,વાળું આલજો એમ કહીને ઘરના દરવાજા પાસે ઊભી છે..ઘરમાં પતિ-પત્ની વચ્ચે ઝઘડો ચાલી રહ્યો છે.આ તરફ શાંતુને પોતાના દીકરાની ચિંતા સતાવી રહી છે.શાંતુને ઘર ઘરકી કહાની ખબર છે.દરેકના ચારિત્ર્યનો હિસાબ તેની પાસે છે.સોસાયટીમાં એકમાત્ર પત્ની વિનાના માસ્તરનું જ ચારિત્ર્ય સારું છે.અંતમાં વાળું લઈને પાછી ફરતી શાંતુને ફૂટપાથ પર ભાતની આશા સાથે રાહ જોઈને બેઠેલો ભિખારી મળે છે.ભાત માંગી રહ્યો છે પણ શાંતું ભાત થોડાક જ હોવાથી આપવાની ના પાડે છે.ત્યાં જ એકાએક તેને કોઈક નાનકડો આકાર નજરે પડે છે અને સંભળાય છે "માડી...ઓ... માડી" અને સમુડાના શબ્દો કાને પડે છે અને આમ વાર્તા પૂરી થાય છે.

હરીશ મંગલમ આ વાર્તા સંદર્ભે નોંધે છે કે"સાંજ ઢળ્યા પછીના આછા અંધારામાં,કહેવાતા સવર્ણ લોકોના જાતજાતના અને ભાતભાતના વિચિત્ર વાણી વર્તન,ઊબકા આવે તેવા કવેણ વગેરેના સૂક્ષ્મ

નિરુપણમાં માણસની જિંદગીનો વાસ્તવિક અર્ક દર્શાવ્યો છે....એ સમયે થતાં અસ્પૃશ્યતાના અનુભવને લેખકે યથાર્થ રીતે વાર્તામાં વણી લઇ,સમાજમાં પ્રવર્તતા આ વરવા દૂષણ પ્રત્યે લાલબત્તી ધરી છે."[૮૦]

તો અરવિંદ વેગડા આ વાર્તા સંદર્ભે નોંધે છે" દલિત સમાજની લાચારી અને ભદ્ર સમાજના આભડછેટનાં બોદા વલણો લેખકે ભાષાની કરામતથી સુચારું વર્ણવ્યા છે."[૮૧]

આ વાર્તામાં સર્જકે ત્રીજા પુરુષ એકવચનની કથનરીતિનો પ્રયોગ કર્યો છે.વાર્તાકથકની અને શહેરી પરિવેશના પાત્રોની ભાષા શિષ્ટ છે જ્યારે દલિત નારી અને ભીખારીની ભાષા તળપદી છે.વાર્તાનો પરિવેશ શહેરનો છે.વાર્તાનાયિકા શહેરમાં રહેતી અને વાળું માંગીને પોતાનું જીવન ગુજરાણ કરી રહી છે. તેથી એને અનુરુપ પરિવેશનું નિર્માણ વાર્તાકારે અહી કર્યુ છે.

૬. ચાંલ્લો.

આ વાર્તા સૌ પ્રથમવાર નયા માર્ગ સામયિકમાં પ્રગટ થઇ હતી.જે મૂંઝારો વાર્તાસંગ્રહમાં સમાવિષ્ટ કરવામાં આવી છે.

આધેડવયે પહોચેલાં ગરોડા બ્રાહ્મણ શિવા પંડ્યાને યુવાનવયે પોતાની પત્ની શાંતા સાથે મેળામાં મ્હાલ્યા બાદ બ્રાહ્મણશાહી કેડિયું,માથે પાઘડી,પગમાં જોડાં અને કપાળે લાલઘુમ ચાંલ્લો કરીને ભાટવાડામાંથી નીકળવા જતાં બનેલી અમાનવીય ઘટના યાદ આવે છે અને મરતા પહેલા માથામાં થયેલા ઘા ની સાચી હકીકત પોતાના સંતાનોને જણાવી દેવાનો પ્રયત્ન કરે છે.વાર્તા સર્જકે વાર્તાનાયક શિવો પંડયો જે વાત કહેવા માંગે છે તેનું રહસ્ય વાર્તાના અંત સુધી અકબંધ રાખ્યું છે જે આ વાર્તાની વિશેષતા છે.

પોતાના દીકરા હરિએ અલાયદી એક ઓરડી પોતાના માટે જ બનાવેલી હોવા છતાં આજે તેને ઓસરીમાં ખાટલો ઢાળવાની ઇચ્છા થાય છે ત્યાંથી વાર્તાનો આરંભ થાય છે.ઓરડીમાં ટિંગાડેલા માતાજી-ભગવાનના ફોટા જોઇને શિવાને સારું લાગતું નથી.અહીથી જ વાચકને વાર્તાની મૂખ્ય ક્ષણના સંકેત મળે છે.જીવનના અંતિમ દિવસોમાં ભગવાનનું નામ સ્મરણ કરવાનું છોડીને શિવાને ફોટા જોઇને ચીડ ચઢે છે.આ ચીડ અકારણ નથી.જેનું રહસ્ય વાર્તા જેમ જેમ આગળ વધે છે તેમ તેમ વાચકને સમજાય છે.શિવો પંડ્યો જીવનની સુખદુઃખની ક્ષણોને વાગોળી રહ્યો છે.ત્રણ ત્રણ પેઢી જોઇ લીધી હોવા છતાં શિવાને જીવનની તડકી છાયડી યાદ આવે છે.તે હરિને કહે છે

"સપનો ચ્યમનો ભૂલાય ભૈઇ,મા બાપની હિયારી નતી,ભૈઇ ભૈઇની હિયારી નતી,મું આઠ વરહનો અતો,હમજદારી પંદર વરહની અતી એ સેં ભૂલાય?બધું મ્હાણ જેવું લાગતું ભૈ"[૮૨]

હરિ પિતાને બધું ભૂલી પરભુ પરભુ કરવાનું કહે છે.અને ઓરડામાં ખાટલો રાખ્યો હોત એમના માટે જ મઢાયેલા ભગવાનના ફોટા જોઇને આરામ કરતા એમ કહે છે.હરિના મોઢે સિધપરનું નામ સાંભળતાં જ શિવો પંડયો ધ્રુજી ઊઠે છે.એ સમયે શિવા પંડ્યાની થતી સ્થિતિ જુઓ

"સિધપર...શિવો પંડયો બબડયા.જાણે એ બબડાટના પડઘા તેમની આજુબાજુ ઘૂમરાવા માંડયા હોય તેમ માથું ધુણાવ્યું.જાણે આખું ગામ રુદ્રમાળ થઇને એમના પર ધસી આવતું હોય એમ લાગ્યું.એમણે હરિએ પકડેલો હાથ છોડાવવા માટે પ્રયત્ન કર્યો.જાણે આખું શરીર બિંદું સરોવરમાં ધીમે ધીમે ઓગળતું જતું હોય તેમ મૂંઝારો થયો.તેમણે શરીર સાવ નાખી દીધું.હરિએ તેમને પકડી રાખેલા હોવાથી ભોંય તો ન પડ્યા પણ હરિના હાથમાં લટકી રહ્યાં...."[૮૪]

શિવા પંડયાની આંખ સમક્ષ પોતાનો દુઃખદ ભૂતકાળ ખડો થાય છે.એ યાદ આવતાં જ જાણે કે એના પર હૃદયાઘાત થાય છે.તેને પોતાની શાંતા યાદ આવે છે.હરિ અને ઘરના અન્ય સભ્યો ભાની આવી હરકતોથી ચિંતિત બને છે.અંતિમ સમય નજીક હોવાને કરાણે ભા જેમ તેમ બબડી રહ્યાં છે એમ તેઓને લાગે છે.બહાર આવીને ઓસરીમાં આવીને સૂતેલા શિવા પંડયાને પાણીની પરબડી જોતા ફરીવાર સિદ્ધપુર અને ભાટવાડો યાદ આવી જાય છે અને પોતાના દુઃખની વાત કરવાનો પ્રયત્ન કરે છે પણ કહી શકતો નથી.હરિ પોતાની માની વાતે લાગણીવશ બને છે.શિવાને પોતાની એકની એક દીકરી યાદ આવે છે.લીમડો,પરબડી,કાગડો તેને વારંવાર ભાટવાડાની યાદ અપાવે છે.હરિ જીવનની આ અંતિમ પળોમાં પિતાને રામ રામ ભજવાનું કહે છે પણ શિવો પંડયો એમ કરવાનું સ્પષ્ટ ના પાડે છે.તેમના મુખેથી આમ ના સાંભળીને બધા આશ્ચર્ય અનુભવે છે.શિવાને  કપાળ પરનો ચાંલ્લો વારંવાર ભાટવાડાની યાદ અપાવે છે.હરિને તેની માએ કપાળ પરનો ઘા મેળામાં જતી વખતે ભડકેલા આંખલાના વારને લીધે પડયો હતો એમ જણાવ્યું હતું.શિવો પંડયો એ વાત ખોટી હોવાનું જણાવે છે.શિવો કહે છે કે"ચાર પગવાળો નઈ,ઈનું તો દઃખ અજી મનમાં ભટભટાઇને બેઠું સઅ!"

"તાણઅ તો ખાસ બઉ વાજ્યું નતું! આ શેંગડું કપાળમઅ વાજી જ્યું તું!"

"ભૈઈ શેંગડું માથઅ નતું વાજ્યું માંય વાજ્યું તું!કહેતા શિવાએ છાતી પર હાથ મૂક્યો"

"તારી મા ચેટલી દખી થઇ ઈની તમને શી ખબેર મુંય એવો થઇ જ્યો,તો ધરતીમા માગ આલઅ તો હમઈ જવા જેવું થયુંતું!"

"ચ્યમ ભા...આમ બોલો સો?"

"આ તો બવ દાડા ભંડારેલું મન કોતરી ખાય સઅ.આ કપાળમઅ ઘા થ્યો એ આખલાએ નતું વગાડયું"[૮૫]

વાર્તાસર્જકે ફ્લેશબેક ટેકનિકનો પ્રયોગ કરી શિવા પંડ્યા સાથે બનેલી દુઃખદ,અમાનવીય ઘટનાને આલેખી છે.યુવાન શિવો અને તેની પત્ની મેળો મ્હાલી રહ્યાં છે.એકબીજા પ્રત્યે પ્રેમની છોળો ઉછાળી રહ્યાં છે.પત્નીની ઈચ્છા છે કે તેઓ ભાટવાડામાંથી પસાર થઇ ઘરે જાય પણ શિવા પંડયાને તેનો ડર છે.પોતે પહેરેલા પોશાકે ભાટવાડામાંથી જવું ખતરાથી ખાલી નહોતું.શાંતા પણ આ વાત સારી રીતે જાણે છે.તેમ છતાં શાંતાની જીદને કારણે ભાટવાડામાંથી પસાર થવાની હિંમત તેઓ કરે છે.જે વાતનો ડર તેમના મનમાં હતો  એ જ ડર કરસન મહારાજના રુપે સામે આવીને ઊભો રહે છે.બ્રાહ્મણશાહી પોશાક

અને કપાળે ચાંલ્લો કરેલો જોઈ ભાટવાડામાં રહેતો કરસન મહારાજ તેમનું અપમાન કરે છે.પોતાના ખાહડા ઉપર થુંકીને શિવા પંડ્યાને ચાંલ્લો ભુસાવડાવે છે અને પૂરી રીતે ન ભૂંસાતા ડંગોરા વડે કપાળમાં ચાંલ્લાની જગ્યાએ ઘા કરે છે.આવો અપમાનજનક વ્યવહાર એકમાત્ર ગરોડા હોવાને કારણે શિવા પંડ્યાની સાથે કહેવાતા બ્રાહ્મણ જાતિના જાતિવાદી કરસન મહારાજ દ્વારા આચરવામાં આવે છે.શિવો પંડયો આ ઘટનાને જીવનભર ભૂલ્યો નહોતો આ જે જ્યારે જીવનની અંતિમ ક્ષણો આવી પહોચી છે ત્યારે એ અપમાનજનક વાતનો વશવશો કાઢી નાખવા માટે મરતા પહેલાં તે પોતાની અંતિમ ઈચ્છા હરિને જણાવે છે કે મર્યા બાદ તેના કપાળે ચાંલ્લો કરવામાં ન આવે. અને આમ વાર્તાનો અંત આવે છે.

આ વાર્તામાં સર્જકે ત્રીજા પુરુષ એકવચનની કથનરીતિ ઉપયોગમાં લીધી છે.જે વાર્તાનાયક શિવા પંડયાના જીવનની આંતર-બાહ્ય ઘટનાઓને આલેખવામાં સફળ બને છે.

વાર્તામાં વાર્તાકથકની ભાષા શિષ્ટમાન્ય છે તો વાર્તામાં આલેખાયેલા પાત્રોની ભાષા ઉત્તર ગુજરાતની તળપદી  ભાષા છે.આમ શિષ્ટ અને તળપદી ભાષાના વિનિયોગમાં વાર્તાકાર ક્યાંય ચૂક કરતાં નથી.

વાર્તામાં આલેખાયેલી ભાષાશૈલીની વાત કરીએ તો અહી સર્જકે સંવાદ અને વર્ણન બન્નેનો વાર્તાના કથાવસ્તુને અનુરુપ વિનિયોગ કર્યો છે.વાર્તાની શરુઆત જ સંવાદના તત્વથી થાય છે.શિવા પંડ્યા અને દીકરા હરિ વચ્ચે થતો સંવાદ,શિવા પંડયા અને તેની પત્ની શાંતા વચ્ચે થતો સંવાદ,શિવા પંડ્યા અને કરસન મહારાજ વચ્ચે થતો સંવાદ અને અંતમાં ફરી હરિ અને શિવા પંડ્યા વચ્ચે થતો સંવાદ એમ ઠેર ઠેર સંવાદનું તત્વ વેરાયેલું છે.તળપદી ભાષામાં આલેખાયેલા આ સંવાદો જે તે પાત્રના આંતરિક મનોસંચલનોને પણ પ્રગટ કરે છે.

તો વાર્તામાં સર્જકે વર્ણનશૈલીનો પણ પ્રયોગ કર્યો છે.ખાસ કરીને શિવા પંડયાના માનસિક સંચલનોની પ્રસ્તુતિ માટે કરેલા વર્ણનો વાચકનું ધ્યાન ખેંચે છે.જેમકે આ વર્ણન જુઓ

"શિવો પંડયા અટક્યા.ચારે તરફ નજર ફેરવી,લીમડા પર આવેલા મહોરના ધોળાં ફૂલ જોતા રહ્યા.ત્યાં હોલો ડાળ પર આવીને બેઠો.ગળું ફુલાવી પરભુ...તું...પરભુ...તું...બોલવા માંડયો.બીજી ડાળી પર હોલી બેઠી હતી.શિવો એ બન્ને તરફ જોતા રહ્યા.હોલાની ગરદન ફૂલતી,ડોલતી એમ શિવાનું મન હાલવા માંડ્યું.કેટલી બધી શાંતિ હતી એ બે જીવને! આવાં સમયમાંય શિવાના ચહેરા પર હાસ્યની લેરખી આવી ગઈ,ત્યાં કાગડાનો અવાજ સંભળાયો.ને હોલો-હોલી ઊડયાં.શિવો વિચારને ઝોલે ચઢયાં.લીમડા બાજુંથી હળવો પવન આવ્યો.લીમડાના મજોરની મહેકે બધું મધમધાટ લાગવાં માંડ્યું.કેવી માદકતા હતી! એ હોલી આગળ હોલો કેવું ગળું ફુલાવીને નાચતો હતો!હા,નાચતો જ હતો,રીઝવવા માટે,પ્રેમ માટે..એમ..કાતોક..કાતોક,કાતોક અને શિવો પંડયો આંખ મીંચી ગયા."[૮૯]

બીજું એક વર્ણન જુઓ

"શિવો ખાટલામાં ઉભડક બેસી ગયા.એમને એકાએક તમ્મર આવી ગયાં...દીકરો અને વહુ તથા ભેગા થયેલાં બધાં સાવ નજીજ આવી ગયાં.તેમના દીકરાએ તેમને પકડી લીધા,પછી સાચવીને સુવડાવી દીધા.શિવાએ તેમાં સહેજ પણ વિરોધ કર્યો નહી.ખાટલામાં સૂતાં તેને બધું ગોળગોળ ફરતું લાગ્યું.ઘરની છત...લીમડો..હોલો...કાગડો...દીકરો...બધું જ! એણે આંખો બંધ કરી...થોડીક રાહત જેવું લાગ્યું.સરસ્વતીનું જળ ફક ફક કરીને લોહી થઈ તેના કપાળમાંથી વહેવા માંડ્યું.પાછો એ જ ભાટવાડો ને શાંતામાં ગૂચવાઈ ગયા."[૮૭]

આમ,આવા ઘણા વર્ણનો જે પાત્રની આંતરિક ક્રિયાઓને અભિવ્યક્ત કરે છે જેને વાર્તાકારે અહી કુશળતાપૂર્વક આલેખ્યા છે.

હરીશ મંગલમ આ વાર્તા સંદર્ભે નોંધે છે"ચાંલ્લો વાર્તાવસ્તુની પડછે રહેલી વેદનાની ચીસ,સતત આપણને કાનના પડદા ચીરતી અંદરને અંદર છેક ભીતરના દ્વાર ખટખટાવે છે.આ વાર્તાકલાના કસબ માટે લેખક અભિનંદનના અધિકારી છે"[૮૮]

અરવિંદ વેગડા આ સંદર્ભે નોંધે છે"શિવા પંડયાના કપાળ ઉપરનો ચાંલ્લો એ ધાર્મિકતાનુ નિશાન નથી પણ ઉજળિયાત વર્ગની જોહુકમીનો,આભડછેટનો,ધાર્મિક અંધશ્રદ્ધાનો કાળો ભૂતકાળ છે"[૮૯]

૭.આળ:

પોતાના નાનાભાઇ મનાના ઘરે ભીત કોચીને કોઇ દસ પછેડીનું પોટલુ ચોરી ગયુ તેથી મોટોભાઇ મૂળો પોતાની આવડતથી ચોરની પાસેથી પછેડીઓ પાછી લાવી આપે છે.પણ વાસના લોકોની ચણભણથી મોટાભાઇ મૂળા સામે જ આંગળી ઊઠે છે.બે ભાઇઓ વચ્ચે આ રીતે ફૂટ પડાવવાનો પ્રયત્ન વાસના લોકો કરે છે.મનાના ઘરે ચોરી થઇ હોવાની વાત સાંભળી રાતની ઊંઘ લેતો મૂળો સફાળો જાગીને ઘરે આવે છે.મના સાથે વિગતે વાત કરી ચોરી કરનાર કોણ હશે?એનો તાગ મેળવી પોતાના બાળબંધુ વીહાજી પાસે પહોચે છે.ગાંઠના ગોપીચંદ ખર્ચીને મૂળો વીહાજીને પછેડીઓ પરત કરાવી આપે છે.ભૂખ્યો તરસ્યો મૂળો ઘરે પહોચીને પછેડીઓ પાછી આવવાની રાહ જોતો બે ગજ કાપડ વણવા બેસે છે.પોતાના ભાઇનું ભલુ ઇચ્છતો મૂળો ગાંઠનાં પૈસા ખર્ચીને ગામના ઉતારને રીઝવે છે પણ આ બાબત વાસના લોકોની ઈર્ષાવૃત્તિને કારણે બન્ને ભાઇઓ વચ્ચે વેરભાવનાના મૂળ રોપવા સુધી પહોચી જાય છે.જોકે આવી કટોકટિની સ્થિતિમાં પણ બન્ને ભાઇઓ એકબીજા પ્રત્યે રહેલા વિશ્વાસના તંતુને જાળવવામાં સફળ રહે છે.વાર્તા આપણને દલિતસમાજમાં અંદરોઅંદર પ્રવર્તતી ઈર્ષાવૃતિનો સંકેત કરે છે.

ઘરાકવટી:

આ વાર્તા'ડર'વાર્તાસંગ્રહમાં ગ્રંથસ્થ કરવામાં આવેલ છે.ગરોવાસની કંકુ અને વણકરવાસના મોહન વચ્ચે પ્રણયસંબંધ બંધાતા નાતની બીકે કૂવામાં પડી આત્મહત્યા કરે છે.તેથી બન્ને વાસ વચ્ચે તંગદિલીભરી પરિસ્થિતિનું નિર્માણ થાય છે એટલુ જ નહી કાળા અને વાલા વચ્ચેના વર્ષો જૂના

ઘરાકવટીના સંબંધમાં પણ તીરાડ પડે છે.અહી આપણે આંતરજ્ઞાતિય લગ્નનો પ્રશ્ન પણ જોઈ શકીયે.સવર્ણ અને દલિતસમાજ વચ્ચે લગ્નસંબંધની વાતતો દૂર રહી અહી તો દલિતસમાજમાં પણ જોવા મળતી વણકર,ચમાર,ગરો જેવી જ્ઞાતિઓ વચ્ચેના અંદરોઅંદરના લગ્નસંબંધ તિરસ્કારપૂર્ણ છે.ઉચનીચની ભાવનાના મૂળિયા એટલે ઊંડેસુધી પ્રસરેલા છે કે નિમ્ન જ્ઞાતિઓ પણ અંદરોઅંદરના લગ્નસંબંધથી છોછ-નાનમ અનુભવે છે.કંકુ અને મોહન એકબીજાને ચાહે છે પણ બન્ને વચ્ચે બંધાયેલા આ સંબંધને સમાજ સ્વીકારી શકતો નથી તેથી જ કૂવામાં પડી આત્મહત્યા કરે છે.વાર્તાંતે બન્ને વાસ વચ્ચે સમાધાન થાય છે.મોહનના અંતિમ સંસ્કાર માટે ગરોબ્રાહ્મણની જરુરિયાત ઊભી થતા ગરોવાસમાં કહેણ મોકલવામાં આવે છે.વાલો પોતાની દીકરીનુ દુઃખ ભુલી પોતાના ઘરાક કાળાની ઘરાકવટી નિભાવવાનું નક્કી કરે છે.

બૅટઃ

આ વાર્તા'ભેલાણ'વાર્તાસંગ્રહમાં ગ્રંથસ્થ કરવામાં આવી છે.કાયદો અને વ્યવસ્થાની જાળવણીનુ કામ કરનારા કહેવાતા ચોકીદારો નિર્દોષ વ્યક્તિઓને ગુનેગાર ઠેરવી એમની સાથે જે અમાનવીયતાભર્યુ વર્તન કરે છે એ બાબત આ વાર્તામાં નિરુપિત થવા પામી છે.રાજકારણ અને સત્તા વચ્ચેની સાંઠગાંઠ નિર્દોષ વ્યક્તિઓનો ભોગ લેતી હોય છે એનુ ચિત્ર આ વાર્તામાં પ્રગટ થવા પામ્યુ છે.શહેરમાં રહેતી અને જેમને ચોરજાતિથી ઓળખવામાં આવે છે એવી ઝૂપડપટ્ટીમાં વસતી પ્રજાને વગર વાંકગુને ઘણુબધુ સહન કરવુ પડતુ હોય છે.મેદાનના અભાવે શાળાના ધાબા પર ક્રિકેટ રમતા ઝૂપડપટ્ટીના બાળકો સાથે કાઈક આવુ જ થાય છે.ક્રિકેટ રમતા દડો રસ્તેથી પસાર થતા પોલીસના માથા પરથી વાગ્યા વિના પસાર થાય છે.તેમ છતા પોલીસ ઈન્સપેક્ટર બાળકો સાથે તોછડાઈપૂર્વક વર્તે છે.તેમને ધમકાવે છે એટલુ જ નહી દડો મારનાર મનુને થપ્પડો પણ મારે છે અને બેટ લઈ લે છે.દિવાળીના કપડાના બદલામાં બેટ લેનાર મનુ બેટ પાછુ મેળવવા પોતાના વિસ્તારના રાજકારણી નેતા અને સમાજસેવક માધુભાઈ મારફતિયાને મળે છે.રાજકારણી હોવાના લીધે બાળકો પ્રત્યે હમદર્દી બતાવવાના બદલે પોતાના રાજકારણનો એક મુદ્દો બનાવે છે.માધુભાઈ પોલીસને બેટ પાછુ આપી દેવાની હિમાયત કરે છે.પોલીસ બેટ પાછુ આપી દેવા બે શરતે તૈયાર થાય છે.પહેલી શરત એ કે દરવાજા પાસે વાંકાવળી ઊભા રહેવુ અને ઉપર બેટ સતત એક કલાક મૂકવુ જો પડી જાય તો બીજો એક કલાક વધારે.બીજી શરત એ કે ઈન્સપેક્ટર કહે ત્યા સુધી રોડ ઉપર ઊભા રહી ઊઠબેસ કરવાની.બેટ પોતાને પ્રિય હોવા છતા મનુ વગર વાંકગુને કાઈ પણ સહન ન કરવાની પોતાના બાપે આપેલી શિખામણ પ્રમાણે વર્તે છે.બાપના શબ્દો તરત તેના કાનમાં ગુંજે છે."'ખોટુ માથે ન લેતા...'આ તો બોલ વગાડ્યો નથી,છતા બોલ માર્યાની સજા કરે છે...'સ્વમાની,ખુદ્દારી...'બાપાનો ચહેરો એની નજર સામે આવી ગયો.'મોત આવે તોય ખોટું...માથે ના લેતા...રઝળી...રવળી..[૯૦]સ્વમાનને ખાતર બાળક મનુ પોલીસના જુલમને સહન ન કરતા બેટ લીધા વિના જતો રહે છે.આમ,વગર વાંકગુને સજાનો ભોગ બનતા મનુષ્યની સંવેદનાનું તો સાથોસાથ સ્વમાનને ખાતર ખોટું માથે ન લેતા મનુ જેવા વ્યક્તિત્વનું નિરુપણ આ વાર્તામાં કરવામાં આવ્યુ છે.

સંદર્ભ સૂચિઃ


૧.ગુજરાતી દલિત સાહિત્યના લેખાં-જોખાં,સંપાદકઃનાથાલાલ ગોહિલ,ગુજરાત સાહિત્ય અકાદમી,પ્ર.આ.૨૦૧૦,પૃ.૭૫

૨.ડર,દલપત ચૌહાણ,હર્ષ પ્રકાશન,પ્ર.આ.૨૦૦૯,પ્રસ્તાવના

૩.એજન,પ્રસ્તાવના

૪.પ્રત્યક્ષ,સંપાદકઃરમણ સોની,એપ્રિલ-જૂન ૨૦૧૪,પૃ.૧૦

૫.મૂંઝારો,દલપત ચૌહાણ,હર્ષ પ્રકાશન,પ્ર.આ.૨૦૦૨,પૃ.૧૬૦

૬.એજન,પૃ.૧૬૧

૭.એજન,પૃ.૧૬૭

૮.એજન,પૃ.૧૬૧

૯.એજન,પૃ.૧૬૧

૧૦.એજન,પૃ.૧૬૭

૧૧.એજન,પૃ.૧૬૭

૧૨.એજન,પૃ.૧૬૯

૧૩.એજન,પૃ.૧૬૯

૧૪.એજન,પૃ.૧૬૫/૧૬૬

૧૫.એજન,પૃ.૧૬૯

૧૬.એજન,પૃ.૧૬૯

૧૭.એજન,પૃ.૧૬૯

૧૮.ગુજરાતી દલિત સાહિત્યના લેખાં-જોખાં,સંપાદકઃનાથાલાલ ગોહિલ,ગુજરાત સાહિત્ય અકાદમી,પ્ર.આ.૨૦૧૦,પૃ.૭૧

૧૯.મૂંઝારો,દલપત ચૌહાણ,હર્ષ પ્રકાશન,પ્ર.આ.૨૦૦૨,પૃ.૧૮૦

૨૦.એજન,પૃ.૧૮૦

૨૧.એજન,પૃ.૧૮૦

૨૨.ગુજરાતી નવલિકા ચયન ૧૯૯૯,સંપાદકઃયોગેશ જોષી,પ્ર.આ.૨૦૦૧,પૃ.૧૮

૨૩.ભેલાણ,દલપત ચૌહાણ,ગુર્જર પ્રકાશન,પ્ર.આ.૨૦૧૩,પૃ.૫૬

૨૪. પ્રત્યક્ષ,સંપાદકઃરમણ સોની,એપ્રિલ-જૂન ૨૦૧૪,પૃ.૧૧

૨૫.એજન,પૃ.૧૧

૨૬.ભેલાણ,દલપત ચૌહાણ,ગુર્જર પ્રકાશન,પ્ર.આ.૨૦૧૩,પૃ.૫૦

૨૭.એજન,પૃ.૫૦

૨૮.એજન,પૃ.૫૮

૨૯. મૂંઝારો,દલપત ચૌહાણ,હર્ષ પ્રકાશન,પ્ર.આ.૨૦૦૨,પૃ.૧૮૫

૩૦. ડર,દલપત ચૌહાણ,હર્ષ પ્રકાશન,પ્ર.આ.૨૦૦૯,પૃ.૬

૩૧. ડર,દલપત ચૌહાણ,હર્ષ પ્રકાશન,પ્ર.આ.૨૦૦૯,પૃ.૭

૩૨.દલિત ચેતનાની અનુઆધુનિક વાર્તાઓ,કનુ ખડદિયા,ડિવાઇન પબ્લિકેશન,પ્ર.આ.૨૦૧૬,પૃ.૧૧૯/૧૨૦

૩૩. ડર,દલપત ચૌહાણ,હર્ષ પ્રકાશન,પ્ર.આ.૨૦૦૯,પૃ.૮

૩૪. ડર,દલપત ચૌહાણ,હર્ષ પ્રકાશન,પ્ર.આ.૨૦૦૯,પૃ.૫

૩૫.ગુજરાતી દલિત ટૂંકીવાર્તાઓ,સંપાદકઃદલપત ચૌહાણ,પૃ.૮

૩૬. મૂંઝારો,દલપત ચૌહાણ,હર્ષ પ્રકાશન,પ્ર.આ.૨૦૦૨,પૃ.૬

૩૭.એજન,પૃ.૪

૩૮.એજન,પૃ.૪

૩૯.એજન,પૃ.૧

૪૦.ગુજરાતી દલિત ટૂંકીવાર્તાઓ,સંપાદકઃમોહન પરમાર,હરીશ મંગલમ,પ્ર.આ.૧૯૮૭,પૃ.૧૭૬

૪૧. મૂંઝારો,દલપત ચૌહાણ,હર્ષ પ્રકાશન,પ્ર.આ.૨૦૦૨,પૃ.૧

૪૨. મૂંઝારો,દલપત ચૌહાણ,હર્ષ પ્રકાશન,પ્ર.આ.૨૦૦૨,પૃ.૨

૪૩.એજન,પૃ.૧

૪૪.એજન,પૃ.૬

૪૫.એજન,પૃ.૮૭

૪૬.એજન,પૃ.૮૭

૪૭.એજન,પૃ.૮૮

૪૮.ગુજરાતી દલિત સાહિત્યઃસ્વાધ્યાય અને સમીક્ષા,સંપાદકઃહરીશ મંગલમ અને અન્ય,પૃ.૨૫૨

૪૯. મૂંઝારો,દલપત ચૌહાણ,હર્ષ પ્રકાશન,પ્ર.આ.૨૦૦૨,પૃ.૯૫

૫૦.એજન,પૃ.૯૬

૫૧.એજન,પૃ.૯૮

૫૨.એજન,પૃ.૧૦૩

૫૩.એજન,પૃ.૧૦૩

૫૪.એજન,પૃ.૧૦૩

૫૫.પ્રતિનિધિ દલિત વાર્તા,સંપાદકઃહરીશ મંગલમ,પ્રસ્તાવના લેખ

૫૬.હયાતી,સંપાદકઃહરીશ મંગલમ અને અન્ય,ડિસેમ્બર ૨૦૦૧,પૃ૨૪/૨૫

૫૭. દલિત ચેતનાની અનુઆધુનિક વાર્તાઓ,કનુ ખડદિયા,ડિવાઈન પબ્લિકેશન,પ્ર.આ.૨૦૧૬,પૃ.૫૩

૫૮. મૂંઝારો,દલપત ચૌહાણ,હર્ષ પ્રકાશન,પ્ર.આ.૨૦૦૨,પૃ.૮૧

૫૯.એજન,પૃ.૮૧

૬૦.પ્રતિબદ્ધ,ભરત મહેતા,રાવલ પ્રકાશન,પ્ર.આ.૨૦૦૫,પૃ.૪૯

૬૧. ભેલાણ,દલપત ચૌહાણ,ગુર્જર પ્રકાશન,પ્ર.આ.૨૦૧૩,પૃ.૩૭

૬૨.એજન,પૃ.૪૫

૬૩. પ્રત્યક્ષ,સંપાદકઃરમણ સોની,એપ્રિલ-જૂન ૨૦૧૪,પૃ.૧૧

૬૪. મૂંઝારો,દલપત ચૌહાણ,હર્ષ પ્રકાશન,પ્ર.આ.૨૦૦૨,પૃ.૧૯૩

૬૫.એજન,પૃ.૧૯૪

૬૬.એજન,પૃ.૧૯૬

૬૭.એજન,પૃ.૧૯૯

૬૮.એજન,પૃ.૧૯૯

૬૯. એજન,પૃ.૨૦૧

૭૦. એજન,પૃ.૨૦૧

૭૧. એજન,પૃ.૨૦૨

૭૨. એજન,પૃ.૨૦૨

૭૩. એજન,પૃ.૨૦૨

૭૪. એજન,પૃ.૨૦/૨૧

૭૫. એજન,પૃ.૨૯

૭૬. એજન,પૃ.૧૯૯

૭૭.ડર,દલપત ચૌહાણ,હર્ષ પ્રકાશન,પ્ર.આ.૨૦૦૯,પૃ.૨૨

૭૮.એજન,પૃ.૨૪

૭૯.એજન,પૃ૧૮

૮૦.એકવચન,હરીશ મંગલમ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્ર.આ.૨૦૦૩,પૃ.૩૦.

૮૧.દર્પણ,અરવિંદ વેગડા,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્ર.આ.૨૦૦૫,પૃ.૫૧

૮૨. મૂંઝારો,દલપત ચૌહાણ,હર્ષ પ્રકાશન,પ્ર.આ.૨૦૦૨,પૃ.૧૦૫

૮૩.એજન,પૃ.૧૦૬

૮૪.એજન,પૃ.૧૦૭

૮૫.એજન,પૃ.૧૧૧

૮૬.એજન,પૃ.૧૧૭

૮૭. એકવચન,હરીશ મંગલમ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્ર.આ.૨૦૦૩,પૃ.૩૨

૮૮. દર્પણ,અરવિંદ વેગડા,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્ર.આ.૨૦૦૫,પૃ.૫૪

૮૯. ભેલાણ,દલપત ચૌહાણ,ગુર્જર પ્રકાશન,પ્ર.આ.૨૦૧૩,પૃ.૧૧૮